
વર્ષ - ૪, અંક - ૨, સળંગ અંક - ૩૮ દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતું માસિક એપ્રિલ : ૨૦૧૫

સતપંથ પ્રકાશ




સં. ૨૦૭૧ના ચૈત્ર સુદ-૨, રવિવાર, તા. ૨૨-૩-૨૦૧૫ના અમૃત મહોત્સવ (સંઘમેળા) પ્રસંગે પદયાત્રી સંઘોનાં સ્વાગત-સામૈયાં માટે જઈ રહેલ પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા સંતો-મહંતો તેમજ હરિભક્તો (પ્રેરણાપીઠ તીર્થધામ- પીરાણા)

છૂટક કિંમત રૂ. ૯/-, વા.લ. રૂ.૧૦૦/-

વર્ષ - ૪, અંક - ૨, સળંગ અંક - ૩૮ દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતું માસિક એપ્રિલ : ૨૦૧૫

સતપંથ પ્રકાશ



સં. ૨૦૭૧ના ચૈત્ર સુદ-૨, રવિવાર, તા. ૨૨-૩-૨૦૧૫ના અમૃત મહોત્સવ (સંઘમેળા) પ્રસંગે પદયાત્રી સંઘોનાં સ્વાગત-સામૈયાં માટે જઈ રહેલ પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા સંતો-મહંતો તેમજ હરિભક્તો (પ્રેરણાપીઠ તીર્થધામ- પીરાણા)

છૂટક કિંમત રૂ. ૯/-, વા.લ. રૂ.૧૦૦/-

જાહેર આમંત્રણ

સતપંથ પ્રેરણાપીઠના એકવીસમા ગાદીપતિ

પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજની ઓગણત્રીસમી પુણ્યતિથિ મહોત્સવ

પ્રેરણાણીઠ - પીરાણા, તા. દસક્રોઈ, જી. અમદાવાદ. (તા. ૧૪-૫-૨૦૧૫)

પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજના શિષ્યમંડળ તેમજ ભાવિક ભક્તજનો જોગ



● પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજ ●

સહર્ષ જણાવવાનું કે શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજીની કૃપા અને સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજની પ્રેરણાથી, પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી પ.પૂ. બ્રહ્મલીન આચાર્યશ્રી સવજીદાસજી મહારાજની ઓગણત્રીસમી પુણ્યતિથિ ઉજવવાનું આયોજન સં. ૨૦૭૧, વૈશાખ વદ-૧૧ ને ગુરુવાર તા. ૧૪-૫-૨૦૧૫ ના દિવસે પ્રેરણાપીઠ - પીરાણા મધ્યે રાખવામાં આવેલ છે. તો સૌ શિષ્યમંડળ તથા ધર્મપ્રેમી ભાવિક ભક્તજનોને મહોત્સવનો ધર્મલાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

:: કાર્યક્રમસૂચિ ::

તા. ૧૩-૫-૨૦૧૫ બુધવાર	સાંજે	૮-૦૦ કલાકે	ભજન-સત્સંગ (ગુરુવર્યની સમાધિ સ્થળે)
તા. ૧૪-૫-૨૦૧૫	સવારે	૬-૦૦ કલાકે	અલ્પાહાર
ગુરુવાર	સવારે	૭-૦૦ કલાકે	પ.પૂ. બ્રહ્મલીન મહારાજનાં પૂજન-અર્ચન-આરતી
	સવારે	૮-૦૦ કલાકે	પ્રાસંગિક પ્રવચનો અને મંતવ્યો
	સવારે	૯-૦૦ કલાકે	મહાપૂજા, શિષ્યમંડળ પરિચય
	બપોરે	૧૧-૦૦ કલાકે	બ્રહ્મભોજન-મહોત્સવ પૂર્ણાહુતિ

પુણ્યતિથિ મહોત્સવના બ્રહ્મભોજનના દાતા :

(૧)શ્રી બાબુભાઈ શામજીભાઈ પટેલ - રવિપુરાકંપા - ઈટાડી.
(૨)શ્રી અંબાલાલભાઈ શામજીભાઈ પટેલ - રવિપુરાકંપા - ઈટાડી
(૩)શ્રી ડાહ્યાભાઈ માધાભાઈ પટેલ - રવિપુરાકંપા - ઈટાડી
(૪)શ્રી રમણભાઈ માધાભાઈ પટેલ - રવિપુરાકંપા - ઈટાડી

સવારના ચા-નાસ્તાના દાતા

શ્રી અંબાલાલભાઈ મનજીભાઈ પટેલ - ભવાનીપુરા, બાલાશિનોર
શ્રી મોહનભાઈ માવજીભાઈ પટેલ - ભવાનીપુરા, બાલાશિનોર
શ્રી પરસોત્તમભાઈ માવજીભાઈ પટેલ - ભવાનીપુરા, બાલાશિનોર
શ્રી નરસિંહભાઈ મનજીભાઈ પટેલ - ભવાનીપુરા, બાલાશિનોર
શ્રી દશરથભાઈ માવજીભાઈ પટેલ - ભવાનીપુરા, બાલાશિનોર
શ્રી સવજીભાઈ મનજીભાઈ પટેલ - ભવાનીપુરા, બાલાશિનોર

નિમંત્રક
બ્રહ્મલીન પ.પૂ. આચાર્યશ્રી
સવજીદાસજી મહારાજના શિષ્યમંડળ વતી,
પ.પૂ. મહંતશ્રી રવિદાસજી મહારાજ
- પ્રેરણાપીઠ, પીરાણા.

સંપર્ક : શ્રી રમણભાઈ માધાભાઈ પટેલ : મો. ૦૯૮૨૫૦૬૨૬૬૮
શ્રી સુરેશભાઈ મેઘજીભાઈ પટેલ : મો. ૦૯૪૨૬૮૯૦૨૬૨
શ્રી જશુભાઈ દેવશીભાઈ પટેલ : મો. ૦૯૪૨૭૦૮૧૬૮૮

અમૃત મહોત્સવ (સંઘમેળો) - પાવન તીર્થધામ - પ્રેરણાપીઠ - પીરાણા, અમદાવાદ.

સં. ૨૦૭૧, ચૈત્ર સુદ - ૨, રવિવાર, તા. ૨૨-૩-૨૦૧૫




ઉપરોક્ત પ્રસંગે પદયાત્રી સંઘોનાં સ્વાગત-સામૈયાં કરતા પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ



ઉપરોક્ત પ્રસંગે ધર્મસભામાં બિરાજમાન સંતો-મહંતો



પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ



પૂ. મહામંડલેશ્વર શ્રી જનાર્દનહરિજી મહારાજ



પૂ.યોગાચાર્ય શ્રી પ્રેમદાસબાપુ



પૂ. સંત શ્રી શામજીદાદા

ઉપરોક્ત પ્રસંગે ધર્મસભામાં આશીર્વચન પાઠવતા સંતો




ઉપરોક્ત પ્રસંગે ધર્મસભામાં બિરાજમાન ભાવિક હરિભક્તો

અમૃત મહોત્સવ (સંઘમેળો) - પાવન તીર્થધામ - પ્રેરણાપીઠ - પીરાણા, અમદાવાદ.

સં. ૨૦૭૧, ચૈત્ર સુદ - ૨, રવિવાર, તા. ૨૨-૩-૨૦૧૫



ઉપરોક્ત પ્રસંગે સૌનું સ્વાગત કરતા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વી. પટેલ





ઉપરોક્ત પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા મા. ધારાસભ્યશ્રી બાબુભાઈ પટેલ - દસક્રોઈ તથા મા. જજસાહેબ - રાજકોટ



ઉપરોક્ત પ્રસંગે સૌનો આભાર વ્યક્ત કરતા શ્રી હરિભાઈ એમ. પટેલ



સત્‌પંથ ધર્મના પ્રચાર-પ્રસારના ભાગરૂપે મોબાઈલ એપ્લીકેશન લોંચ કરતા પૂ. જગદ્‌ગુરુશ્રી તથા સંતો-મહંતો



સત્‌પંથ ધર્મના પ્રચાર-પ્રસારના ભાગરૂપે મોબાઈલ એપ્લીકેશનની માહિતી આપતા શ્રી શાંતિભાઈ ડી. પટેલ - મુંબઈ



ઉપરોક્ત પ્રસંગના બ્રહ્મભોજનના દાતાઓનું પુરસ્કાર દ્વારા સન્માન કરતા પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જ્યોતિ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

મુ. નટવરપુરા લાટ, તા. બાલાશિનોર, જી. મહિસાગર (તા. ૨૬-૩-૨૦૧૫)





ઉપરોક્ત પ્રસંગે સંતોનાં ભવ્ય સ્વાગત - શોભાયાત્રા



ઉપરોક્ત પ્રસંગે મંચસ્થ બિરાજમાન સંતો - મહંતો





ઉપરોક્ત પ્રસંગે વૈદિક મંત્રોચ્ચાર સહ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના સિંહાસનની પ્રાણ પ્રતિષ્ઠા - આદ્યશક્તિ જ્યોતિ પ્રાગટ્ય વિધિ - ત્રિદેવ જ્યોતિ પ્રાગટ્ય વિધિ - પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ ઉપસ્થિત સંતોના સાનિધ્યમાં કરી રહ્યા છે.




ઉપરોક્ત પ્રસંગે ધર્મસભામાં ધર્મલાભ લેતા ભાવિક હરિભક્તો



ડૉ. જયકુમાર અમૃતલાલ રૂડાણી
(B.D.S.)

હાર્દિક અભિનંદન

રૂડાણી પરિવારનું ગૌરવ

આપશ્રીએ RAJASTHAN UNIVERSITY OF HEALTH SCIENCE (RAJASTHAN STATE) વર્ષ જાન્યુઆરી 2015 માં B.D.S. Degree First Class સાથે ઉત્તીર્ણ થઈ સમગ્ર રૂડાણી પરિવાર તથા સમાજનું નામ રોશન કર્યું છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ આશીર્વાદ. જીવનમાં આરોગ્ય ક્ષેત્રે પ્રગતિના સોપાન સર કરતા રહો એવા અંતરના આશિષ.

શુભેચ્છકો

શાન્તાબેન રતનશીભાઈ રૂડાણી (દાદા-દાદી)
ભગવતીબેન અમૃતલાલ રૂડાણી (માતા-પિતા)
અજયકુમાર અમૃતલાલ રૂડાણી (ભાઈ)

નર્મદાબેન ભાવેશભાઈ લીંબાણી (ફઈ-ફુઆ)
જયાબેન દિનેશભાઈ સામાણી (ફઈ-ફુઆ)
ભગવતીબેન દિનેશભાઈ વેલાણી (ફઈ-ફુઆ)
દમયંતીબેન વિનોદભાઈ રામજીયાણી (ફઈ-ફુઆ)

તથા સમસ્ત રૂડાણી પરિવાર....
ગામ: નાના અંગીયા, તા. નખત્રાણા, જી. કચ્છ.



ચેતન પરસોત્તમભાઈ કેશરાણી
(C.A.) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,
નાનાઅંગીયા (નખત્રાણા-કચ્છ)

હાર્દિક અભિનંદન

કેશરાણી (રૂડાણી) પરિવારનું ગૌરવ

આપશ્રીએ C.A. ની ગૌરવવંતી પરીક્ષા પ્રથમ પ્રયત્ને સમગ્ર વડોદરા (સીટી)માં પાંચમા સ્થાને પાસ થઈ સમગ્ર કેશરાણી (રૂડાણી) પરિવારનું નામ રોશન કર્યું છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ આશીર્વાદ. જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ સાથે આપની કારકિર્દી વધુ ઉજ્જવળ બનતી રહે તેવી શુભેચ્છા સહ અંતરની આશિષ.

શુભેચ્છકો

દાદી - ગં.સ્વ. કંકુબેન નથ્થુભાઈ કેશરાણી
(માતા-પિતા) લીલાબેન પરસોત્તમભાઈ કેશરાણી
(મોટાં માતા-પિતા) પ્રેમિલાબેન કરમશીભાઈ કેશરાણી
(મોટાં માતા-પિતા) અમૃતબેન રમેશભાઈ કેશરાણી

(ભાઈ-ભાભી) સુમિતાબેન જગદીશભાઈ કેશરાણી
(ભાઈ-ભાભી) ચંદ્રિકાબેન દિપકભાઈ કેશરાણી
(બેન) આરતી પરસોત્તમભાઈ કેશરાણી
(ભત્રીજા) આદિતી, આર્ચ તથા સમસ્ત કેશરાણી પરિવાર

મુ. નાના અંગીયા, તા. નખત્રાણા (કચ્છ)

સત્પંથ પ્રકાશ | એપ્રિલ - ૨૦૧૫

વર્ષ : ૪, અંક : ૨ સળંગ અંક : ૩૮

:: સત્પંથ પ્રકાશ - લવાજમ દર ::

		ભારતમાં		વિદેશમાં
વાર્ષિક	:	૧૦૦=૦૦	:	૭૦૦=૦૦
ત્રિવાર્ષિક	:	૨૫૦=૦૦	:	૧૮૦૦=૦૦
આજીવન	:	૮૫૦=૦૦	:	૪૦૦૦=૦૦
અમર	:	૧૫૦૦=૦૦	:	૭૦૦૦=૦૦

:: પ્રકાશક ::

સત્પંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ-પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ-૩૮૨૪૨૫. ફેક્સ : ૦૨૭૧૮-૨૮૮૮૭૨
સંપર્ક : ધર્મેન્દ્ર પટેલ - બુકસ્ટોલ મો. ૯૪૨૭૩૭૧૯૪૦ ફોન: ૦૨૭૧૮-૨૮૮૮૧૨

E-mail : premapith@gmail.com
kkp_pirana@yahoo.com
(Contact : Mob. No. 9909508029)

Website : www.satpanth.org
www.satpanthprakashan.org
www.nishklankinarayan.com

કુરીયર્સ : મારૂતિ કુરીયર્સ, બારેજા - અમદાવાદ.
C/o. સત્પંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ-પીરાણા.
સંપર્ક : ધર્મેન્દ્ર પટેલ - બુક સ્ટોલ
મો. ૯૪૨૭૩૭૧૯૪૦ ફોન : ૦૨૭૧૮-૨૮૮૮૧૨

ડીઝાઈન અને ટાઈપ સેટીંગ : અતુલ એસ. રાણા.

મુદ્રક : સ્મૃતિ ઓફસેટ : બી-૫/૬/૭, રવિ એસ્ટેટ, રૂસ્તમ મિલ કંપાઉન્ડ, ટોરેન્ટો પાવરની બાજુમાં, દુધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪, ફોન : (૦૭૯) ૨૫૬૩૦૩૭૨/૭૩

મૂળ ક્રમ : વર્ષ : ૨૨, અંક : ૬, સળંગ અંક : ૨૫૮

સંપાદકીય.....

પ્રેરણા

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય વિજયેતેતરામ ॥

મનુષ્યતાનું બીજું નામ સજ્જનતા છે. જેમાં સજ્જનતા અને સંસ્કાર નથી તેને નરપશુ જ કહેવો પડશે. સજ્જનતાનો પ્રારંભ મધુર વાણી અને વિનમ્ર તથા શિષ્ટ વ્યવહારથી થાય છે. નાના મોટાં, ઊંચ-નીચ બધાની સાથે શિષ્ટ વ્યવહારથી થાય છે, જ્યારે પણ કોઈને મળીએ અથવા કોઈ આપણને મળે ત્યારે પ્રસન્નતા વ્યક્ત કરીને, હસીને તેનું અભિવાદન કરવું જોઈએ. યોગ્ય અભિવાદન કરવું સામાન્ય શિષ્ટાચારનું જરૂરી અંગ છે. બંને હાથ જોડીને હૃદય સામે રાખવા તથા માથુ નમાવીને નમન કરવાથી એ જાહેર થાય છે કે આપણે મન, બુધ્ધિ અને હૃદયથી તેમનું અભિવાદન કરી રહ્યા છીએ. એ પ્રમાણે અરસ-પરસ્પર પ્રેમ, વિશ્વાસ અને આત્મીયતાની વૃધ્ધિ થાય છે.

આપણાથી નાના માણસોને પણ આપ અથવા તમે કહીને પ્રેમ તથા સ્નેહપૂર્વક તેમનું અભિવાદન કરવું તે તેમનામાં આત્મવિશ્વાસને વધારે છે. બીજાઓની ઉંમર, શિક્ષણ, ધન અથવા પદનો વિચાર કર્યા વગર એકબીજા પ્રત્યે નમ્રતા અને આદરભર્યો વ્યવહાર જ કરવો જોઈએ.

શ્રેષ્ઠ, ઉદાર સજ્જન અને સંસ્કારી પ્રકૃતિના મનુષ્ય હંમેશાં બીજાઓનો આદર કરે છે અને દરેકને સન્માન અને મીઠાશભર્યા શબ્દો બોલે છે. સજ્જનતાથી આપણે બીજાઓનો આદર મેળવી શકીએ છીએ, તેમને આપણા બનાવી શકીએ છીએ અને આવા જ શિષ્ટ - સંસ્કારી વ્યવહારની આશા પણ કરી શકીએ છીએ. સજ્જનતા અને સંસ્કારીતામાં જ મનુષ્યની વાસ્તવિક મોટાઈ સમાયેલી છે અને તેનું પ્રમાણ મીઠી વાણી અને શિષ્ટ - સંસ્કારી વ્યવહારથી જ મળી શકે છે.

સંપાદક : શ્રી શામજીભાઈ કે. પટેલ

●●●



પ્રાર્થના



હે નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજી ! આપ આ સર્વ જગતના આશ્રયદાતા અને પાલનકર્તા છો, ઉત્પત્તિ અને લયકર્તા પણ આપ જ છો, આપ પરાત્પર, નિશ્ચલ અને નિર્વિકલ્પ છો, પ્રાણીમાત્રના ગતિરૂપ અને પાવનના પાવન આપ જ છો, ઉચ્ચ નિયંતા પણ આપ જ છો !

હે નિષ્કલંકી નાથ જીવનસાક્ષી પ્રભુ ! હું આપનું જ સ્મરણ કરું છું, ઉપાસના કરું છું અને નમસ્કાર કરું છું, હું આપનો દાસાનુદાસ છું, આપનો આશ્રિત છું, સર્વત્ર આપ જ છો ! તેથી આપ મારી દુર્વાસનાનો નાશ કરી મને આપના ચરણકમલમાં આશ્રય આપો પ્રભુ !! આશ્રય આપો પ્રભુ...!!!

●●●

સધાર્મિક અનુયાયી જોગ

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની કૃપા એવં સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજની પ્રેરણા અને પ.પૂ. જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી સૌ ભાવિક હરિભક્તજનોને જણાવતા આનંદ થાય છે કે આપણા સનાતન સત્પંથ ધર્મનો મુખ્ય ગુરુદ્વારો પાવન તીર્થધામ તપોભૂમિ પ્રેરણાપીઠ-પીરાણામાં છે. વેદના આધારે આખરનું સ્થાન આ પવિત્ર ભૂમિ ગણાય છે. ભક્તિ માટે ગુરુત્વાકર્ષણ બળ આ તપોભૂમિમાં છે. વેદ અને વૈજ્ઞાનિક આધારે સિધ્ધ થયેલું આ પૂર્ણ પાવન તીર્થ સ્થાન છે. ભૂતકાળમાં અનેક મહાપુરુષોએ - હરિભક્તોએ આ પાવન તીર્થધામમાં જપ, તપ અને અનુષ્ઠાનો કર્યાં હતાં. તેથી આ તપેશ્વરી તીર્થભૂમિના પ્રતાપે મહાપુરુષો જે કંઈ આશીર્વાદ આપતા તેથી સૌની મનોકામનાઓ અને ઈચ્છિત કાર્યો પરિપૂર્ણ થતાં તેમજ આજે પણ સદ્ગુરુશ્રીની કૃપાથી ઈચ્છિત કાર્યો - મનોકામનાઓ પૂર્ણ થાય છે.

આવી જ દૈવી કૃપા (વાયબ્રેશન) આપણ સૌને હજુ પણ વિશેષ મળે, તેમજ સૌમાં ભક્તિ તેમજ પરમાત્મા સાથે નામ સ્મરણની લાગણી વધુ પ્રબળ બને તે હેતુસર પ.પૂ. જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી આપણા પાવન તીર્થધામ પ્રેરણાપીઠમાં અગીયાર દિવસીય ભક્તિ -અનુષ્ઠાનનું આયોજન નક્કી કરવામાં આવ્યું છે. તો જે ભાવિક ભક્તજનોએ પ્રેરણાપીઠ - પીરાણામાં ભક્તિ - અનુષ્ઠાન કરવાનું હોય તેમને સંસ્થા તરફથી નિયત કરેલ નીતિ - નિયમનું ફોર્મ ભરવાનું રહેશે. આપ સૌ ભક્તિ - અનુષ્ઠાન કરનાર ભક્તજનોને પ્રેરણાપીઠ સંસ્થા આવકારે છે.

લી.

પ.પૂ. જગદ્ગુરુ સત્પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ
તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ
પાવન તીર્થધામ - પ્રેરણાપીઠ - પીરાણા

●●●

નમ્ર નિવેદન

આથી સર્વ સત્પંથી અનુયાયીઓને સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે સત્પંથ પ્રકાશન સમિતિ દ્વારા, યુવા ગૃપ - મુંબઈના ઉપક્રમે મોબાઈલ એપ્લીકેશન સિસ્ટમનું આયોજન કરવામાં આવ્યું છે. તેને માટે સત્પંથના મંદિરોને લગતી માહિતીની આવશ્યકતા હોવાથી નીચે જણાવેલ વિગતોનું ફોર્મ ભરી વહેલામાં વહેલું નીચે જણાવેલ સ્થળ - સરનામે તા. ૨૫-૪-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા કૃપા કરશો.

ફોર્મ

૧. સરનામું : ....
મુ. .... પો. .... તા. ....
જિ. .... પીનકોડ નં. ....

૨. મંદિર સ્થાપના દિવસ :
સંવત .... માસ .... તિથિ .... વાર .... તા. ....

૩. મંદિર જીર્ણોધ્ધાર દિવસ :
સંવત .... માસ .... તિથિ .... વાર .... તા. ....

૪. વાર્ષિક પાટોત્સવ :
માસ .... તિથિ .... તા. ....

૫. ગામમાં / મહોલ્લામાં (વિભાગમાં) સત્પંથી અનુયાયીઓનાં ઘર : ....

૬. ગામમાં / મહોલ્લામાં (વિભાગમાં) સત્પંથી અનુયાયીઓની સંખ્યા : ....

૭. આપના શ્રી નિષ્કલંકી નારાયણ જ્યોતિ મંદિરમાં દૈનિક - સાપ્તાહિક - માસિક - વાર્ષિક જે કોઈ પ્રવૃત્તિ થતી હોય તેની ટૂંકમાં નોંધ.

....

....

....

૮. ગામના સંપર્કકર્તાનું નામ :
મુખી : .... મો. .... ટે.નં. : ....

૯. મંદિરનો ફોટો ફોર્મ સાથે સામેલ કરવો.

નોંધ : (૧) પીનકોડ નંબર અવશ્ય લખવો. (૨) શક્ય હોય ત્યાંસુધી ઈ-મેઈલ દ્વારા ફોર્મની માહિતી મોકલવા કૃપા કરશો. જેથી માહિતી જલદીથી મળી શકે.

ફોર્મ મોકલવાનું સ્થળ / સરનામું :
શ્રી સત્પંથ પ્રકાશન સમિતિ, પ્રેરણાપીઠ - પીરાણા, તા. દસક્રોઈ. જી. અમદાવાદ - પીન - ૩૮૨૪૨૫
E-mail : prernapith@gmail.com

● ભૂતકાળનો વિચાર કરવાથી કંઈ લાભ નથી, તું તારા વર્તમાનને સુધાર ●

જેણે પોતાનું મન સુધાર્યું એ સંત છે

પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજના સત્સંગ પ્રવચનના આધારે

જેઓ જ્ઞાની છે, જેમની અવિદ્યાની ગાંઠ છૂટેલી છે એવા સંતો ભગવાનની ભક્તિ કરે છે. સંતો બોલે છે તે પહેલાં જીવનમાં તેનો અનુભવ કરે છે. તેથી તેમની વાણી સત્ય ઠરે છે. જ્ઞાન જ્યારે ક્રિયાત્મક બને છે ત્યારે અભિમાન મરે છે. જ્ઞાન એ છે જેમાં કોઈ પ્રકારનું અભિમાન નથી. સંત એ છે જેણે પોતાનું મન સુધાર્યું છે.

પરમાત્મા અતિશય કૃપા કરે છે ત્યારે જ મન શુદ્ધ થાય છે. પરમાત્મા કૃપા કરે છે ત્યારે વધારે ધન આપના નથી પણ મનને શુદ્ધ કરે છે. સાધારણ માનવ એવું સમજે છે કે બહુ સંપત્તિ મળે તે ભગવાનની કૃપાનું ફળ. અતિ સંપત્તિ અને સન્મતિ -બે એક ઠેકાણે રહેતાં નથી. અતિ સંપત્તિ અભિમાન પેદા કરે છે.અતિ સંપત્તિવાન કોઈનું અપમાન કરતાં અચકાતો નથી. પરમાત્મા કૃપા કરીને ધન આપતા નથી પણ મન સુધારે છે. આ જગતમાં એટલું પાપ નહિ હોય જેટલું પાપ મનમાં હોય છે. પરમાત્માને વારંવાર કહેજો : 'મારું મન શુદ્ધ કરજો.' મન ચંચળ છે. મન પરમાત્માની લીલામાં રહે તો જ ધીરે ધીરે સુધરે છે. મનનું ઊલટું 'નમ' થશે. નમ અને નામ એ બે સાધનથી મન સુધરે છે. જેનું મન બગડ્યું નથી તેને જગતમાં કોઈ બગડેલું દેખાતું નથી.

જગત બગડ્યું નથી, મન બગડ્યું છે. કદાચ જગત બગડ્યું હોય તો બગડેલા જગતને કોઈ સુધારી શકે નહિ. જે પોતાના મનને સુધારે છે એને જગતમાં બગડેલું કંઈ દેખાતું જ નથી. સૂર્યનારાયણને બધું જ દેખાય છે પણ એમને અંધારું દેખાતું નથી. જેનું મન અતિશય શુદ્ધ છે તેને સર્વમાં પરમાત્માનો જ અનુભવ થાય છે. જે મનને સુધારે તે મહાન બને છે. મન બીકણ છે, એને ભય લાગે તો તે સુધરે છે. સાધારણ માનવને ભય લાગે તો તે પાપ છૂટે છે. માનવીને ભય લાગે તો જ તે ભગવાનની ભક્તિ કરે છે.

નિર્ભય થઈને ગાફલ રહેશો નહિ. જે પોતાને નિર્ભય માને છે તે ગાફલ થાય છે. કાળની બીક રાખવી. મરણના દુઃખનું સ્મરણ કરવું. મૃત્યુ માથે છે છતાં માનવ પાપ કરે છે, કારણ કે જ્યારે મન પાપ કરે છે તે સમયે માનવ એવું સમજે છે કે હું મરવાનો નથી, મને કોઈ પૂછનાર નથી. માનવ રોજ સાંભળે છે કે પેલો ગયો, બીજો જવાની તૈયારીમાં છે, પણ માનવને એવો વિચાર આવતો નથી કે એક દિવસ મારે પણ મરવાનું છે. જગતમાં એ જ બહુ મોટું આશ્ચર્ય છે. પાણીનો પરપોટો છે, ફૂટી જતાં વાર લાગતી નથી. થોડો વિચાર કરશો તો ધ્યાનમાં આવશે કે આ શરીર પાણીના બુંદમાંથી જ ઉત્પન્ન થયું છે. તે ક્યારે ફૂટી જશે તેની ખબર પડતી નથી. કેટલાક લોકો એવું સમજે છે કે તક્ષક નાગ પરીક્ષિતને કરડવા ગયેલો અમને તે કોઈ દિવસ કરડશે નહિ. આ તક્ષક નાગ કોઈને છોડતો નથી. સમય થાય એટલે બધાને કરડવાનો છે. તક્ષક નાગ એ કાળનું સ્વરૂપ છે, કાળ તક્ષક બધાને કરડે છે. જન્મની સાથે જ મૃત્યુનો સમય, સ્થળ અને કારણ નક્કી થાય છે. અમુક કારણથી અમુક જગ્યામાં અમુક સમયે આ શરીર પડશે.

મૃત્યુના ભયનું સ્મરણ મનમાં રાખો. મનને ભય લાગે તો પાપ છૂટે. એવું સાંભળ્યું છે કે જેને ફાંસી આપવાની હોય છે તેને બે કલાક પહેલાં સરકાર તરફથી પૂછવામાં આવે છે : 'તમારી શું ઈચ્છા છે? તમારે મીઠાઈ ખાવી છે?' જે માણસને ખબર છે કે બે કલાક પછી મને સજા થવાની છે, હું મરવાનો છું,એ અંદરથી એટલો બધો ગભરાયેલો રહે છે કે એને સરસ મીઠાઈ આપો પણ એને ખાવાની ઈચ્છા થતી નથી. મરણ માથે છે, મરણ સામું દેખાય છે અને તેથી મન વિષયમાં જવા

● તમારી કોઈ નિંદા કરે તો તમે નિંદા શાંતિથી સહન કરજો ●

ઈચ્છા કરતું નથી. જ્યારે મન પાપ કરે છે ત્યારે એને કહેજો : તારે મરવાનું છે, તને માર પડશે, તું બહુ દુઃખી થઈશ. ખરાબ વિચાર કેમ કરે છે ? તું પાપ કેમ કરે છે ? પાપ કરીને કોઈ સુખી થયો નથી. આજે કોઈ પાપ કરીને પૈસા કમાય અને સુખ ભોગવે એની અંતકાળમાં શું દશા થાય છે ? તમારા મનને બીજો કોઈ સુધારી શકે નહિ. તમારા મનને તમારે સુધારવાનું છે. તમારું મન બીજા કોઈને દેખાતું નથી, તમને જ દેખાય છે. તમારા મનના તમે જ ગુરુ બનો. **'જેણે પોતાનું મન સુધાર્યું છે એ સંત છે.'** મનને સુધારશો તો તમે સંત થશો. જેનો અધિકાર સિદ્ધ થાય છે એને સંત મળે છે; મનુષ્ય સંત બને છે ત્યારે એને સંત મળે છે. સંતના સદ્‌ગુણ જીવનમાં ઉતારો, તમે સંત બનશો. સંતને સંત મળશે. દુર્જનના ઘેર સંત જલદી જાય નહિ, અને કદાચ જાય તો તે દુર્જનને સંતમાં શ્રધ્ધા થાય નહિ; તે સંતને ઓળખી શકે નહિ.

સંત સંતને ઓળખી શકે છે. ભગવાનની કથા કરનાર વક્તા અને કથા શ્રવણ કરનાર શ્રોતાઓ સંત બને. સંત થવા માટે ઘર છોડવાની જરૂર નથી, ધંધો છોડવાની જરૂર નથી. મીરાંબાઈ રાજમહેલમાં રહેતાં હતાં. નરસિંહ મહેતા ઘરમાં રહેતા હતા. ઘરમાં રહીને માનવ સંત થઈ શકે છે. જે પ્રવૃત્તિ એકદમ છોડે છે તે જો આખો દિવસ ભક્તિ ન કરે તો પછી પાપ કરે છે. સંતો સર્વકાળ ભક્તિ કરી શકે છે, પરંતુ આપણા જેવા સાધારણ માનવ છ કલાકથી વધારે ભક્તિ કરી શકે નહિ. પ્રવૃત્તિ છોડશો નહિ. પ્રવૃત્તિ કરો, પૈસા માટે પ્રયત્ન કરો, પણ પાપની બીક રાખીને કરો. પ્રાચીન કાળમાં નામદેવ મહારાજ દરજીનું કામ કરતા હતા. ગોરા કુંભાર માટીનાં વાસણ તૈયાર કરી બજારમાં વેચવા લઈ જતા. કબીરદાસ મહારાજ કપડાં વણવાનું કામ કરતા હતા. આ બધા સંત આરંભમાં ધંધો કરતા હતા, ભક્તિ કરતા હતા. ભક્તિમાં દેહભાન ભૂલાયું, જગત ભૂલાયું અને ત્યારે ધંધો છૂટી ગયો છે.

ફળ પરિપૂર્ણ પરિપક્વ થાય ત્યારે જ ઝાડને છોડે છે. ફળમાં કચાશ હોય ત્યાં સુધી એ ઝાડને પકડી રાખે છે. તેમ ભક્તિ પરિપૂર્ણ પરિપક્વ થાય ત્યારે પછી સંતો સંસારવૃક્ષનો સંબંધ છોડે છે. સંતને જ્યાં સુધી દેહનું ભાન છે ત્યાં સુધી એ કોઈનું મફત લેતા નથી. સંતો એવું માને છે કે બીજાનું મફત ખાય તો બુદ્ધિ બગડે છે. સંતો પરિશ્રમ કરે છે. એ ધંધો કરે છે. ધંધો કરતાં પાપની બીક રાખે છે : મારે પરમાત્માના ચરણે જવું છે, મારે ભગવાનને મળવું છે. જીવનના લક્ષ્યને સંતો ભૂલતા નથી.

કોઈના ઘરે જાઓ ને, તો બેસી રહેશો નહિ, કામ કરજો. કેટલાક લોકો એવા હોય છે કે જમાઈરાજ જેવા બેસી રહે છે. તે ઘરધણીને એમ થાય છે કે હવે આ પીડા જાય તો સારું. કલિયુગના લોકોને હવે કામ અને દામ બે જ વહાલાં લાગે છે. કોઈનું કામ કરશો તો વહાલા લાગશો, કોઈને કંઈ આપશો તો વહાલા લાગશો. કામ કરો, નવરા ન બેસી રહો. જે માણસ નવરો બેસે તે ખરાબ વિચાર કરે છે. નિવૃત્તિમાં જ મન પાપ કરે છે. મનને કોઈ સારા કામમાં પરોવી રાખો.

સંત થવા માટે કપડાં બદલવાની જરૂર નથી. કપડાં બદલવાથી સંત થવાય નહિ. સંત થવા માટે કાળજું બદલવાની જરૂર છે. જેણે પોતાનું મન સુધાર્યું છે તે સંત છે. બીજું બધું બગડે તો ભલે બગડે, મારું મન બગડે નહિ, મારું મન પાપ કરે નહિ, એનું ધ્યાન રાખો. તનની બધા કાળજી રાખે છે; મનની કાળજી રાખે, મનને સાચવે એ જ મહાન બને છે. લોકો કપડાંની કાળજી રાખે છે. કેટલીક માતાઓ તો અથાણાની બહુ કાળજી રાખે છે. વારંવાર અથાણાને જુએ છે. અરે, તમારા મનને જુઓ. અથાણું બગડશે તો બીજું મળશે, પણ મન બગડી જશે તો નવું મન મળશે નહિ. સંતો મનની બહુ કાળજી રાખે છે.

ત્રણ કામ કરશો તો તમે સંત થશો. મનને સાચવજો અને દૃષ્ટિને ગુણમય બનાવજો. જેની દૃષ્ટિ ગુણમય છે, જે કોઈનો દોષ જોતો નથી, તે જ સંત બને છે.

જેને દોષ જોવાની કુટેવ પડે છે તેને સદાય સંતોમાં પણ દોષ દેખાય છે. માનવમાં દોષ વધારે હોય તો તેને જગતમાં દોષ વધારે દેખાય છે. માનવમાં સદ્‌ગુણ વધારે હોય તો તેને સર્વ ઠેકાણે સદ્‌ગુણ વધારે

દેખાય છે. દૃષ્ટિને ગુણમય બનાવો. દોષ જોવાની ઈચ્છા થાય તો તમે તમારા દોષ જુઓ. આપણામાં દોષ કયાં ઓછા છે? ઘણા છે. મનને તપાસશો તો ખબર પડશે કે 'મારા મનમાં કામ બેઠો છે, ક્રોધ બેઠો છે, મનને દ્વેષ બહુ આવે છે, મારા મનમાં મસ્તર છે, મને અદેખાઈ બહુ આવે છે.'

આપણી અંદર ઘણા ભાગે બહુ જ દોષ છે. જગતના દોષ જોવાની જરૂર નથી. બ્રહ્માજીની સૃષ્ટિ ગુણદોષથી ભરેલી છે. નિર્દોષ એક પરમાત્મા છે. જેને દોષ જોવાની કુટેવ પડી છે તેને સંતમાં પણ દોષ દેખાય છે. 'મહારાજને ક્રોધ બહુ આવે છે.' સંભવ છે કે સાધુસંતોને ક્રોધ આવતો હશે, પણ એમના ક્રોધમાં પ્રેમ ભરેલો છે. આપણા જેવો સાધારણ માનવી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે ક્રોધમાં આવે છે, જ્યારે સંત બીજાનું કલ્યાણ કરવા માટે ક્રોધ કરે છે. સંભવ છે કે સાધુસંતમાં તમને કદાચ લોભ દેખાશે. પણ એની પાછળ એનો ભાવ બહુ શુદ્ધ હોય છે. એને સમાજ સેવામાં વાળવાની પ્રભુની પ્રેરણા છે.

સંતમાં પણ દોષ હોય છે; સંતમાં એક પણ દોષ ન રહે તો તે શરીરમાં રહી શકે નહિ. જે પૂર્ણ નિર્દોષ થાય તે પરમાત્માથી અલગ રહી શકતો નથી, એ ભગવાનને મળે છે, એ પરમાત્મા સાથે એકરૂપ થાય છે. માનવીએ એક મોટી ભૂલ કરી છે અને તેથી તે મળમૂત્રથી ભરેલા શરીરમાં આવ્યો છે. શરીરધારી સંતમાં પણ એકાદ દોષ હોય છે. પણ અનેક સદ્ગુણને લીધે, ભક્તિને પ્રતાપે તે દોષ દૂર કરવા માટે સમર્થ હોય છે. ભગવાન સંતમાં એકાદ દોષ રાખે છે. આ માતાઓ જ્યારે બહાર જાય છે ત્યારે બાળકને શૃંગારે છે, તેને નવરાવે છે, સારાં કપડાં પહેરાવે છે. બાળક રડે છે, એને સ્નાન કરવાની ઈચ્છા નથી, એને ઠંડી લાગે છે પણ મા એને નવરાવે છે. બાળકને શૃંગારવામાં માને સુખ થાય છે. બાળકને શૃંગાર્યા પછી મા પ્રેમથી બાળકને જુએ છે. એને જોતાં મા રાજી થાય છે : હવે બાબો બહુ સરસ દેખાય છે; મારે બહાર જવું છે, એને કોઈની નજર ન લાગે. જે મા બાળકને શૃંગારે છે તે જ મા તે બાળકને નજર ન લાગે તે માટે મેંશનું એકાદ ટપકું લગાડે છે. મા જેમ બાળકની કાળજી રાખે છે, તેમ ભગવાન પણ સંતને નજર ન લાગે એ માટે દોષ રૂપી મેશનું એકાદ ટપકું લગાડે છે.

પ્રત્યેકમાં ભગવાનનો એકાદ સદ્ગુણ પણ હોય છે. પશુપક્ષીમાં પણ ભગવાનનો કંઈક સદ્ગુણ હોય છે. આ જીવ ઈશ્વરનો અંશ છે, આ જીવમાં ઈશ્વરનો એક પણ સદ્ગુણ ન હોય તો તે ઈશ્વરનો અંશ ન કહેવાય. સિંહનું બાળક એ સિંહ હોય છે. જીવ ઈશ્વરના જેવો છે. જીવમાં ઈશ્વરનો એકાદ સદ્ગુણ હોય છે. તમે જેને અતિ પાપી માનો છો, તમારી દૃષ્ટિથી જે બહુ નાલાયક છે, દુરાચારી છે, તે પાપી જીવમાં પણ પરમાત્માનો એકાદ સદ્ગુણ હોય છે.

તમારે સંત થવું હોય તો દૃષ્ટિને ગુણમય બનાવો, સર્વમાં સદ્ગુણ જુઓ. દોષ જોવાની કુટેવ પડે છે તેને સાધુ-સંતોમાં પણ શ્રદ્ધા થતી નથી. જેને દોષ જોવાની કુટેવ પડી છે તે ભગવાનની પણ ભૂલ શોધી કાઢે છે. એક પ્રોફેસર સાહેબ કહેતા હતા : 'મહારાજ, મેં રામાયણ વાંચી કાઢ્યું છે. રામાયણમાં લખ્યું છે કે સીતાજી સગર્ભા હતાં ત્યારે રામજીએ એમનો ત્યાગ કર્યો - આ બહુ ખોટું કર્યું છે. સ્ત્રીજાતિનું અપમાન કર્યું છે.' સીતાજી કોઈ દિવસ બોલ્યાં નથી કે રામજીએ ખોટું કર્યું છે. એ તો પ્રોફેસર સાહેબ એમ કહેતા હતા. રામાયણમાં તો એવું વર્ણન છે કે શ્રી સીતાજી રામજીનાં વખાણ કરે છે : રામજીને મારા ઉપર અતિશય પ્રેમ છે, એ કોઈ દિવસ મારો ત્યાગ કરે જ નહિ. એ તો પ્રજાને રાજી રાખવા માટે પ્રભુ લીલા કરે છે. રામજીએ સીતાજીનો ત્યાગ કર્યો જ નથી; રાજાએ રાણીનો ત્યાગ કર્યો છે. રામજી રાજા છે. એક બાજુ શ્રીસીતાજી છે, બીજી બાજુ પ્રજા છે અને મધ્યમાં શ્રીરામ છે. શ્રીરામચંદ્રજીએ વિચાર કર્યો કે રાણીને રાજી કરું કે પ્રજાને? રાજાની ગાદી રાણીને રાજી કરવા માટે નથી, પ્રજાને રાજી કરવા માટે છે. રામચંદ્રજીએ પતિપ્રેમને ગૌણ કર્યો અને રાજધર્મને મહત્ત્વ આપ્યું.

પ્રજાને રાજી કરવા માટે શ્રીરામ શ્રીસીતાજીનો ત્યાગ કરે છે. શ્રીરામ જાણે છે કે સીતાજી નિર્દોષ છે, મહા પતિવ્રતા છે, પણ રામજી વિચારે છે : 'હું રાજા

છું, પ્રજાને રાજી રાખવી એ મારો પ્રથમ ધર્મ છે. પ્રજાના મનમાં મારા માટે કોઈ શંકા થાય છે; તેથી શ્રીરામે સીતાજીનો ત્યાગ કર્યો. સીતાજીને જરાય ખોટું લાગ્યું નથી. શ્રીરામ શ્રીસીતાજીનો ત્યાગ તો શું કરે ! શ્રી સીતારામજી તો સાથે જ વિરાજે છે. એમનો નિત્ય સંયોગ છે.

કોઈના દોષ જોશો નહિ. દોષ જોવાની ઈચ્છા થાય તો અંદર નજર કરો કે મારું મન કેવું છે ? આપણા મનમાં બધા દોષ છે.જેની દષ્ટિ ગુણમય છે, મૃત્યુ માથે છે તે યાદ રાખીને જે પાપ કરતો નથી, કોઈ વ્યવહારનું કામ કરતાં મન બગડે નહિ તેની જે કાળજી રાખે છે, જે મનને સાચવે છે -આ ત્રણ સદ્ગુણ જેના જીવનમાં છે તે સંત છે.

માનવ ઘરમાં રહીને પણ સંત થઈ શકે છે. સંતને સંત મળે છે.જેનો અધિકાર સિદ્ધ થાય છે તેને ભગવાન સંતનાં દર્શન કરાવે છે; અયોગ્યને સંતનાં દર્શન થતાં નથી. અયોગ્યને સંતનાં દર્શન થાય તો તેને સંતના દોષ જ દેખાય છે.

સદ્ગુરુનો દિવ્ય સંદેશ

પ.પૂ. મહંતશ્રી શામળદાસજી મહારાજ, પ્રેરણાપીઠ - પીરાણા.

ઘટમાં તીર્થને ઘટમાં વન, નિર્મળ હોવે જો આપણું મન..
જ્યાં લગી મન શું ફરતા ફરીયે, તીર્થ વનમાં અર્થ નવી સરીયે..
કારણ સઘળું મનનું જાણ, મુનિવર અજાણી શું બોલો વાણ ?
શોધો શાસ્ત્રને વેદ પુરાણ, પૂછો સદ્ગુરુ પંડિત શું જાણ..
તું હી સાચા સાહેબ હો..
મન થર કરો મુનિવરો, થર વિના દુઃખ અપાર,
કારણ સઘળું મન તણું, સદ્ગુરુ કહે રે પોકાર.

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ આપણને સમજાવે છે કે; આપણું મન પવિત્ર હશે, આપણું મન નિર્વિકારી હશે, આપણા મનના વિચારો-ભાવ પવિત્ર હશે તો આપણી ઘટ કાયામાં આવેલા તીર્થોની ઝાંખી થશે. ઘટ તીર્થ એટલે કે ''બ્રહ્માંડે સો પીંડે.'' નિષ્કલંકી ગીતામાં કહ્યું છે કે - આ કાયામાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શક્તિ અને નારાયણનો વાસ છે. નાભિ કમળે ચંદ્ર, હૃદયે સૂર્ય અને શ્વાસ ઉશ્વાસે અલખ ધણીનો વાસ છે. માટે આ ઘટ કાયાનાં તીર્થોના અહેસાસ માટે, અનુભૂતિ માટે આપણા મનને પવિત્ર રાખવાની જરૂર છે. જીવ ભાવનો પલટો કરી શિવભાવ - સમભાવ કરવાની જરૂર છે. જો આપણે મનનું કહ્યું કરીશું તો ઘટ તીર્થ એટલે કે આત્માની અનુભૂતિ થશે નહીં. સંત શિરોમણી પૂ. શ્રી રામદાસબાપુ પણ કહેતા કે;

''મનકા કહા ન કીજીયે, મન જ્યાં ત્યાં લઈ જાય,
મનકો ઐસા મારીયે, ટૂક ટૂક હો જાય.''

આગળ સદ્ગુરુ કહે છે કે; કારણ સઘળું મન તણું છે. આપણે જે જાણતા ન હોઈએ તેનો અનુભવ પણ કર્યો ન હોય, તેવી ખોટી વાતો કરવાથી - બોલવાથી શું વળે ? આપણું મન જ આપણને નચાવે છે. સાચું ખોટું કરાવે છે. નિષ્કલંકી ગીતામાં કહ્યું છે કે; 'આત્મ તત્ત્વને જાણ્યા વિના તીર્થ-વ્રત-તપ-જપ-યોગ-ધર્મ એ સર્વે મનના કરતૂત છે. મનથી એમ માન્યું કે હું આમ કરીશ તો મને આ લાભ થશે. આ બધા દ્વંદ્વો મનના છે. આપણને મારે પણ મન અને તારે પણ મન.

મનને મારવા માટે સદ્ગુરુજી કહે છે તેમ વેદ-શાસ્ત્રો પુરાણોમાં શોધ કરો કે મનનું મારણ કેમ થાય. છતાં ન મળે તો અનુભવી પંડિતો કે સદ્ગુરુજીનો સાથ લો, પણ ગમે તેમ કરી મનને મારો. પણ જો આપણે વેદ શાસ્ત્રો વાંચશું નહીં - સાંભળશું નહીં કે તેના પર વિશ્વાસ કરશું નહીં તો કેમેય કરી મન સ્થિર થશે જ નહીં, પછી ખૂબ ખૂબ પસ્તાવાનો વારો આવશે. અંત સમયે હાણ મુશ્કેલીઓ થશે અને દુઃખ થશે.

માટે સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજ પોકાર કરીને કહે છે કે; હે મારા મુનિવરો, હે મારા ઋષિવરો ! મન સ્થિર કર્યા વિના અપાર દુઃખ થશે. ઘણાં કષ્ટો પડશે. ઘણી તકલીફ થશે. જે છે તે બધું કારણ મનનું જ છે. મારા ઘટ તીર્થમાં વસતા આત્મા રૂપી પરમાત્મા તમે જ સાચા સાંઈ છો, તમે જ સાચા સાહેબ છો. ●●●

સદ્ગુરુ વચનામૃત (ગોરવાણી)

સંકલન : હંસરાજભાઈ ગોવિંદભાઈ - મેઘપુરાકંપા

દિલ તું ક્યા દેખતે દૂર,
હૃદયમાં ધણી છે હાજરા હજૂર - ટેક.
લિખા લેખ સો નહીં મિટને કા,
ક્યા મરતા ઝૂર ઝૂર,
ખબર વિના નર કે ખપ ગયે,
માયા કહો મજુર - દિલ તું.

આપણને (જીવાત્માને) સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ સમજાવતાં કહે છે કે; તારો ધણી પરમાત્મા દૂર નથી, તારા હૃદયમાં હાજરા હજૂર છે. વળી આગળ કહે છે કે તારા ભાગ્યમાં જે થવાનું છે તે થશે જ માટે શા માટે જીવન વેડફી રહ્યો છે. આ વાત જાણ્યા વિના અનેક જણ માયામાં ફસાઈને ખપી ગયા છે. અમૂલ્ય માનવ અવતારને ગુમાવી રહ્યા છે.

ગુરુ વિના જ્ઞાન કથે બહુ તેરા,
ભેદ ન સમજે અબુજ,
તું હી તું હી તો સ્વામી બોલે,
ભીતર હૈ ભરપૂર - દિલ તું.

આ સત્ય જ્ઞાનનો ભેદ ગુરુ વિના અબુધ અજ્ઞાની સમજી શકતો નથી. જે પરમાત્મા તારામાં હાજર છે તે શ્વાસ - ઉશ્વાસ રૂપે તું હી - તું હી (તું જ તે હું) નો પોકાર કરી રહ્યો છે.

નાભી કમળસે નેહ લગાવો,
સુરત નૂરત મજબૂત
શ્વાસ ઉશ્વાસે શબ્દકુ પકડો,
મિટે જનમકી ભૂલ - દિલ તું..

જન્મ મરણના ચક્કરમાંથી છૂટવા માટે સદ્ગુરુ રસ્તો બતાવે છે કે નાભીએ એટલે કે પેટમાં શ્વાસ ભરો (કુંભક કરો), તમારી સુરતા નિજ સ્વરૂપમાં રાખો. બાદ શ્વાસ છોડો અને શ્વાસ - ઉશ્વાસમાં થઈ રહેલા શબ્દ (સોહ્મ) ને પકડો (અનુભવો), તેમાં ધ્યાન આપો. જેથી આત્મ સ્વરૂપની ઓળખાણ થશે અને જન્મ મરણથી મુક્ત થશો.

પ્રેમ પીઉસે પીવો પ્યાલા,
કેફ ચઢે ચકચૂર,
ઉલટા સુલટા જઈ અસમાના,
શૂનમે ઉગા સૂર - દિલ તું.

તમારામાં બેઠેલા પીયુ (આત્મા) સાથે પ્રેમ કરશો તો આનંદની છોળો ઉડશે. ઈંગલા (ડાબી) શ્વાસ લઈ પિંગલા (જમણી)માં શ્વાસ કાઢો, બાદ જમણે નસકોરે શ્વાસ લઈ ડાબે નસકોરે શ્વાસ કાઢો આવું વારંવાર કરવાથી સુક્ષ્મણા નાડી જાગ્રત થશે. જેનો તાર બ્રહ્મરંન્ધ્ર (દશમા દ્વારે) શૂન શિખરમાં (જ્યાં આત્માનું સ્થાન છે) જશે. ત્યાં આત્મ સ્વરૂપની અનુભૂતિ થશે.

અનહદ્ વાજાં ભીતર બાજે,
નિર્મળ વરસે નૂર,
ચંદ સે જ્યોત કરે ચમકારા,
અનહદ વરસે નૂર. દિલ તું..

શૂન શિખર (પરમાત્માનો દેશ) માં પહોંચ્યા બાદ તમને જુદી જુદી અનુભૂતિ થશે. અનહદ વાજાં રૂપી અનેક પ્રકારનાં વાજીંત્રોના અવાજો સંભળાશે મધુરી અમી વર્ષા થશે. સૂર્ય રૂપી જ્યોતિ (પ્રકાશ)નાં દર્શન થશે. અમીરસના ઘૂંટ પી ધન્ય બનશો.

આરે જગતમાં ખૂલી કલીયા,
કઈક હજાર ભરપૂર,
માયા કે માંચ ન્યારો કે ન્યારો,
જળમાં કમળનું ફૂલ - દિલ તું.

'બ્રહ્માંડે સો પીંડે' આપણી આ કાયામાં હજારો પ્રકારની રચનાઓ છે. જેમ કે અષ્ટકુળ પર્વત, અઢારભાર વનસ્પતિ, સાત સમુદ્ર, નવસે નવાણું નદીઓ વગેરે. આ પાંચ મહાભૂતના દેહમાં વાસ કરનારો આત્મા - પરમાત્મા ન્યારોને ન્યારો છે. જેમ જળમાં કમળનું ફૂલ રહેવા છતાં પાણી તેને સ્પર્શી શકતું નથી, તેમ આ ઘટ કાયામાં પરમાત્માનો વાસ છે. ●●●

સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજ રચિત

"શ્રીમદ્ ભગવત્ દશાવતાર"

(મત્સ્ય અવતાર)

(ગતાંકથી ચાલુ...)

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે અગમ્ય એવા મુક્તિ માર્ગનું જ્ઞાન કથન કરેલ છે, પણ એ જાણવા માટે પાત્ર યોગ્ય એવી વ્યક્તિ જ હોય છે. જેમના પૂર્વ ઉત્તમ સુકૃત અને યોગે તપશ્ચર્યાના બળ જેમને મળ્યા છે એવા જીવાત્મા આત્મોન્નતિનું જ્ઞાન મેળવી એમની ઉપાસના કરી આત્મોન્નતિ સાધે છે. બાકી તો બહુતાંશ જીવાત્મા કર્મ ગતિના જ ફેરામાં પડે છે. ભગવાને આ અગમ્ય એવો મત્સ્ય અવતાર ધારણ કરીને, ભક્તોનો ઉધ્ધાર કરીને દૈત્યનો સંહાર કર્યો. પાતાળના ભેદ જાણીને ત્યાં પડેલા વેદોથી વેદરૂપી અમૃતને હસ્તગત કરીને મૃત્યુલોકમાં લાવી માનવોને એમનો લાભ આપ્યો. એ અમૂલ્ય માનવ પોતાનું જીવનક્રમ ઉત્તમ રીતે ચલાવીને અમરત્ત્વ પ્રાપ્ત કરી શકે છે. તે જ વૈદિક સનાતન સત્પંથ ધર્મના માનવ અંશમાં તેણે બીજારોપણ કર્યું અને માનવ સમાજનું કલ્યાણ કર્યું. આ વૈદિક સનાતન સત્પંથ ધર્મ માર્ગનો જેણે વિરોધ કર્યો હતો એવા શંખાસુરના એ અવશેષ લાવી શ્રીહરિએ ભગવાન શંકરને સુપ્રત કર્યા. ભગવાન શંકરે પોતાના ભક્તના એ અવશેષ ભાગ મોટા પ્રમાણમાં ધારણ કર્યા અને તેના જ એક અંશ ભાગ કરી શંકરે વિષ્ણુને આપ્યો. વિષ્ણુએ પણ એમને પોતાના હાથ પર ધારણ કર્યા. પછી વિષ્ણુએ પાતાળમાંથી લાવેલ બાર જ્યોતિર્લિંગ ભગવાન શંકરને આપ્યાં. એ યોગે ભગવાન શંકર અત્યંત સંતુષ્ટ થઈને એમણે વિષ્ણુની અનેક રીતે સ્તુતિ કરી, હરિ અને હર અભેદત્ત્વ છે તે જગતને બતાવ્યાં ત્યારે શક્તિદેવી ભગવાન વિષ્ણુ પર ક્રોધિત થઈ પોતાના આભૂષણ માગ્યાં, અને કહ્યું; 'ભગવાન શ્રીહરિ, તમે પરાક્રમથી એકલા બ્રહ્મદેવના વેદ લાવી આપ્યા,શંકરના દ્વાદશ લિંગ લાવી આપ્યાં પણ મારાં આભૂષણ કેમ લાવ્યા નહીં? ખરેખર મારા પર તમને મમતા- પ્રેમ જ નથી! આ પ્રકારે ક્રોધિત શક્તિના કહેવાથી ભગવાન શ્રી હરિ બોલ્યા; 'હે સતી શક્તિ દેવી, હું હવે પાતાળનો ભેદ જાણીનેં આવેલ છું. ત્યાં તમારા આભૂષણનાં રક્ષણ નાગદેવ કરે છે. હું જ્યારે બીજો અવતાર ધારણ કરીશ ત્યારે તમારા આભૂષણ લઈ આવીશ. તમે નિશ્ચિંત રહો. હું તમને વચન આપું છું. તમારા આભૂષણ લાવવા માટે હું પોતે જ બીજો નહીં પણ ત્રીજો અવતાર લઈને તમારી ઈચ્છા પૂર્ણ કરીશ.' આ સાંભળી સતી શક્તિદેવી પ્રસન્ન થયા.

● દ્વાદશ જ્યોતિર્લિંગ ઉત્પત્તિ ●

એક વાર મહાદેવ પાર્વતી સાથે વિંધ્યાચળ પર્વત પર આવેલા હતા ત્યારે પાર્વતીએ કહ્યું; દેવ, મને ખૂબ તરસ લાગી છે; તો ઉત્તમ પાણી શોધી લાવો. મહાદેવે પોતાનું ત્રિશૂળ ભૂમિમાં રોપીને પાતાળમાંથી અમૃતજળ ઉપર લાવ્યા. એ પાણીને વંદન કરી પાર્વતીને પીવા માટે આપ્યું. પાર્વતીની તૃષા શાંત થયા પછી મહાદેવે એમને કહ્યું: 'પાર્વતી, આ સ્થળ આજથી તીર્થસ્થળ થવાથી આ તીર્થ ઠેકાણે જે કોઈ સ્નાન કરશે તે સર્વ પાતકમાંથી મુક્ત થઈને કૈલાસ જશે.' એ તીર્થનું પૂજન કરીને પાર્વતીએ હાથમાં કંકુ લીધું અને એ શંકરના મસ્તક પર લગાવવા ચોળવા લાગ્યાં તો એ કંકુની ગોળી થઈ. એ ગોળી પાર્વતીએ હાથમાં લેતાં જ એ ગોળીનું જ્યોતિર્લિંગ થયું. ત્યારે મહાદેવે પાર્વતીને કહ્યું: 'મારા અંતઃકરણમાં જે ઈશ્વર છે તે ઈશ્વરનું દશ્ય આકાર આ લિંગ છે.' પછી મહાદેવે એ લિંગ પોતાના હાથમાં લઈ અને નમસ્કાર કર્યા. એટલામાં બધા દેવ ત્યાં આવ્યા. તેમણે તે રક્તલિંગ જોઈ શિવનું જ અનુકરણ કરીને એ લિંગને વંદન કર્યા. શ્રીવિષ્ણુ વગેરે સર્વ દેવોએ એ તીર્થ સ્નાન કરી ભક્તિથી તે લિંગની પૂજા કરી અને તેને નમસ્કાર કર્યા. જગતપિતા શંકરે સ્થાપન કરેલ એ લિંગ માની બધાએ અનન્યભાવથી એ લિંગ પર અક્ષત

નાખ્યા. પાર્વતીએ કંકુ હાથ પર ઘસીને જે લિંગ કર્યું એટલે શંકરે એનું નામ ધૃશ્મેશ્વર આમ રાખ્યું. આ જ્યોતિર્લિંગનું દર્શન જેને થશે એને સ્વર્ગનું અમૃત પ્રાશન કરવા મળશે અને તે ગમે તેટલો પાપી હશે તો પણ પુનિત થશે એવો આશીર્વાદ શંકરે એ સ્થાનને આપ્યો. આ પ્રકારે અલગ અલગ દેશમાં અલગ અલગ ઠેકાણે જ્યોતિર્લિંગની સ્થાપના અને ઉત્પત્તિ થઈ છે તે આ રીતે :

(૧) પ્રભાસ પાટણ - સોમનાથ
(૨) નાસિક - ત્ર્યંબકેશ્વર
(૩) સેતુબંધ - રામેશ્વર
(૪) ઉજ્જૈન - મહાકાલેશ્વર
(૫) દ્વારકા - નાગેશ્વર
(૬) દેવઘર (ચિતાભૂમિ) - વૈદનાથેશ્વર
(૭) શ્રી શૈલ (કર્ણાટક) - મલ્લિકાર્જુન
(૮) કેદારનાથ (હિમાલય) - કેદારેશ્વર
(૯) વારાણસી (કાશી) - વિશ્વેશ્વર
(૧૦) વેરૂલ (મહારાષ્ટ્ર) - ધુશ્મેશ્વર
(૧૧) ભીમા નદીના પટપર (મહારાષ્ટ્ર) - ભીમેશ્વર
(૧૨) માન્ધાતા પર્વત (મધ્યપ્રદેશ) - ૐકારેશ્વર

(વધુ આવતા અંકે)

સદ્‌ગુરુ ઉપદેશ

- અંબાલાલ પી. પટેલ, લક્ષ્મીપુરાકંપા - બાયડ.

સદ્‌ગોર કહે રે; સભા સોહાતું સર્વ બોલે,
કોઈ ન બોલે સત્ય ધર્મ રે,
આપ વખાણે પર નિંદા કરે,
ભાઈ તેને શિરે પાપ કરમ રે...

સદ્‌ગોર કહે છે, સભા સોહાતું સર્વે બોલે. સભા એટલે જ્યાં ઘણા માણસો કોઈ ચર્ચા માટે અથવા પ્રસંગ ઉજવવા ભેગા થયા હોય તે. ત્યાં જે મોટા માણસો કહેશે તેને અનુકૂળ લાગે તેમ સર્વે બોલશે અથવા બહુમતિ તરફ બધા બોલશે પછી તે સાચું હોય કે ખોટું હોય; પણ કોઈ તેની વિરૂધ્ધ જઈને ન પસંદ પડે તો પણ સહન કરી લેશે પણ વિરૂધ્ધમાં સત્ય વચન કહી શકશે નહિ.

આપ વખાણે પોતાનાં વખાણ કરશે અને પારકાની નિંદા કરશે. પોતાનાં વ્યક્તિગત અથવા સામાજિક અથવા ધાર્મિક પોતાના પંથના વખાણ કરશે કરાવશે અને પારકાની નિંદા કરશે. તમને જે યોગ્ય લાગે તે કરો. બીજાની નિંદા કે ટીકા ન કરવી જોઈએ અને નિંદા કરશો તો તમારા ઉપર કર્મનો દોષ લાગશે, પાપ લાગશે પર નિંદાનું પાપ પ્રાયશ્ચિતથી પણ નથી ઉતરતું. નિંદા કરવાથી, પાપ કરવાથી આપણને ઘણું નુક્શાન થાય છે. ધાર્મિક સંપત્તિની બાદબાકી જાય છે. માટે સરવાળા અથવા ગુણાકાર કરો. બાદબાકી અથવા ભાગાકાર ન કરો.

બીજાને જે કરવું હોય તે કરે આપણે કોઈની નિંદા ન કરવી, બીજાને કષ્ટ ન આપવું, જેથી આપણે પાપમાંથી બચી જઈએ. પોતાનાં વખાણ કરે કે હું આવડો મોટો. મોટો શાનો તું, આઠ ફૂટનો પણ નથી. જાતે વખાણ ન કરો. જો કે બહું જ અઘરું છે પણ અઘરા પેપરમાંથી ૧૦૦ માંથી ૧૦૦ માર્ક્સ લાવનારની કિંમત થાય છે. માટે ધીમે પ્રયત્ન કરીએ તો સુધરી શકાય.

●●●

બાળ સુસંસ્કાર એ કિંમતી ઘરેણું છે

સંકલન - સી. એસ. પટેલ, વડોદરા.

ધર્મના ગ્રંથો અને શાસ્ત્રો તેમજ તત્ત્વજ્ઞાની, આત્મજ્ઞાની મહાપુરુષો દ્વારા સમગ્ર સમાજને માર્ગદર્શન તથા જીવન જીવવાની સાચી દિશા મળતી હોય છે. જયારે બાળક જન્મે છે ત્યારથી તે ઘરના સંસ્કારોનું નિરક્ષણ કરતાં કરતાં મોટું થાય છે, ઘરનું વાતાવરણ વર્તન, પાઠપૂજા, સારા નરસા પ્રસંગો, ઉત્સવો, મેળાવડા વગેરેનું તે બાળકના માનસપટ પર અસર કરે છે, ત્યારે સંસ્કાર માટે ઘર જ એક મંદિર બની રહે છે.

શ્રધ્ધાની મૂડીથી ઈશ્વર પ્રત્યેની આસ્થા બાળકોને ઘરના વાતાવરણમાંથી પ્રાપ્ત થાય છે. હવે જરા વિચારીએ કે જે ઘરમાં ધર્મ - કર્મ, પૂજાપાઠ નિયમિત થતું નથી, તેમજ નકારાત્મક જીવનશૈલીથી સૌ જીવી રહ્યા છે, ત્યાં સંતાનના દિલમાં ઉત્તમ સંસ્કાર કેવી રીતે પ્રવેશ કરશે ?

'મહેનત સબકી રોજી રોટી, મહેનત સબકી શાન હૈ,'
મહેનત કર લે મેરે ભાઈ, મહેનત હી ભગવાન હૈ'

આપણે વિદેશી જીવન શૈલીના ચાહક બન્યા છીએ, વર્તમાન યુગની તાસીર છે કે આજે માનવતા ભર્યું જીવન જીવવા કરતાં મહેનત વિના સંપત્તિ પ્રાપ્ત કરવામાં રસ છે. બુધ્ધિ દોડાવીને સાત ભવનું આ એક જ જન્મારામાં કમાઈ લેવું છે. પૈસા કમાવવાના પ્રયત્નો કરવા એ પાપ નથી પરંતુ કોઈનો વિશ્વાસઘાત કરીને, કોઈનો હક પડાવીને, લૂંટીને ધન સંપત્તિ પ્રાપ્ત કરવી તે મહાપાપ છે. આવી આસુરી સંપત્તિ તે દુ:ખને આમંત્રણ આપવાની નિશાની છે. તેવી સંપત્તિથી ક્ષણિક સુખ પ્રાપ્ત થશે. પરંતુ આવી સંપત્તિ ભાવી પેઢીને પણ સુખી નહીં કરે. માટે સદ્દગુરુએ શિક્ષાપત્રીમાં કહ્યું છે કે:

"અરુપરુ ન કરશો ઋષિ, પાડોશી દુભવી ન કરશો દુ:ખી."
"વિશ્વાસઘાત ન કરવો સહી, પડી જડી વસ્તુ ન લેવીભાઈ ."
"કોઈને આળ ન ચડાવવી જાણી ઉછીનું ન રાખવું પ્રાણી ."
"પારકુ ધન લઈ ભાગવું નહીં, પુત્ર થઈને આપવું સહી."
"ઓછું કોઈને આપવું નહીં, અદકુ કોઈનું લેવું નહી."
"લાંચ ન ખાવી એક રતી, ખોટું ખત નવ લખશો સતી. "

વગેરે સૂત્રોને યાદ કરીને જીવન જીવીને ધન સંપત્તિ પ્રાપ્ત કરવી તે પાપ નથી.

વર્તમાન સમયમાં સમગ્ર સમાજમાં માત્ર પૈસા કમાવવાની આંધળી દોડમાં પોતાનાં બાળકો પ્રત્યે સૌ કોઈ સમય ફાળવતા નથી, બેદરકાર રહીએ છીએ. પરંતુ આપણું બાળક એ આપણું ભવિષ્ય છે. જયારે બાળકોને સંસ્કાર આપવાનો સમય હોય છે, ત્યારે માતા પિતા ભરયુવાનીમાં હોય છે, જેથી અતિશય કામ ધંધા, બિઝનેશ કે નોકરીમાં સમય વ્યતિત કરવામાં બાળકોને સુસંસ્કાર આપવા માટે સમય ફાળવવાનો સમય હોતો નથી. સાંજ સવાર સમયસર પોતાના બાળકો સાથે બેસીને, સંધ્યા, આરતી, પૂજાપાઠ કરવા, અવારનવાર દેવમંદિરમાં દર્શન કરવા જવું જરૂરી છે. માટે સદ્દગુરુશ્રીએ કહ્યું છે કે : **"દિન પર્યંત કરો કામ સું ધંધા, સાંજ પડે કરો સાહેબ (સ્વામી)ની સેવા," "કોઈ કેની નવ કરશો નિંદા"**. બાળકોની હાજરીમાં કોઈકોઈની નિંદા, ઈર્ષા, વેરઝેર ઉત્પન્ન થાય તેવી વાતો ન કરવી, તેમ કરવાથી અન્ય વ્યક્તિઓ પ્રત્યે બાળકોને દ્વેષભાવ ઉત્પન્ન થશે. તેનું પરિણામ આપણને જ ભોગવવું પડશે.

જયારે બાળકો પ્રત્યે બેદરકાર રહીએ છીએ ત્યારે બાળકો ટી.વી. જેવાં માધ્યમ દ્વારા અશ્લીલ ચલચિત્રો, જેવા કે મારફાડ, લૂંટફાટ, બળાત્કાર અને નાચગાન જેવી સીરીયલો તેમજ અનેકવિધ કંપનીઓ દ્વારા પોતાનો પ્રોડક્ટ (માલ)ની જાહેરાતોના ભવ્ય આકર્ષણથી પ્રેરાઈને કેટલીક બીન જરૂરી ચીજોની ખરીદી કરે છે, કેટલાક વ્યસની પરિવારના બાળમિત્રોની સંગતથી બજારમાં, હોટલ, લારી ગલ્લાના સ્થળે જઈ અશુધ્ધ અને અપવિત્ર આહારનો ભોગ બને છે. ઘરનું સાત્ત્વિક ભોજન તુચ્છ લાગે છે. આમ બાળક કુસંસ્કારો અને કુવ્યસનોનો ભોગ બની જાય છે. ત્યારે સમય જતાં માતાપિતાને પસ્તાવાનો વારો આવે છે. ઘરના દાદા -

2015-04 -Satpanth Prakash (1474)

દાદીનું સૂચન કે વાતો જૂનવાણી લાગે છે. માટે ધંધા રોજગારની સાથે સાથે બાળકો પ્રત્યે ધ્યાન આપવું જરૂરી છે.

બાળકોના ભવિષ્ય માટે સતત ચિંતીત એવા પ.પૂ. સંત શ્રી શામજીદાદા દર વર્ષે વેકેશનના સમયમાં સત્પંથ પ્રેરણાપીઠમાં સત્પંથ બાલબાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિરનું વર્ષોથી આયોજન કરે છે, તેમાં આપણા બાળકોને અચૂક મોકલીએ, તેનો લાભ લઈએ. આપણું ભવિષ્ય આપણાં બાળકો છે. તે વાતને ભૂલીએ નહીં માટે સંતો મહાપુરુષો કહે છે કે "બાળ સુસંસ્કાર એ કિંમતી ઘરેણું છે."

•••

હૃદયનું સ્વરૂપ શું છે ?

- નરેન્દ્રભાઈ કે. અંધારિયા, ભાવનગર.

આપણે સર્વે જાણીએ છીએ કે આપણા શરીરમાં છાતીના ભાગેથી નીચે અને પેટથી ઉપર ડાબી બાજુએ જુદા જુદા રંગના છ અવયવો આવેલા છે. તેમાંનો એક ભાગ જે કમળની પાંખડીને મળતો આવે છે તે હૃદય છે.

તે અંતર્મુખ છે અને તેમાં એક નાનું છિદ્ર આવેલ છે. જે ધન આકાર બેઠક છે. તે ઈચ્છાઓથી ભરચક છે. બધી જ નાડીઓ - જ્ઞાનતંતુઓ તેમના ઉપર જ આધારિત છે એટલે કે નાડીઓ તથા જ્ઞાનતંતુઓનું સંચાલન આના પર આધારિત છે. અહીં સમર્થ શક્તિ અને ચેતનાનો નિવાસ છે. આ ઉપરાંત તે દર્શાવેલ ભાગ તે આત્મા છે.

આમાં અસ્તિત્વ - ચેતના - કૃપા - શાશ્વત - પર્ણમ - બધી સંજ્ઞાનો સૂચિત બહિર્મુખ - અંતર્મુખ કે ઉપર નીચે જેવા ભેદભાવ નથી હોતા.

નિરવ શાંત અવસ્થા જેમાં બધા વિચારો શમી જાય છે એ આત્માની અવસ્થા કહેવાય છે. એ જેવો છે એ પ્રમાણમાં આવે તો એનું સ્થાન શરીરની બહાર છે કે અંદર એવી ચર્ચાનો કોઈ અવકાશ ન રહે.

•••

સાચું ધનઃ શુભ કર્મો

- મગનભાઈ જીવરાજભાઈ સેંઘાણી, મેરાઉ.

અન્યાયથી મેળવેલું ધન આપણું પોતીકુ ધન પણ લઈને ચાલ્યું જાય છે. તેથી ધન મેળવવામાં કદી પણ ન્યાયનીતિનો રસ્તો ચાતરશો નહિ, ભલે થોડું મળે પણ એ થોડામાં સંતોષ માનજો. હકીકત એ છે કે માત્ર ધન આ જિંદગીમાં સર્વ શ્રેષ્ઠ છે જ નહિ.

સંગ્રહ કરો તો એવી વસ્તુનો કરો કે જે આ ખોળીયું છોડ્યા પછી પણ સાથે આવે. એ છે દયા, નીતિ અને સદ્વિચાર. જેને સતત વળગી રહેવાથી આત્મા બળવાન બનશે. અલબત્ત બેંક બેલેન્સ તગડું નહિ બને પણ શુભકર્મોનું બેલેન્સ તમારી સાથે જ રહેશે. જેનું શુભ ફળ તમને મળ્યા વિના નહિ રહે. માટે અન્યાય દ્વારા ધન મેળવવાને બદલે શુભ કર્મો થકી ભવોભવ કામ આવે એવું ધન ભેગું કરો.

•••

સદ્‌ગુરુ વાણી

જાગો જાગો ભાઈ રે રેણી બિહાની ॥ ધૃ ॥
નૂર વેળા નૂર પીવો કરજો આનંદજી,
ભોર વેળા રાખો પીહુ સંબંધજી.
ઉત્તમ અભ્યાગતને સેવો મોરા ભાઈ,
બાકી સર્વે ભૂતનો વાસ હોજી.
પાછલી ખટ ઘડી હોવે રે રેણી,
ઊઠી અપના સ્વામીજી આરાધોજી.
એ પ્રભાતી મહારાજ ભણે સદ્‌ગુરુ ઈમામશાહ,
મારા ઋષિવરોને વૈકુંઠ વાસજી.

•••

ચિંતામાંથી મુક્ત થવાનો સચોટ ઉપાય પ્રભુકૃપામાં શ્રધ્ધા રાખવી

- નારણભાઈ ડી. પટેલ, લાલુકંપા.

ચિંતા માણસને ત્યારે જ થાય કે પ્રભુકૃપામાં શ્રધ્ધા ન હોય. ચિંતા એટલે શ્રધ્ધાનો અભાવ. પ્રભુનો અદશ્ય હાથ મને સતત સહાય કરી રહ્યો છે. મુશ્કેલીમાં, દુ:ખમાં, જીવનના ઝંઝાવાતોમાં પણ એ અદશ્ય હાથ મને દોરી રહ્યો છે, મારું રક્ષણ કરી રહ્યો છે એવી દઢ શ્રધ્ધા ચિંતાના ગમે તેવા ગાઢ વાદળોને પણ વિખેરી નાખે છે. શ્રધ્ધાવાન મનુષ્યો હંમેશાં નિશ્ચિંત બનીને જીવતા હોય છે. કેમ કે એમને પ્રભુના રક્ષણમાં સંપૂર્ણ વિશ્વાસ હોય છે. આ સંદર્ભમાં એક સત્ય ઘટના જોઈએ.

અમેરિકાના કોઈ શહેરથી વિમાન ઊપડ્યું હતું. યાત્રિકો બધા આનંદ-ઉલ્લાસમાં હતા. વિમાને થોડું ઉડ્ડયન કર્યું પછી જાહેરાત થઈ કે વિમાનમાં હમણાં નાસ્તો આપવામાં નહિ આવે, કેમ કે આગળ તોફાન છે, અને તોફાન ન શમે તો વિમાને તોફાનમાં પ્રવેશ કરવો પડશે. મુસાફરો શાંતિથી બેસી રહ્યા. થોડીવાર પછી જાહેરાત થઈ કે ''બધા પોતાના પટ્ટા બાંધી લો. હવે વિમાન તોફાની ઝોનમાં પ્રવેશી રહ્યું છે એટલે બધા સાવચેતી રાખજો. થોડીવારમાં તો વિમાન આમ તેમ ફંગોળવા માંડ્યુ. બધા લોકો એકદમ ચિંતાતુર થઈ ગયા. કોઈ ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા તો કોઈ રડવા લાગ્યા. બાળકો ગભરાઈને માતા-પિતાને વળગી રહ્યા. બધાના શ્વાસ અધ્ધર થઈ ગયા કે હવે શું થશે ! આ વિમાનમાં એક પાદરી પણ મુસાફરી કરી રહ્યા હતા. તેમણે જોયું તો બધાના મુખ ઉપર ચિંતા છવાયેલી હતી, ભય હતો, આશંકા હતી કે હવે શું થશે ? હેમખેમ પહોંચીશું કે તોફાનમાં વિમાન ભાંગીને ભુક્કો થઈ જશે, એવો ગભરાટ હતો. પણ આ બધાની વચ્ચે પાદરીએ જોયું કે એક બાળકી પોતાની સીટ પાસેની લાઈટ ચાલુ કરીને શાંતિથી એક પુસ્તક વાંચતી હતી. પાદરીને નવાઈ લાગી કે બધાં આટલાં ડરી ગયાં છે, તો આ છોકરીને કેમ કાંઈ થતું નથી. તેમણે અનુમાન કર્યું કે કદાચ બહેરી હશે, એટલે તેને આ બધા અવાજો કે કાંઈ સંભળાતું નહિ હોય, એથી એ શાંત હશે. ત્યાં તો જોરથી એક કડાકો થયો અને પેલી છોકરીએ પણ કાન પર પોતાના હાથ મૂકી દીધા આ જોઈને પાદરીને થયું કે ના બહેરી તો નથી જ. તો પછી શું કારણ હશે ? તેમને ભારે કુતૂહલ થયું. પણ આવા તોફાનમાં તેઓ એ છોકરી પાસે જઈ શકે એમ નહોતા. એકાદ કલાક પછી તોફાન શમી ગયું અને પછી નિશ્ચિત સ્થળે પાયલોટે સફળતાપૂર્વક વિમાન ઉતાર્યું. લોકો જલદીથી ઉતરી જવા ઉતાવળ કરવા લાગ્યા, ત્યારે હજુ પણ પેલી છોકરી સીટ પર બેઠી બેઠી વાંચી રહી હતી. હવે પાદરી એની પાસે આવ્યા અને કહ્યું; બેટા, આવા તોફાનમાં બધા લોકો આટલા ભયભીત બની જઈને બૂમાબૂમ કરતા હતા. તો તને ડર નહોતો લાગતો ? તું તો શાંતિથી વાંચી રહી હતી ! આ સાંભળીને તે છોકરીએ કહ્યું : 'મને શેનો ડર લાગે ? મારું વેકેશન પડ્યું છે, અને મારા પપ્પા પાયલોટ છે, તેઓ મને ઘરે લઈ જઈ રહ્યા છે. તમે જ કહો કે પપ્પા પાયલોટ હોય તો પછી કોને ડર હોય ? પાદરીએ તે છોકરીને આશીર્વાદ આપ્યા અને બોલ્યા : હા બેટા, તારી વાત તદ્દન સાચી છે. પપ્પા પાયલોટ હોય તો પછી કોઈ જ ચિંતા ન હોય ! અને પછી મનોમન કહ્યું : ઓ પિતા પ્રભુ, સાચે જ તું અમારો પાયલોટ નથી ? છતાં અમે આ બાળકીની જેમ ઓ પરમ પિતા, તારામાં વિશ્વાસ મૂકી શકતા નથી. એટલે જ ચિંતાથી ઘેરાયેલા છીએ. આ બાળકીને એના પિતામાં જેવો વિશ્વાસ છે, એવો અમને વિશ્વાસ આપ. પ્રભુમાં આવો દઢ વિશ્વાસ હોય તો કોઈ જ ચિંતા સતાવી શકતી નથી.

સ્વામી વિવેકાનંદના જીવનમાં પણ ભગવાનની કૃપામાં વિશ્વાસ રાખવાથી સઘળી ચિંતાઓ ટળી ગઈ, એવું બન્યું હતું જ્યારે વિશ્વ ધર્મપરિષદમાં ભાગ લેવા તેઓ બોસ્ટનથી શિકાગો આવતા હતા, ત્યારે જે વેપારીને એમને યોગ્ય સ્થાને પહોંચાડવાની ભલામણ કરી હતી, એ વેપારી શિકાગો સ્ટેશને સ્વામીજીને લીધા વગર જ ચાલ્યો ગયો. સરનામું, ભલામણ ચિઠ્ઠી બધું એની પાસે હતું. હવે શિકાગો રેલ્વે

સ્ટેશને સ્વામીજી એકલા ઊભા રહ્યા. પાસે પૈસા નહિ, કાંઈ ખાવાનું નહિ, જવાનું કોઈ સ્થળ નહિ. તેમણે એ રાત સ્ટેશનના ગોડાઉનના એક ખોખામાં બેસીને વિતાવી. સવારે શરીર અકડાઈ ગયું હતું. ભૂખ પણ લાગી હતી. પણ કરવું શું ? તેમણે સંન્યાસીને છાજે એવી ભિક્ષા માંગવાનું શરૂ કર્યું. પણ લોકો એમનો ભગવો પોશાક જોઈને બારણા બંધ કરી દેતા હતા. ક્યાંયથી ખાવાનું ન મળ્યું ! થાકેલા, ભૂખ્યા થયેલા, થોડા ચિંતિત થયેલા સ્વામીજીએ પોતાના બધા વિચારો છોડી દીધા અને હે મા ! જગદંબા, તારી ઈચ્છા પ્રમાણે થાઓ, એમ કહીને રસ્તાની એક બાજુ ફૂટપાથ ઉપર બેસી ગયા. પોતાની ચિંતા, આવતીકાલની ધર્મ પરિષદમાં જવા અંગેની વ્યવસ્થા, અને ધર્મ પરિષદમાં શું બોલવું - એ બધું જય જગદંબે કહીને એને સોંપી દીધું અને માના બાળક બની ગયા. જગદંબાએ જાણે સઘળી બાજી સંભાળી લીધી ! થોડી જ વારમાં સામે આવેલા વિશાળ બંગલાનું બારણું ખૂલ્યું અને એક સુંદર યુવતી બહાર આવી. તેની નજર સ્વામીજી પર પડી. તે તેમની પાસે ગઈ અને પૂછ્યું; ધર્મસભાના પ્રતિનિધિ છો ? સ્વામીજીએ હા પાડી. પછી તે સ્ત્રી સ્વામીજીને પોતાના વિશાળ બંગલામાં લઈ ગઈ. ત્યાં તેમની રહેવાની - ખાવાપીવાની તમામ વ્યવસ્થા થઈ ગઈ. વળી સ્વામીજીએ આપેલું ભાષણ તો સર્વને મંત્રમુગ્ધ કરી ગયું અને એ એક જ ભાષણે સ્વામીજીને સમગ્ર અમેરિકામાં સુપ્રસિધ્ધ કરી દીધા ! ભગવાન કે પરમશક્તિ જગદંબા પર વિશ્વાસ મૂકવાથી તેઓને સમગ્ર સુકાન સંભાળી લેવું પડે છે ! માણસે તો માત્ર શ્રધ્ધા જ રાખવાની છે બાકી બધું તેઓ ગોઠવી આપે છે. ચિંતામાંથી મુક્ત થવાનો સચોટ ઉપાય - પરમાત્મામાં સંપૂર્ણ શ્રધ્ધા ધરાવવાનો છે. ●●●

મૈલી મૈલી કાયા તેરી...

- શ્રી વિલાસ દામુ મહાજન, સુરત.

મૈલી મૈલી કાયા તેરી હો જાયેગી પાવન।
છૂલે છૂલે છૂલે છૂલે સદ્‌ગુરુ કે ચરણ (૨) મૈલી મૈલી કાયા તેરી હો જાયેગી પાવન ॥

માંસ ખાવે દારૂ પીવે તું નહિ હૈ રે પાવન (૨) ખાલે ખાલે ખાલે ખાલે શાકાહારી ભોજન।
છૂલે છૂલે છૂલે છૂલે સદ્‌ગુરુ કે ચરણ (૨) મૈલી મૈલી કાયા તેરી હો જાયેગી પાવન ॥

ગુટખા ખાયે સિગાર પીવે તું નહિ હૈ રે પાવન (૨) કરલે કરલે કરલે કરલે સદ્‌ગુરુ કે ભજન।
છૂલે છૂલે છૂલે છૂલે સદ્‌ગુરુ કે ચરણ (૨) મૈલી મૈલી કાયા તેરી હો જાયેગી પાવન ॥

પાના ખેલે ઘરબાર બેચે તું નહિ હૈ રે પાવન (૨) કરલે કરલે કરલે કરલે અચ્છે કોઈ કરમ।
છૂલે છૂલે છૂલે છૂલે સદ્‌ગુરુ કે ચરણ (૨) મૈલી મૈલી કાયા તેરી હો જાયેગી પાવન ॥

બ્યાજ ખાવે લોગો કો લૂંટે તું નહિ હૈ રે પાવન (૨) છોડ દે છોડ દે છોડ દે છોડ દે તેરે કાલે કરમ।
છૂલે છૂલે છૂલે છૂલે સદ્‌ગુરુ કે ચરણ (૨) મૈલી મૈલી કાયા તેરી હો જાયેગી પાવન ॥

ઈમામશાહ બોલે તીર્થકા પ્યાલા પિલે તું હો જાયેગા રે પાવન (૨) મિટ જાયેગા મિટ જાયેગા તેરા આવાગમન।
છૂલે છૂલે છૂલે છૂલે સદ્‌ગુરુ કે ચરણ (૨) મૈલી મૈલી કાયા તેરી હો જાયેગી પાવન ॥

●●●

આવાં મનખાં કોક

મામેરા વેળા વહી જશે !

રાજસ્થાનના એક ગામ તળાવની પાળે એક જુઓ ને બીજાને ભૂલી જવાય એવા સો જેટલા બળદો વાગોળે છે. હાંડા જેવું ગામ, પાણી ભરેલું તળાવ, તેના કાંઠે કૂવો, જોતાં જ ચોરાડ પરગણાના બાબરા નામના ગામેથી નીકળેલા હાજાજીએ અહીં પડાવ નાખ્યો છે. બળદો સાથે બીજા બે-ત્રણ માણસો છે. મેળામાંથી સારા બળદો ખરીદીને વેચવાનો એમનો વ્યવસાય છે. તળાવની પાળ માથે બેઠા બેઠા ગામમાં ધડૂકતા ઢોલ તેમજ લગ્નગીતોના શબ્દો એમના કાને સંભળાય છે ને હાજાજીની સામે પોતાનું નાનકડું ગામ બાબરા દેખાય છે.

ચોરાડના ચોવીસ ગામો કહેવાય છે. તેમના વડવા દુદાજીએ આ ગામે વસવાટ કર્યો, એક સામટાં નેવું ખેતરો ખરીદેલાં. એ ગામેથી નીકળ્યે હાજાજીને મહિનો થઈ ગયો છે. પાંચસો બળદો લઈને નીકળેલ હાજાજી પાસે હવે માંડ સો જેટલા બળદો વેચવાના બાકી છે. વચ્ચે આવતાં ગામોમાં બળદો વેચાઈ જાય તોય પણ થોડાક બળદો વધે. હાજાજી મનોમન ગણતરી કરે છે ત્યાં એમના કાને ગુજરાતી લોકબોલીનું ગીત સંભળાયું. રાજસ્થાન સાથે સરહદી ગામો એકબીજા સંબંધના તાંતણે બંધાયેલા હોવાથી બનાસકાંઠા પરગણાની દીકરીઓએ તેમના સ્વરમાં કેટલાંક ગીતો વહેતાં કર્યાં. મનભાવન લઢણનાં એ ગીતોને હાજાજી સાંભળે છે.

ચાંદલિયો ઊગ્યો ને હરણ્યુ આથમી
માડીના જોવું તમારી વાટ્ય રે
મામેરા વેળા વહી જશે રે...

તેવામાં હાજાજીની દૃષ્ટિ તળાવના કાંઠે આવેલ કૂવા તરફ આવતી પનિહારી ભણી પડી. ત્રાંબાની હેલ્ય લઈને તે ઉતાવળે પગે ડગ માંડે છે. તેની નણંદો, સાસુ વગેરે કહી રહ્યાં હતાં કે, ''તું પાણી ભરવા જઈશ ના, હમણાં જ મામેરા ભરવાનાં છે. તારા પિયરથી દીકરાના મામા વગેરે મામેરું લઈને આવશે.'' અહીં બધાં મામેરાની વાટ્ય જુએ છે. તું તો કહેતી હતી કે, ''સવારના પહોરમાં આવશે, અત્યારે રાશવા દી' ચડવા આવ્યો છે પણ હજુ કોઈ ફરક્યુ નથી !'' મોટાં નણંદ કહે.

''બહેનબા, આવશે. મારો ભાઈ આવ્યા વિના રહે નહીં, કંઈક કારણ ઊભું થયું હશે.'' કારણ ગમે તેવું હોય તો આવા ઊજળા ટાણે તો સમયસર આવવું પડેને ? મામેરામાં કંઈ આપવું ન હોય ત્યારે જ મોં સંતાડે !'' સાસુજીએ મહરનાં વેણ ઉચ્ચાર્યાં અને હજુ ચાર દાયકાની ઉંમરને આંબી ન હતી એવી એ બાઈનું કાળજું વીંધાઈ ગયું !

''હું પાણી ભરીને હમણાં જ આવું છું, ત્યાં સુધીમાં મારા ભાઈ વગેરે આવી જશે.'' એટલાં વેણ બોલીને તે ઘરમાંથી નીકળી ગઈ. ફળિયામાં ઢોલ વાગતો હતો. ઘરનું આંગણું માંડવાથી શોહી ઊઠ્યું છે. શરણાઈઓના મીઠા સૂર આજે એના હૈયે હરખ કરતા નથી. એના પગ ઝડપથી કૂવા તરફ ઉપડ્યા. ખાલી હેલ્યને કૂવાને કાંઠે મૂકી. ગામની પનિહારીઓએ તો સવારના પહોરમાં પાણી ભરી લીધું હોવાથી પાણી શેરડો સૂનકાર ભાસતો હતો. લગ્નના દિવસો હોવાથી મોટા ભાગના લોકો ગામમાં હતા. બાઈએ ચારે તરફ નજર ફેરવી. હાજાજી બળદો પાસે બેઠેલા હતા તેથી તે તરફ એનું ખાસ ધ્યાન ગયું નહીં. એની ચકળવકળ આંખો કંઈક જોઈ રહી. ઉત્તરની પાળ ઉપર ભાંગેલા પથરા જોતાં જ ઝડપથી તેણે વીણીને ઘાઘરાનો ખોળો કરી એમાં ભર્યાં. તે કૂવાના કાંઠા ભણી આવી. સાડલો કાઢીને કેડ્ય તરફ એવી રીતે વીંટ્યો કે ખોળો છૂટે નહીં. હાજાજી સચેત થઈ ગયા. એ કૂવા તરફ દોડ્યા. બાઈ કૂવાનાં પગથિયાં ચડી રહી હતી. એમણે ઝડપથી એનું કાંડું પકડ્યું ને બોલ્યા; ''દીકરી, મનખા અવતાર તો મોંઘો છે ! આ તું શું કરે છે ?'' ઓચિંતા જ આવેલા પાંચ દાયકા જેટલી ઉંમરના એ પુરુષ સામે જોઈને કંપી રહી. એની આંખોમાં અશ્રુધારા વહેવા માંડી. હાજાજીએ

પાઘડીના છેડાથી આંસુ લૂછ્યાં. એમણે ચોરાડ પરગણાનો પહેરવેશ પહેર્યો છે. અઢીવટો અને અંગ માથે કેડિયું છે. પોતાની ઓળખ આપી.

''મારે જીવવું નથી, મને મરવા દો. હવે કયા મોંએ મારા ઘરે જાવું ?'' બાઈ બોલી. ''એવું તે શું બન્યું છે કે તું મરવા આવી છે ? મને વાત કર,મારાથી બનશે તો હું તારું દુઃખ દૂર કરીશ. કોઈ કુંડાળામાં તારો પગ પડ્યો છે ?''

''ના રે ભાઈ, એ શું બોલ્યા ? એવું તો કંઈ નથી !'' હવે બાઈ જરા સ્વસ્થ થઈને બોલી.

''તો શા માટે ઊજળા જીવતરને રોળી નાખે છે ?'' હાજાજીએ જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો.

''મારા દીકરાનાં લગ્ન છે.''

''એ તો ઊજળો પ્રસંગ ગણાય, એમાં હરખ થવો જોઈએ,એને કાળો ન કરાય ! પંડ્યના છોરું માથે તને હેત નથી થતું ?''

''હેત તો કોને ન થાય ? એકનો એક દીકરો છે, મેં એને ભારે લાડકોડથી ઉછેર્યો છે, પણ મારું નસીબ ફૂટી ગયેલું હોવાથી દીકરાને ત્રણ વર્ષનો મૂકીને એનો આપા ભગવાનના ઘેર જતો રહ્યો. મારા ઉપર આફતનો દરિયો ઉછળ્યો. બાર દી' પૂરા થયા ત્યાં મહેણાંટોણાં શરૂ થયાં.'' બાઈ હીબકાં ભરતી આગળ બોલી. ''મારા ઘેર લગ્નનો ઢોલ વાગી રહ્યો છે. મામેરા ભરવાની વેળા થઈ છે. મારાં નણંદ કહે છે કે; ''હજું તારા પિયરમાંથી મામેરું લઈને કેમ કોઈ આવ્યું નથી?'' એનો જવાબ સાસુએ આપી દીધો, ''હવે મેલ્યને એ વાત, એને એક સાંધતાં તેર તૂટે છે પછી મામેરું લઈને ક્યાંથી આવે ?'' આ વેણે મારું કાળજું કપાઈ ગયું. પાણીને બહાને હું મારા જીવતરનો સંકેલો કરવા આવી છું. મારા ભાઈની પરિસ્થિતિ નરમ છે. દારૂની લતે એ ખુવાર થઈ ગયો છે. મારે આ બધાંને શું મોં બતાવવું ? અત્યાર સુધી ભારે સહન કર્યું. દીકરો નાનો હતો ત્યારે મારી પાસેથી ઝૂંટવી લીધેલો. થાકી ગઈ છું એટલે આ સિવાય બીજું શું કરું ?'' બાઈ ફરી વાર હીબકે ચડી. એના એક એક હીબકે હાજાજી હલબલવા માંડ્યા.

''હવે બસ કર બહેન ! આટલી જ વાતમાં તું તારી જિંદગી કૂવામાં હોમે છે ! વિપત તો કોના માથે નથી પડી ? તું ઝટઝટ ઘેર જઈને તારા સાસરિયાને જણાવ કે,મારા ભાઈએ મામેરું મોકલ્યું છે. તમે એ માટે જલદી તૈયારી કરો.'' વેણ સાંભળતાં તો બાઈની આંખોમાંનાં આંસુ વરાળ થઈ ગયાં. એનો ચહેરો ચમકી ઊઠ્યો.

''તમે મામેરું કરશો ?'' બાઈની દૃષ્ટિ હાજાજી સામે મંડાણી ને પ્રશ્ન કર્યો.

''હા, હું હાજાજી, ચોરાડ મલકમાં આવેલા બાબરા ગામનો ચારણ તારો ભાઈ બનીને આવીશ અને મારી શક્તિ પ્રમાણે મામેરું કરીશ. ચહેરો જોતાં અને રૂદિયામાં રામ બોલતા હોય તેવાં વેણ સાંભળતાં બાઈને ડુંગરા જેટલો વિશ્વાસ બેઠો. કેડ્ય ફરતે વીંટાળેલો સાડલો એણે જલદીથી છોડીને ખોળામાંના પથરા ફેંકી દીધા. ઘડાને સીંચણિયાથી બાંધીને કૂવામાંથી પાણી સીંચી હેલ્ય ભરી. એના પગમાં કોઈ દી ન વરતાતી તાકાત આજે આવતાં ઉતાવળે ઉતાવળે ઘર ભણી ચાલી.

હેલ્ય ઉતારીને કહ્યું કે; ''મામેરાની ઝટ તૈયારી કરો.'' એના શબ્દો સાંભળતાં તો ઘરના બધાં આશ્ચર્યમાં મુકાણાં. આનું ફરી તો નથી ગયું ને ? એની સાથે આપણાં નાક ન કપાય ! વાતો ચણભણી, ''કોણ કોણ આવ્યું છે ? તે તો બોલ્યે.''

''તમે બધાં જોઈ શકશો, મારો ભાઈ છાના મામેરા ભરવાનો નથી.'' બાઈએ હિંમતપૂર્વક જવાબ આપ્યો. હાજાજી અને એમની સાથેના બે માણસો માંડવા નીચે આવ્યા. બધાંને રામ રામ કર્યા. પાણી અપાયા.

બાઈના સસરાને તાલાવેલી થતાં પ્રશ્ન કર્યો, ''તમે મામેરામાં આવ્યા છો તો બાઈના ભાઈ કેટલે છે ?''

''બાપુ, એવું બન્યું કે તમારા વેવાઈ અને મારે અંગત સંબંધો છે. બાઈના ભાઈનું શરીર ઓચિંતાનું બગડ્યું. એટલે મારે આવવું પડ્યું.''

''એમ વાત છે એમને ?'' ઘરનો એ મોભી ભારમાં બોલ્યો.

''હા, તમે ઝટઝટ વિધિ કરો, મુહૂર્ત વહી ન જાય.'' હાજાજીએ જાણે અરજ કરી ને મામેરાનાં ગીતો

ગાજવા માંડ્યાં. ગોર મહારાજે મામેરું ભરવાની વેળાની હાકલ કરી.

''હાજાજી, બોલો તમારા એ સંબંધી વતી કેટલા રૂપિયા આપો છો ?''

''આપ તો મોટા માણસ ગણાઓ છો. તમારા જેટલું અમારું ગજું નહીં તોય આ તળાવની પાળે છે તે સો બળદો હું મામેરામાં આપું છું.'' આ શબ્દો સાંભળતા જ માંડવામાં સહુ ફાટી આંખે તેની સામે જોઈ રહ્યાં. બાઈની આંખમાં હરખનાં આંસુ આવ્યાં.

મામેરું ભરી હાજાજી ગામે પહોંચ્યા ત્યારે બાબરાએ એમનાં સામૈયાં કર્યાં. ઓલી બાઈના ભાઈએ જ્યારે વાત સાંભળી તો તે આવીને હાજાજીના પગે પડી ગયો. ગામની હવામાં આજેય પેલો દુહો સંભળાય છે.

બાંધી ધજા બાબરે, કવ ત્રૂઠ્યા કિરતાર
હે હાજા હમીર રા, સિંહ ઢાયમે સરદાર

બાબરા ગામે એવી ધજા બાંધી કે એ કવિ ઉપર કિરતાર રિઝયા.હે હમીરના દીકરા હાજાજી ! તું તો સિંહઢાયમ શાખામાં (ચારણોની એક શાખા) તેનો આગેવાન છે.

નોંધ : બાબરા ગામ હાલના પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકામાં છે. તે રાધનપુરથી અંદાજે ૩૬ કિ.મી. અંતરે ગાંધીધામ હાઈવે ઉપર આવેલું છે.

●●●

પ્રકાશનું બલિદાન

- રમનજી ભગત, સુભાનપુરા - વડોદરા.

દીપક બળી રહ્યોહતો. ઘી ખલાસ થવા આવ્યું. જ્યોત ક્ષીણ થતી ગઈ. વાયુની લહેરખીએ જોયું કે હવે દીપક પર વિજય મેળવવાનું સહેલું છે. તો તે જૂથ જૂથ બનીને તેજ આક્રમણ કરવા લાગી. અંધકાર નીચે દબાયેલો પડ્યો હતો. આ સ્થિતિ જોઈને તે બોલ્યો; ''દીપક !હવે તારો અંત આવી ગયો છે. હવે થોડીક જ વારમાં અહીં મારું સામ્રાજ્ય સ્થપાઈ જશે.'' દીપક મલકાયો અને બોલ્યો; ''એ જોવાનું વિધાતાનું કામ છે કે કોનું સામ્રાજ્ય હશે. મારું ધ્યેય છે પ્રકાશ ફેલાવવા માટે નિરંતર બળતા રહેવાનું, તો પછી અંત સમયે હું તેનાથી વિમુખ શા માટે થાઉં ?

આની થોડીક વાર પછી જ્યારે અંતિમ ક્ષણ આવી તો દીપકે પોતાની સમગ્ર શક્તિઓને ભેગી કરીને એટલો પ્રકાશ ફેલાવી દીધો કે ત્યાંનો સંપૂર્ણ અંધકાર નષ્ટ થઈ ગયો પરંતુ દીપકનું આ બલિદાન એળે ન ગયું. કારણ કે વળતી જ ક્ષણે સૂર્યોદયની લાલિમા વાતાવરણમાં છવાવા લાગી હતી. પ્રકાશના પથ પર એકલા આગળ વધનાર ભલે ગમે તેટલા હારતા કેમ ન લાગે, દૈવી સંરક્ષણ સદાય તેમને વિજયનું શ્રેય અપાવે છે અને અગણિત વિભૂતિઓના અધિકારી બનાવે છે.

●●●

● રત્નકણિકા ●

- રૂપ અને યૌવનથી સંપન્ન તથા ઊંચા કુળમાં જન્મ લેવા છતાં પણ વિદ્યાવિહીન મનુષ્ય એમ જ સુશોભિત નથી થતો, જેમ ગંધ રહિત ઢાક (ટેસૂ) નાં ફૂલ શોભિત નથી થતાં.
- શક્તિશાળી લોકો માટે કયું કામ મુશ્કેલ છે ? કોઈ પણ નહીં. વેપારીઓ માટે કયું સ્થાન દૂર છે ? કોઈ પણ નહીં. વિદ્વાનો માટે વિદેશ કયો છે ? કોઈ પણ નહીં. મધુરભાષીઓ માટે પારકું કોઈ છે ? કોઈપણ નહીં, બધાં જ તેમનાં પોતાનાં થઈ જાય છે.

●●●

અમૃત મહોત્સવ (સંઘમેળો) - પ્રેરણાપીઠ-પીરાણા

સંવત ૨૦૭૧, ચૈત્ર સુદ - ૨, રવિવાર, ૨૨-૩-૨૦૧૫

-બાબુભાઈ એચ. પટેલ, અમરગઢકંપા.

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કૃપાથી પ્રેરણાપીઠ-પીરાણાના પવિત્ર સ્થળે દર વર્ષે પરંપરાગત રીતે ચૈત્ર સુદ - ૨ ના પાવન દિવસે અમૃત મહોત્સવ (સંઘમેળા)નો ઉત્સવ ભવ્ય રીતે ઉજવાય છે. આ દિવસે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત તેમજ ભારતભરમાંથી વિવિધ વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં પદયાત્રીઓ પગપાળા ચાલીને પ્રેરણાપીઠ દર્શનાર્થે આવે છે. સાથે સાથે આ શુભ પ્રસંગને માણવા અનેક યાત્રાળુઓ પણ હજારોની સંખ્યામાં દર્શનાર્થે આવે છે અને એક મેળા જેવું વાતાવરણ સર્જાય છે. જેને "સંઘમેળો" - "અમૃત મહોત્સવ" તરીકે ઓળખવામાં આવે છે.

ચાલુ વર્ષે પણ સં. ૨૦૭૧ના ચૈત્ર સુદ - ૨ ને રવિવાર તા. ૨૨-૩-૨૦૧૫ના સંઘમેળાને અનુલક્ષી આશરે ૨૭૦૦ ઉપરાંત પદયાત્રીઓ પગપાળા સંઘ સ્વરૂપે ચૈત્ર સુદ - ૧ ના સાંજ સુધીમાં પ્રેરણાપીઠ પધાર્યા હતા.

અમૃત મહોત્સવ પ્રસંગે ચૈત્ર સુદ - ૨ ના રોજ સવારમાં ૭-૦૦ કલાકે ઉત્સાહ પૂર્ણ વાતાવરણમાં પ.પૂ. જગદ્‌ગુરુ સત્પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ તથા સંતોએ સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજની સમાધિએ પૂજન અર્ચન વિધિ કરી હતી. ત્યારબાદ સૌ સંતોએ શણગારેલ રથો તેમજ વાહનોમાં વાજતે ગાજતે બેન્ડવાજાના તાલે હજારો ભક્તોની સાથે પદયાત્રીઓનું સ્વાગત કરવા શોભાયાત્રા સ્વરૂપે પ્રયાણ કર્યું હતું.

બાદમાં નિયત સ્થળે પ્રેરણાપીઠાધિશ્વર પ.પૂ. જગદ્‌ગુરુ સત્પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજના સાનિધ્યમાં સમગ્ર સંતો-મહંતો દ્વારા પદયાત્રીઓનાં (સર્વ સંઘોનાં) ક્રમવાર ચંદન-તિલક-ફૂલોથી સ્વાગત કરવામાં આવ્યાં હતાં. તમામ સંઘોની ધર્મ ધ્વજાઓને ચંદન-તિલકથી વધાવવામાં આવી હતી. આશરે ૨૭૦૦ ઉપરાંત પદયાત્રીઓનું ક્રમવાર સ્વાગત કરવામાં આવ્યું હતું.

પદયાત્રીઓના સ્વાગત બાદ પ્રેરણાપીઠની ફૂલવાડીમાં નવીન બંધાયેલ સભાખંડમાં ધર્મસભાનું સવારે ૮-૩૦ કલાકે આયોજન કરવામાં આવ્યું હતું. હજારોની સંખ્યામાં સભાખંડ ખીચોખીચ ભરાઈ ગયો હતો. પ્રથમ જગદ્‌ગુરુશ્રી તથા સંતોએ દીપ પ્રાગટ્ય કરી મંચસ્થ સ્થાન ગ્રહણ કર્યાં હતાં. ત્યારબાદ ગુરુકુળની બાલિકાઓ દ્વારા પ્રાર્થના સાથે ધર્મસભાની શરૂઆત કરવામાં આવી હતી. સંસ્થાના ટ્રસ્ટીઓ તથા બ્રહ્મભોજનના દાતાઓ તેમજ પદયાત્રીઓ દ્વારા સંતોનાં ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યાં હતાં.

ત્યારબાદ **ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વાલજીભાઈ છાભૈયા (નવસારી)** એ ઉપસ્થિત સૌ સંતો, પદયાત્રી તેમજ ભાવિક હરિભક્તોનું શાબ્દિક સ્વાગત કરતાં કહ્યું કે; પ્રેરણાપીઠ-પીરાણાના ગાદીપતિ પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા પૂ. સંતો-મહંતો તથા મહેમાનો તેમજ પગપાળા આવેલ પદયાત્રીઓ તથા હરિભક્તોનું સંસ્થા વતી હાર્દિક સ્વાગત કરું છું.

ત્યારબાદ ઉપસ્થિત સંતોએ પધારેલ પદયાત્રીઓ તથા ભાવિક હરિભક્તોને આશીર્વચન પાઠવ્યાં હતાં.

પ.પૂ. સંતશ્રી શામજીદાદા (સંત માતૃશ્રી કુંવરમા આશ્રમ - વજેપુરાકંપા) એ કહ્યું કે; આજના વૈજ્ઞાનિક ટેક્નોલોજીના યુગમાં બાળકોને જો ધર્મમાં જોડવાં હોય, બાળ સંસ્કાર આપવા હોય તો બાળકોને ગમતી રીતે જ્ઞાન આપવું પડશે. આ માટે પ્રકાશન સમિતિએ તથા મુંબઈની યુવા ટીમે નવી ટેક્નોલોજીનો અહીં આપણી સમક્ષ મોબાઈલ એપ્લીકેશન દ્વારા સાકાર કરવા પ્રયત્ન કર્યો છે. આમાંથી દરેકને પ્રેરણા મળે અને આપણે સૌ સાથે મળી ખભે ખભા મિલાવી પ્રગતિ, પ્રચાર કરવાનો છે. આ મુંબઈની યુવા ટીમને અભિનંદન.

શ્રી શાંતિભાઈ (મુંબઈ) : આપણા સંપ્રદાયનું નવું

પદાર્પણ કરવા જઈ રહ્યા છીએ આપણને ધર્મ પ્રચાર માટે હાથવગુ સાધન મોબાઈલ મળી ગયો છે. સૌની ઈચ્છિત વસ્તુ છે. પ.પૂ. જગદ્દગુરુશ્રીના આશીર્વાદથી પ્રકાશન સમિતિએ અને મુંબઈની ટીમે આ મોબાઈલ એપ્લીકેશન લૉન્ચ કર્યું છે. એન્ડ્રોઈડ ગુગલ મેપ ઉપર લૉન્ચ કર્યું છે.આપણા મોબાઈલનું વર્ઝન ખોલશું ત્યારે સત્પંથના નામનું અલગ અલગ પ્રકારની વેબસાઈટ મળશે. વિવિધ પ્રકારની ફાઈલો લોડ કરેલ છે.યુવાનો માટે પર્યાપરની વાતો છે. પેપરલેશ યુગની કાર્યવાહી છે. મુંબઈની યુવાટીમ -મહિલામંડળ અને સમાજે ખૂબ મહેનત કરી લોડ કરવાની મંજૂરી મળી છે. જે યુવા ટીમ આપણી સમક્ષ રજૂ કરશે. જી. એલ. ચૌધરી, રાજુ માવાણી, સંકેત પટેલ તથા યુવા પાટીદાર દર્શનના ટી.વી. એપ્લીકેશન જયંતિભાઈ પારસીયા દ્વારા સત્પંથનું જ્ઞાન સત્પંથના કાર્યક્રમોને રજૂ કરવામાં આવશે.

શ્રી બાબુભાઈ (ધારાસભ્યશ્રી - દસક્રોઈ) : આવા ધાર્મિક કાર્યક્રમથી સમાજની એકતા, સંસ્કાર, સંસ્કૃતિ જળવાઈ રહે છે. આ સમાજે પરંપરાને જાળવી રાખી છે તે જાણી આનંદ થયો. દેવદર્શનથી અને સંતોના આશીર્વાદથી લાભ થાય છે. સંસ્કાર હશે તો સમાજ ટકશે. સમાજ સંસ્કારી હશે તો દેશ ટકશે અને પ્રગતિ થશે. નવું વર્ષ સૌને લાભદાયી થાય એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

શ્રી જજસાહેબ - રાજકોટ : આપ સૌ ભાગ્યશાળી છો,કારણ કે તમને આવા જ્ઞાની સંતોની સામે બેસવાની તક મળી છે અને સત્સંગનો, જ્ઞાનવાણીનો લાભ મળે છે, જ્યારે મને ઊંચા આસને બેસવા મળે છે પણ મને લોકોના કૌટુંબિક, પ્રોપર્ટીના તથા ધાર્મિક ઝઘડા - તકરાર સાંભળવા મળે છે.મારી ફરજ છે, હું મુક્ત નથી થઈ શકું તેમ નથી. હું ઊંચે ખુરશી પર બેસું છું છતાં પણ હું મારાથી ઊંચી ખુરશી પર બેસવાવાળા સંતનાં દર્શન કરવા આવ્યો છું. અહીં લોકો પોતાના વાહન લઈ જાતે જ આવે છે જ્યારે રાજકારણમાં લોકોને લાવવા પડે છે. અહીં ઉલટી ગંગા છે. સંતોના શરણમાં પ્રયાગરાજ છે. ગંગા-જમના છે. જ્ઞાનવાણીનું પાણી પીઓ અને આપણી જાતને સુરક્ષિત રાખો.

સત્સંગમાં આવવું એ પણ એક શોભા છે. અહીં સંતોના આશીર્વાદથી માનસિક શાંતિ મળે છે.જે જોઈએ તે મળી રહે છે. આપ પગપાળા આવો છો એ સંતનું આકર્ષણ ખેંચી લાવે છે. જીવનને સફળ, સાર્થક બનાવવા માગતા હો તો સતત સંતના સંપર્કમાં રહો. રાજા-મહારાજાઓએ પણ સંતને ઊંચો દરજ્જો આપ્યો છે.

પ.પૂ. યોગાચાર્ય શ્રી પ્રેમદાસબાપુ (પંચવટી - દહેગામ) : આ કુંવારીકા ક્ષેત્રમાં એવી શક્તિ છે જે બધાને અહીં ખેંચી લાવે છે. સદ્દગુરુ શ્રી ઈમામશાહ મહારાજની તપોભૂમિ છે. આ ખેંચાણ અખંડ તપસ્યાનું કારણ છે. સૌ હરિભક્તો, પગપાળા દર્શન માટે આવે છે. વૈજ્ઞાનિક ટેક્નોલોજીથી ખૂબ કમાઓ સાથે સાથે ત્યાગની ભાવના રાખજો જેથી બીજાનું કલ્યાણ થાય. બિલ ગેટ્સે પણ પોતાના સંતાનો માટે હિસ્સો રાખી બાકીનો હિસ્સો - મિલ્કત સેવાભાવી સંસ્થાને દાન માટે આપી દીધો અને પોતાનું ધનવાનોમાં નામ હતું તે સાકાર કર્યું. સંતો આપણને આવું શીખવાડે છે. સૌ સુખી થાઓ.

પ.પૂ. મહામંડલેશ્વર શ્રી જનાર્દનહરિજી મહારાજ (ફૈજપુર - મહારાષ્ટ્ર) : આ પ્રસંગ સદ્દગુરુની કૃપા મેળવવાનો અવસર છે. આપણા ધ્યેય સુધી પહોંચવા માટે તકલીફ જરૂર પડે છે. બધી જ સુવિધા છોડી તાપ-તડકામાં, વરસાદમાં, ઠંડીમાં, રસ્તામાં બેસવા સુવાની સગવડ નથી છતાં આટલી અગવડમાં પણ આનંદ અનુભવે છે આ પદયાત્રીઓનો અનુભવ છે.હું વંદન કરું છું કારણ કે આ પરંપરા ત્યાગથી ચાલે છે. પદયાત્રીઓના કારણે સત્પંથની પરંપરા ચાલે છે. ગામે ગામ સંપ્રદાયનો પ્રચાર થાય છે તે જરૂરી છે. જીવન જીવવા માટે શ્રધ્ધા વિશ્વાસ જરૂરી છે. સદ્દગુરુ પ્રત્યે આપણી કેટલી શ્રધ્ધા છે, વિશ્વાસ છે અને નામ સ્મરણથી મનને શાંતિ મળે છે.

આપણી પરંપરા એટલી ઊંચી છે કે જગતના કોઈપણ સંપ્રદાયમાં નથી દરેકમાં ભક્તો સંતોનાં સામૈયાં કરે છે. અહીં સંતો ભક્તોનાં સામૈયાં કરે છે. આપણી વિચારધારા કેટલી ઊંચી છે પગપાળા ભક્તોનાં સામૈયાં

પ.પૂ. જગદ્‌ગુરુશ્રી કરે છે. આ પરંપરાને આગળ લઈ જવાની છે સદ્‌ગુરુએ પોતે જાતે વ્યવહારમાં મૂકી શિષ્યને સન્માન આપ્યું જેથી વર્ષોની પરંપરા આજે પણ ચાલી આવે છે. માન-સન્માન-પ્રતિષ્ઠાનો ત્યાગ કરી કાર્ય કરવાની જરૂર છે. આવી દિવ્ય પરંપરાના આપણે અનુયાયી છીએ તેનું ગૌરવ હોવું જોઈએ. સત્પંથનો પ્રચાર - પ્રસાર દરેકે જાતે જ કરવો જોઈએ. સદ્‌ગુરુના ઊંચા વિચારોને ઘર - ઘર સુધી પહોંચાડી શકીએ. જેની સાથે નફરત થાય તેનો બોજ વધી જાય છે. નફરતનો બોજ હટાવી સત્પંથ માટે જીવીએ.

પ.પૂ. જગદ્‌ગુરુ સત્પંથાચાર્યશ્રી નાનકદાસજી મહારાજ (પ્રેરણાપીઠ - પીરાણા) : આ પર્વ ૬૦૦ થી વધુ વર્ષથી પરંપરાગત રીતે ઉજવાતું આવે છે.આ પરંપરાગત પર્વની શરૂઆત કચ્છના હરિભક્તો દ્વારા કરવામાં આવી છે.આ સંઘમેળાના દિવસે સૌ હરિભક્તો સદ્‌ગુરુનાં દર્શન કરવા પગપાળા પ્રેરણાપીઠ પધારે છે. પોતાની શ્રધ્ધા - વિશ્વાસથી આવે છે. પોતાના સંકલ્પો, મનોરથો પૂરા કરે છે. પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી પદયાત્રીઓને રસ્તામાં કોઈ તકલીફ પડતી નથી. સૌ હરિભક્તો ભજન-કીર્તન કરતા કરતા ખૂબ દૂર-દૂરથી અગવડો વેઠીને આનંદથી પધારે છે. ભક્તિનો રંગ હોય છે. રક્ષા અને શક્તિ આપવા વાળો સાથે જ હોય છે. માયામાં રહેવા છતાં માયામાં લોપાઈ ન જાય અને ધર્મને ઉજાગર કરવાનો આ અવસર છે. સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજ દિવ્ય જ્યોતિમાં સાક્ષાત્ હાજરા હજૂર છે. મંદિરમાં જઈ જ્યોત સાથે તાદાત્મ્ય મેળવી સંધાન કરવું.

ભક્તિ કરવી તો ધ્યાનથી કરવી. થોડામાં થોડો સમય કરો પણ ધ્યાનથી કરો તો જાણે અજાણે થયેલ ગુના માફ થાય છે. આપણા દિવસ દરમ્યાન થયેલા કામનો હિસાબ - વિચાર મંદિરમાં જઈ કરજો, એમાં કેટલું સત્ય - અસત્ય છે તે નક્કી કરજો. મનુષ્ય અવતાર વારે વારે મળવાનો નથી. આપણો ઉદેશ ચોર્યાશીના ફેરામાંથી મુક્તિ મેળવવાનો છે. આપણને આ અવતારે સુખ સંપત્તિ ખૂબ મળ્યાં છે. તો મનુષ્ય અવતાર સફળ કરજો નહિ તો આ દેહને ફરી અવતાર લઈ દંડ ભોગવવો પડશે. ઋષિમુનિઓની પવિત્ર ભારત ભૂમિમાં ઉચ્ચ કુળમાં અને વળી સત્પંથ સંપ્રદાયમાં મનુષ્ય અવતાર મળ્યો છે. શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના જાપ જપજો, સ્મરણ કરજો, ભક્તિ કરજો. કલિયુગમાં શ્રી નિષ્કલંકીના જાપનો વારો છે.

આજે આપ સંઘમેળામાં પગપાળા આવ્યા છો તથા મહેમાનો હરિભક્તો અહીં દર્શન કરવા પધાર્યા છો તેમને મારા ધન્યવાદ - આશીર્વાદ, આપની ભક્તિ સફળ થાઓ. આજના વૈજ્ઞાનિક યુગમાં જે પ્રકાશન સમિતિએ મોબાઈલ એપ્લીકેશન લોન્ચ કરી છે તેમાં સફળ થઈએ, તેનો સદ્‌ઉપયોગ કરીએ, જેમણે આ કાર્ય કર્યું છે તે સમિતિ અને યુવા ટીમ મુંબઈને જશ મળે સફળતા મળે સૌને ઉપયોગી થાય તેવા આશીર્વાદ, આજના પ્રસંગના ભોજનદાતા, ચા-નાસ્તાના દાતા તથા અન્ય દાતાઓને તથા જેમણે પોતાનું યોગદાન આપેલ છે તેમને આશીર્વાદ. સંચાલકશ્રીઓ સારું સંચાલન કર્યું તેમને અભિનંદન.

આભાર વિધિ :- શ્રી હરિભાઈ એમ. પટેલ (મંત્રીશ્રી - ક. ક. પાટીદાર સમાજ) : આજના આ પર્વમાં પદયાત્રીઓ પગપાળા પધાર્યા તેથી આપણી પરંપરા જળવાઈ તો તેમનો ખૂબ ખૂબ આભાર. પ્રકાશન સમિતિએ મોબાઈલ એપ્લીકેશન કરી ધર્મ પ્રચાર - પ્રસાર માટે જે યોગદાન આપ્યું જેથી સમિતિ તથા શાંતિભાઈની ટીમનો આભાર તથા ભોજનદાતાઓએ મહાપ્રસાદ જમાડી સૌને તૃપ્ત કર્યા તેમનો આભાર, દાન-ભેટ તથા પ્રસાદ સમિતિએ (વડાગામ) ખૂબ સારી સેવા આપી છે. ખેડા વિભાગના સ્વયંસેવકોએ આ પ્રસંગને વ્યવસ્થા પૂરી પાડી તેમનો આભાર, લાઈટ ડેકોરેશન - પાણી તથા રસોયાનો ખૂબ ખૂબ આભાર. છેલ્લે પૂ. સંતોએ દિવ્ય જ્ઞાન વાણીથી હરિભક્તોને આશીર્વાદ આપ્યા. તેમનો આભાર. સંચાલકશ્રી જશુભાઈ, પ્રિ. શ્રી શાંતિભાઈનો પણ ખૂબ ખૂબ આભાર.

(અનુસંધાન પેજ - ૩૨ ઉપર..)

ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જ્યોતિ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

મુ. નટવરપુરાલાટ, તા. બાલાશિનોર (તા. ૨૬-૩-૨૦૧૫)

નટવરપુરાલાટ એટલે મહીસાગર નદીના ઊંડા ઊંડા કોતરો વચ્ચે દિવસે પણ રસ્તો ન સૂઝે તેવી વનરાઈ વચ્ચે કોતરોને સમથળ કરી બાલાશિનોર તાલુકાનું છેવાડાનું નાનું સરખું સાત ઘરનું ગામ. ચાલીસથી પચાસ માણસની સંખ્યા ધરાવતા ધાર્મિક ભક્તિ ભાવથી રંગાયેલ ગ્રામજનોએ મંદિર નિર્માણનો સંકલ્પ કર્યો અને તે સંકલ્પ સાકાર થતાં તા. ૨૬-૩-૨૦૧૫ને ગુરુવારના શુભદિને શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જ્યોતિ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા કરવાનું નક્કી કરવામાં આવ્યું.

સંવત ૨૦૭૧ના ચૈત્ર સુદ-૬ને બુધવાર તા. ૨૫-૩-૨૦૧૫ના સવારે ૮-૦૦ કલાકે બાલાશિનોરના સોનાલિકા શો-રૂમ આગળ સૌ સંતો પધારતાં સૌનું ચંદન-ચોખા-ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું અને સુશોભિત વાહનોમાં સંતોની પધરામણી કરી બાલાશિનોર શહેર મધ્યે થઈ. વાજતે-ગાજતે નટવરપુરા લાટ શોભાયાત્રા આવી પહોંચી.

ધર્મસભામાં પ્રથમ સંતોની સાથે પ.પૂ. જગદ્‌ગુરુ સત્‌પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ - ગાદીપતિ શ્રી પ્રેરણાપીઠ - પીરાણાના વરદ્ હસ્તે ઉપસ્થિત સંતોના સાનિધ્યમાં દીપ પ્રાગટ્ય કરી ધર્મસભા શરૂ કરવામાં આવી. ગ્રામજનો દ્વારા સંતોનાં ચરણામૃત લેવામાં આવ્યાં. ત્યારબાદ સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજના પ્રતિક તથા ઉમિયા માતાના પ્રતિકનું ચંદન-ચોખા-ફૂલહારથી પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ સંતોનાં ચંદન-ચોખા-ફૂલહારથી પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ સંતોનાં પૂજન કરી શાલથી સન્માન કરવામાં આવ્યાં.

ગામની દીકરીઓએ પ્રાર્થના તથા સ્વાગતગીતથી ધર્મસભાની શરૂઆત કરી. સ્વાગત પ્રવચન શ્રીમાન શામજીભાઈ કવિએ કરતાં કહ્યું કે; આ મંગલ પ્રસંગની શોભા કરનાર પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા પ.પૂ. આચાર્યશ્રી અવિચલદાસજી મહારાજ (કૈવલજ્ઞાન પીઠાધીશ્વર - સારસા) તથા ઉપસ્થિત સૌ સંતો, હરિભક્તો, આમંત્રિત મહેમાનોએ અમારાં આંગણા પવિત્ર કર્યા, અમારા પ્રસંગને શોભાવવા પધાર્યા તે પ્રસંગે સૌનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું.

ત્યારબાદ ઉપસ્થિત સંતો - મહંતોએ આશીર્વચન પાઠવ્યા હતા.

શ્રી શાંતિ ભગત (ગોતાકંપા) : જ્ઞાન કથા સાંભળીએ પણ જીવનમાં ઉતારશુ નહિ તો ફાયદો નહિ થાય. જેમ દવા ઘેર લાવવાથી ફાયદો થતો નથી તે ખાવાથી ફાયદો થાય છે. તંદુરસ્ત, સંસ્કારી ભક્તિવાળા બનો. ઘરને મંદિર બનાવીએ તો ઘરમાં આવે ભગવાન.

પૂ. સંતશ્રી શાંતિદાસજી મહારાજ (અખંડ આનંદ કુટીર - ગોતાકંપા) : નટવરપુરાના યુવાનો કાળને બદલવાની, આકાશને આંબવાની શક્તિ ધરાવે છે. સત્‌પંથ સીધી સડક છે. આ રાહ પર ચાલવાવાળો કદી ભટકતો નથી. સૌનો ઉત્સાહ ઉમંગ અદ્‌ભુત છે. સંતોને પ્રાર્થના છે કે આ ગામ પર આશીર્વાદ વરસાવતા રહેશો. ધર્મના માર્ગે દિન પ્રતિદિન પ્રગતિ કરતા રહે, ધર્મના માર્ગે ચાલે, સુખ-સમૃધ્ધિ-શાંતિ મળે તેવી પ્રાર્થના કરજો.

પૂ. નારણબાપા (મેત્રાલકંપા) : લોકો પરમેશ્વરને ભૂલી ગયા છે. આપણામાં બેઠેલને ઓળખવાનો છે. શ્વાસમાં ધ્યાન રાખો. છ મહિના સુધી ઈશ્વરનું ધ્યાન રાખો ઓળખાઈ જશે. શરીરના બીજા અંગો હાથ, પગ, મ્હો, આંખ, જીભ, ઈન્દ્રિયો વગેરે કહે કે અમારા વગર નહિ ચાલે પણ જ્યારે જીવ જવા માંડે ત્યારે બીજાને સમજાય કે તેના વગર કંઈ નથી. જેમ મંદિરમાં ભગવાનને બેસાડીએ છીએ તેમ હૃદય મંદિરમાં પણ ભગવાનને બેસાડો.

પ.પૂ. સંતશ્રી જયભગવાનબાપા (લક્ષ્મણપુરાકંપા) : સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજે સત્યનો રાહ બતાવ્યો છે તે રાહે ચાલવાનું છે. શિક્ષાપત્રીના નિયમો જીવનમાં ઉતારી જ્ઞાનમય બનવું. ગુરુની કૃપા માટે સદ્‌ગુણી,

પ્રામાણિક, પરોપકારી જીવન હોય ત્યારે કૃપા થાય. આપણા શરીરને તપ ભક્તિ રૂપી અગ્નિથી પકાવવું પડે છે, તો જ તેમાં જ્ઞાનરૂપી પાણી ભરી શકાય છે. આ માટે પ્રથમ મા-બાપની સેવા કરવી, ગુરુની સેવા તથા આજ્ઞાનું પાલન કરવું, શ્રધ્ધા - વિશ્વાસ રાખવો, વ્યશન અને ફેશનથી દૂર રહેવું, જ્ઞાનને માર્ગે ચાલવું. આત્મા શરીરમાં બિરાજમાન છે તે જ્યોતિ સ્વરૂપે છે. આત્મા જ સત્ય છે.

પ.પૂ. યોગાચાર્યશ્રી પ્રેમદાસબાપુ (પંચવટી - દહેગામ): કલિયુગમાં મંદિરની ખૂબ જ જરૂર છે. પાંચ જ ઘરની ભક્તિવાળા ભાવિકોએ મંદિર નિર્માણ કર્યું છે. મંદિર એટલે મનનું ઘર (દર). સાપને દરમાં જવા માટે સીધા થવું પડે તેમ માણસે મનમંદિરમાં જવા માટે કામ-ક્રોધ-લોભ-મોહ-માયા-મમતા-મત્સર-અભિમાન-ઈર્ષા વાસના-કપટની ગાંઠો છોડીને મંદિરમાં જવું પડશે.

શરીરમાં ત્રણ ગટર ઠલવાય છે. ચોરી, જારી, હિંસા. જે શરીરથી થાય છે. જપ-તપ-ભક્તિ મનથી થાય છે. મનના ત્રણ દોષ છે. અહંતા - મમતા - ઈર્ષા. ત્રણ વાણીના દોષ છે. જૂઠ - નિંદા - કઠોરતા. કોઈ કોઈની નિંદા કરશો નહિ. સત્સંગના જ્ઞાનનું મનન કરજો, ચિંતન કરજો. ગુરુ શબ્દ રૂપી દોર ફેંકે છે. શબ્દને ઓળખવાનો છે. સ્વભાવ ગમે તેવો હોય પણ સંપ-સહકાર-સંગઠન થી રહેજો. ઘરમાં સાસુ-વહુ, ભાઈ-ભાભી, દેરાણી-જેઠાણી વગેરેએ સંપથી રહેવું. સહનશીલતા રાખવી. જેમણે સહયોગ આપ્યો છે તેમને દૈવી સંપત્તિ મળેલ છે તે આવા પ્રસંગે વાપરે છે.

પ.પૂ. સંતશ્રી રતિબાપા (સંત માતૃશ્રી કુંવરમા આશ્રમ -દરસડી - કચ્છ) : મંદિર એકતાનાં દર્શન કરાવે છે. આ ઉત્સાહ કાયમી બની રહે તેવી ભાવના. મંદિર પૂજા ભક્તિ માટે ઉપયોગી થાય છે. શિક્ષાપત્રીના નિયમોનું પાલન કરવું જોઈએ. આપણી વાણી એ જ આપણું વર્તન હોવું જોઈએ. સદ્‌ગુરુએ નરમાંથી નારાયણ બનાવવાની રીત બતાવી છે. ગુરુના વચનોનો અમલ કરીએ તો માનવમાંથી દેવ બની જવાય. આ સંસાર સ્વપ્ન જેવો છે, તો આજથી જ જાગો ભક્તિમાં લાગી જાવ.

પ.પૂ. સંતશ્રી તુલસીબાપા (પાવનધામ - વડાલીકંપા) : મનને સમજાવવાની શાંતિ મંદિરમાંથી મળે છે. ઘરનો કચરો ઉકરડે જાય તેમ મનનો વિચારરૂપી કચરો મંદિરમાં જાય. કીડી-મકોડી, જીવજંતુ પગ નીચે કચડાય આ જે પાપ થાય તેના માટે મંદિરમાં જઈ પ્રાર્થના કરવી તો પાપ માફ થાય. વહેલા ઉઠજો ભક્તિ કરજો. ભવના ફેરા મટાડવા સત્સંગ જરૂરી છે. સાથે સાથે મનના મેલને પણ કાઢજો. પ્રથમ પગથિયું મા-બાપને ભૂલશો નહિ. સેવાધારી કે ભક્ત આગળ રહે છે. દૂધમાં ઘી છે પણ દેખાતું નથી પણ તેની પ્રક્રિયા કર્યા વિના ઘી મળતું નથી તેમ કાયા કસ્યા વિના જોગ નહિ સૂજે. શ્રધ્ધા વિશ્વાસ જરૂરી છે.

પ.પૂ. મહંતશ્રી સિવગણદાસજી મહારાજ (કાદિયા - કચ્છ) : સત્સંગના શબ્દને પકડે તે ચતુર કહેવાય. ન પકડે તે મૂરખ. બે આંખે દેખાય છે તેને છોડો. સદ્‌ગુરુના શરણ વિના વાસનાનું બીજ બળશે નહિ. મનના ગુલામ થાશું તો ભક્તિમાં આગળ જવાશે નહિ. આ દુનિયા સ્વાર્થની છે. આ મનુષ્ય ઉત્તમ અવતાર મળ્યો છે તો ભક્તિ અને પરમાર્થનું કામ કરો. મનુષ્યને વધારામાં બુધ્ધિગત જ્ઞાન આપ્યું છે. પશુમાંથી મનુષ્ય, નરમાંથી નારાયણ બને પણ તે ઉત્તમ કરણી કરે તો. પરમાત્માએ શક્તિ આપી છે પણ પરમાત્મા ઓળખાતો નથી. કારણ કે દર્પણ (અરીસા) મેલના આવરણથી ઢંકાયેલ છે. તેમ મન (આત્મા) અજ્ઞાનના આવરણથી ઢંકાયેલ છે. પાંચ ઈન્દ્રીયો મનને વશ કરવાનાં સાધનો છે. મનુષ્ય અવતાર મુક્તિ મેળવવાનું સાધન છે તે વારંવાર મળતો નથી. વાડીનું રક્ષણ- વાડ, પાણીનું રક્ષણ પાળ, ધર્મનું રક્ષણ નિયમ. ધર્મનું રક્ષણ આપણે કરીશું તો ધર્મ આપણું રક્ષણ અવશ્ય કરશે. દવા લીધા વગર રોગ મટે નહિ. દવાની પૂજા કરવાથી રોગ મટે નહિ, પણ દવા લેવી જરૂરી છે, તેમ શિક્ષાપત્રીના નિયમો પાળ્યા વગર ધર્મ રહેશે નહિ. ઝાડા પરથી પડેલ પાન પાછું જતું નથી તેમ આપણા દેહ પડશે પછી પાછો નહિ મળે. મનને સુધારવા આહાર શુધ્ધ, પવિત્ર જોઈશે. જેવું અન્ન તેવું મન, જેવું પાણી તેવી વાણી.

પ. પૂ. મહંતશ્રી રવિદાસજી મહારાજ (પ્રેરણાપીઠ - પીરાણા) : આ ગામના લોકોએ ઉત્સાહથી પ્રતિષ્ઠા કરી

છે. દરરોજ દર્શન કરવા જજો. આનંદ થશે, સત્સંગ - ભજન - કીર્તન કરજો. સત્સંગનો મહિમા બહું જ અનેરો છે. લવ સત્સંગ તપ કરતાં વધારે આગળ છે. વિશ્વામિત્ર ઋષિ અને વશિષ્ટમુનિએ પૃથ્વીમાતા પાસે આનો ન્યાય કરાવ્યો અને પરિણામે લવ સત્સંગનું પલ્લુ ભારે થયું. મૂંગા અબોલા પ્રાણી ઢોરની સેવા કરજો, તે વ્રત, તપ, તીર્થ જેટલું જ કિંમતી છે. આપણું દાન-પુણ્ય,ભક્તિથી પરમાત્માના પ્રિય થવું, જીવન સુધારવું.

પ.પૂ. મહંતશ્રી શામળદાસજી મહારાજ (પ્રેરણાપીઠ - પીરાણા) : સૌ જપ-તપ કરજો તો તમને અને પાછલી પેઢીને કામ લાગશે. આપણી પાછલી પેઢી અનુકરણ કરશે. પ્રાર્થના કરજો બાળકો સંસ્કારી બને. માગવું તો ભગવાન પાસે માગવું. જે બીજા પાસે માગે તેની પાસે શું માગવું ? કલિયુગ આપણામાં આવી ન જાય તે ધ્યાન રાખજો. નિયમમાં રહેવું વ્યશન અને ફેશનથી દૂર રહેવું.

પ.પૂ. મહામંડલેશ્વર શ્રી જનાર્દનહરિજી મહારાજ (ફૈજપુર - મહારાષ્ટ્ર) : ''કલિયુગે સંગે શક્તિ'' આ સમાજનો વિકાસ બતાવે છે. કે સંગઠનથી મહા ભગીરથ કામો પાર પડે છે. આજુબાજુ વિસ્તારના હરિભક્તોની મદદથી આ નાના ગામે પણ ગોવર્ધન ઉપાડવાનું મહાન કામ કરેલ છે.આટલી મોટી સંખ્યામાં હરિભક્તો નટવરપુરા ગામમાં મંદિરની પ્રતિષ્ઠા માટે પધાર્યા અને સ્વપ્નને સાકાર કર્યું. આ પ્રમાણ છે. યુવાનોને ધન્યવાદ, પરંપરાને જાળવી છે. દશ અવતાર ટેબ્લોવાળા યુવાનોને ધન્યવાદ. સંતવાણીમાંથી જે શબ્દ મળે તે જીવનમાં ઉતારજો.

સત્ય જે અવિનાશી અખંડ છે. આગળ કંઈ જ નથી. આ સૃષ્ટિના નિર્માણ પહેલાંથી સત્ય સ્થિત છે. શાશ્વત એ સત્ય તરફ જવાનો રસ્તો છે તે પકડે તે સત્પંથી અને જે ન પકડે તે સત્પંથી નથી. ક્ષણિક સુખની કામના કરે તે સત્પંથી નથી. આનંદ પામવાની કોશિષ કરો. સોનું એ શોભા નથી, પણ સત્ય એ જ ગળાની શોભા છે. મુખથી સત્ય બોલવું. સત્નું ચિંતન કરવું. કાનનો શણગાર એટલે સંતવાણી જ્ઞાન સાંભળવા. ચોર્યાશી લાખ જન્મનું પુણ્ય હોય તો જ સત્પંથમાં જન્મ મળે છે. મનુષ્ય યોનિ મળી, દિવ્ય સત્પંથ મળ્યો, દિવ્ય પરંપરાને માનો છો તે સૌભાગ્ય છે. કોઈનું ભલુ થાય એવી વિચારધારા હોવી જોઈએ. ભગવાન પાસે પોતાના માટે બધા જ માગે પણ જ્યારે બીજાના કલ્યાણ માટે, ભલા માટે માગે એ જ દિવસથી સત્પંથી બનશો.

પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજ (સંતશ્રી નાયાજી સંસ્થા - કુકસ) : સાધુ-સંતો જે જગ્યાએથી પસાર થાય તે જગ્યાની રજ પણ ભક્તો માથે ચઢાવે છે. અહીં સંતના પગલાં પડતાં અંદર પડેલ અવગુણ,કુસંસ્કાર આપોઆપ દૂર થાય છે. મા - મહાત્મા અને પરમાત્મા એ ત્રિવેણી સંગમ છે. દર્શન કરવા જાવ ત્યારે બાળકોને સાથે લઈ જજો. બાળકો આપણું અનુકરણ કરશે. મા પાઠશાળા છે. નવ મહિના ગર્ભમાં હોય ત્યારે જે માતા જેવો ખોરાક લે, જેવું વિચારે, વાચન કરે, જેવું વર્તન કરે તેવા સંસ્કાર બાળક ઉપર પડે છે. ભૌતિક સાધનો ખોટાં નથી, પણ તેનો સદ્ઉપયોગ કરજો. નવ મહિના સાચવશો તો બાળકોમાં આપોઆપ સંસ્કાર, વિવેક, કુનેહ, બુધ્ધિ આવશે. વિશ્વાસરૂપી છત્રી હોવી જોઈએ.

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન આવશે તેમ સદ્ગુરુની વાણી ઉપર વિશ્વાસ રાખજો. સત્યને પંથે ચાલવું તે સત્પંથ. વસ્ત્રો સફેદ હશે તો અંદર પણ ઉજળા થવાશે, પણ વિચારો ઊંચા હોવા જોઈએ. વસ્ત્રોનો પ્રભાવ છે. આંબો રોપજો બાવળ વાવતા નહીં. વડીલોના કરેલ પુણ્ય - સંસ્કાર આપણને મળે છે તો આપણે પણ ભાવી પેઢીના કલ્યાણ માટે કંઈક કરવું જોઈએ. પાણી મીઠુ પીએ અને આંસુ ખારાં આવે છે તેમ સત્સંગથી કામ-ક્રોધ-મોહ-માયા બહાર આવે છે. હૃદય ગળે છે. પ્રાર્થનામાં એવી તાકાત છે કે ચૌદ ભુવનના નાથને પણ ધ્રુજાવશે. પ્રાર્થના આત્માનો ખોરાક છે. ગદ્ગદ્ કંઠે તમે પ્રાર્થના પોકારજો. પરમાત્મા પ્રેમથી સાંભળશે. દર્પણનો મેલ દૂર કરવા સફાઈ કરવી પડશે. તેમ અંતઃકરણને જ્ઞાનથી સાફ કરવું પડશે.

ધર્મ એટલે ફરજ. મા-બાપ, ભાઈ-બહેન, જેઠાણી-દેરાણી, નણંદ-ભોજાઈ પોતાની ફરજ સમજે તે ધર્મ. સમર્પણનો ભાવ જાગે. એકબીજાને સુખ-દુઃખમાં સમજવાની જરૂર છે. નાળિયેર જેવા બહારથી કઠોર

પણ અંદરથી મીઠા અને કોમળ બનજો.

પ.પૂ. મહંતશ્રી જયરામદાસજી મહારાજ (શ્રી નિષ્કલંકીધામ - નખત્રાણા) : મનુષ્ય પોતાની હોંશીયારીમાં રહી જાય છે. ભગવાને બધું જ આપ્યું છે. બુધ્ધિ - સંપત્તિ - સમજણ - સુવિધા છે. હર પ્રકારે સુખી છીએ. આ સુખને જાળવી રાખવું હોય તો શું કરવું ? હરિભક્તો નિયમમાં રહીશું તો પાવર આવશે. એક નૂર આદમી હજાર નૂર કપડાં, લાખ નૂર વિવેક, કરોડ નૂર આત્મજ્ઞાન, આત્માનો સંબંધ પરમાત્મા સાથે છે. આ દુનિયા શાશ્વત નથી નાશવંત છે. જ્યારે દેહભાવ ભૂલાશે ત્યારે દુર્ગુણ હટી જશે. મનુષ્ય ધર્મના વિવાદમાં રાહને ભૂલી જશે. દયા, નમ્રતા, દીનતા, ક્ષમા, શીલતા, સંતોષનું આચરણ કરે, નામ સ્મરણ કરે તો પામે મોક્ષ. દસે ઈન્દ્રીયોનો ક્ષય કરવો તે મોક્ષ. કલિયુગમાં અથર્વવેદનું પતું હાથમાં છે. તેના નિયમો આચરણમાં લેવાથી મોહનો ક્ષય થાય છે.

આજે સત્સંગનો પ્રભાવ ઘટ્યો. જાપ-ભક્તિ ઘટી. કારણ કે સમજ નથી. સત્સંગ, સ્મરણ, ભક્તિ, તીર્થ, વ્રત, યોગ કરો. વૈરાગ્ય વધશે. હૃદય એક મંદિર છે તેને સ્વચ્છ કરવું હોય તો સાધન શું ? નામ સ્મરણ અને સત્સંગ. સત્સંગથી મનુષ્યનું મન ભટકતું અટકે છે. મનુષ્ય પરમાત્માની નજીક જવા મંડે છે. શ્રવણ ઈન્દ્રીય દ્વારા સંભળાય તે શબ્દ હૃદયમાં રહે છે. સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજે કહ્યું છે કે ચોખ્ખાઈ ચતુરાઈમાં રહેવું. મનનો ખોરાક સત્સંગ છે. મનને સત્ય ગમતું નથી. વૈરાગ્ય નથી એટલે સત્યને પકડી શકાતું નથી. શબ્દને હૃદય સુધી લઈ જવો, મનન કરવું અને આચરણમાં મુકવું. ધર્મ મર્યાદામાં છૂપાયેલ છે. વ્યશન - ફેશન અને પહેરવેશમાં ધ્યાન રાખશો.

પ.પૂ. સત્ કૈવલ જ્ઞાનપીઠાધીશ્વર આચાર્યશ્રી અવિચલદાસજી મહારાજ (સારસા) : હાલના સમયમાં જે વૈજ્ઞાનિક સાધનો વ્યવહારમાં વપરાય છે તેમાં વધારેમાં વધારે ખતરો હોય તો તે યુવાનોને છે. પણ જે પરિવાર, યુવાન, સંપ્રદાય - ધર્મ સાથેના માધ્યમથી સંતો સાથે જોડાયેલ છે એટલા જ બચી શકશે. બાકી બચવા મુશ્કેલ છે. સમાજમાં કમી હોય તો તે માત્રને માત્ર આમન્યાની છે. પહેલાં વડીલોની હાજરીમાં યુવાનો ગમે તેવું વર્તન કરી શકતા નહીં એવી આમન્યા હતી. સંતોના સાનિધ્યમાં જ આમન્યા જળવાય છે. સમાજે - પરિવારે સંતોની આમન્યા સ્વીકારી છે તે સમાજ સલામત છે. સંતોનું કામ - જવાબદારી સમાજના ઉત્કર્ષની છે. આજે આંતરિક વિકાસ સામે જોતા નથી. પહેલાં બાંહેધરી આપીને વચન પળાતું. હવે જૂઠું બોલવું, સારું લાગે તેવું બોલવું તેને વિકાસ માને છે. પહેલાં મહેનત કરીએ તેટલું મળે તેમાં ખુશી હતી. પછી મહેનત કરતા બમણું મળે, અત્યારે વગર મહેનતે મળે તેમાં વિકાસ માને છે. આ અધોગતિ છે. સગવડો વધે પણ સુખમાં ફરક ન પડે. સુખની પારાશીશીથી દુઃખ વધે છે. આપણા દેશમાં સંતો દ્વારા શ્રધ્ધા અને ધર્મભાવ ભરવામાં આવે છે. જેથી લોકો માનસિકતા ગુમાવતા નથી. જેમણે ધર્મનો ખીલો પકડ્યો છે તે સલામત છે. બાકીના માયાના ચક્કરમાં ફસાયા છે. ધાર્મિક મેળાવડાથી, સત્સંગથી ખીલા મજબૂત બને છે.

સંપ માટે સહનશીલતા જરૂરી છે. સંપ સંગઠનથી શક્તિ વધે છે. દરેક કાર્યક્રમ યુવાશક્તિથી સફળ થાય છે. યુવાનો ધર્મ સાથે જોડાય તો દુષણથી બચી શકશે. આત્મા અનુશાસન ધર્મથી જ થાય છે. કાયદા કે કાનૂનથી અનુશાસન શક્ય નથી. મંદિરમાં ખર્ચેલ પૈસો મજરે મળે છે. આ રોકાણ પાછલી પેઢીને ઉપયોગી થાય છે. સમાજ સંગઠન બદલ સૌને અભિનંદન. સૌ સુખી થાઓ અને બીજાને સુખી કરો.

પ.પૂ. જગદ્‌ગુરુ સત્પંથાચાર્યશ્રી નાનકદાસજી મહારાજ (પ્રેરણાપીઠ - પીરાણા) : શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જ્યોતિ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા નિર્માણ થાય એ આનંદની વાત છે. ગામ લોકોની ધર્મભાવના અને જરૂરીયાત સમજાઈ છે. સદ્‌ગુરુએ આપેલ આચાર સંહિતા પ્રમાણે સવાર-સાંજ મંદિરે દર્શન કરવા ભલામણ કરું છું. તો જ મંદિર નિર્માણનો હેતુ સફળ થશે. મંદિરમાં જઈ સાચા હૃદયથી પ્રાર્થના કરજો. સંતના સંગથી પ્રભુને અવશ્ય આવવું પડે છે. સત્સંગથી આત્મજ્ઞાન થાય છે. જીવન ઘડતર થાય છે. રસોઈ બનાવતાં પ્રભુ સ્મરણ કરજો તો ભોજન પ્રસાદ બની જશે અને તે ભોજન જે

જમશે તેનું જીવન ધન્ય બની જશે. કામ ધંધાથી આવતાં જતાં હરિસ્મરણ જાપ કરવાથી રસ્તામાં અકસ્માતથી તથા બીજા વિઘ્નોથી ભગવાન બચાવશે. આમ હરિ ભજન, સ્મરણથી ચોર્યાશીના ચક્કરમાંથી મુક્ત થવાશે.

માતા-પિતાની સેવા કરજો, બાળકોમાં સંસ્કારનું સિંચન કરજો, સંસ્કાર સુખી ઘરની સાચી ચાવી છે. પરિવારમાં એક સંત પાકે તો સાત કુળનો ઉધ્ધાર કરે છે. અહીં જેમણે આ મંદિર નિર્માણમાં દાન-ભેટ સહયોગ આપ્યો છે તેમને પરમ કૃપાળુ પરમાત્મા સુખી - સંપન્ન બનાવે તેમનો પરિવાર સંસ્કારી બને તેવા આશીર્વાદ. જેમને મહેનત કરી છે તેમનું શરીર આરોગ્ય સુખાકારી બને એવા શુભ આશીર્વાદ.

આભાર વિધિ : શ્રી હરિભાઈ વાલજીભાઈ વાડિયા (નટવરપુરાલાટ) : પ.પૂ. જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તેમજ પૂ. સંતો તથા આમંત્રિત મહેમાનો તથા હરિભક્તો ચારે ચાલુકાના ગ્રામજનો આપ સૌ અમારા આમંત્રણને માન આપી અસહ્ય ગરમીમાં છેવાડાના ગામમાં પધાર્યા છો તો આપનો આભાર. રસ્તામાં કોઈ તરફ તકલીફ તથા અહીં ગામ નાનું હોવાથી કોઈ અગવડ થઈ હોય તો ક્ષમ્ય કરશો. શ્રી રાવજીભાઈએ મંદિર નિર્માણથી આજ સુધી અમારા કામને પોતાનું ગણી સહયોગ આપ્યો તે બદલ અમો તેમના ઋણી છીએ. જશુભાઈ તથા કમલેશભાઈએ આ મહોત્સવનું આયોજન કર્યું અને સંચાલન કર્યું તે બદલ આભાર. લાઈટવાળા, મંડપ ડેકોરેશન, રસોયા, પાણીવાળા તેમજ નામી અનામી સૌનો આભાર. ●

(અનુસંધાન પેજ ૨૭નું...) **અમૃત મહોત્સવ - સંઘમેળામાં પદયાત્રીઓની સંખ્યા..**

ક્રમ	વિભાગ	સંઘમેળામાં પદયાત્રાની શરુઆત	પદયાત્રીઓની સંખ્યા
૧.	સમગ્ર કચ્છ વિભાગ	પરંપરાથી	૩૧૦
૨.	ખેડબ્રહ્મા-વડાલી-ઈડર-વિજયનગર વિભાગ	૩૩ વર્ષ	૩૦૦
૩.	મોડાસા - ધનસુરા વિભાગ	૫૩ વર્ષ	૪૦૦
૪.	બાયડ-આકરૂંદ વિભાગ	-	૧૨૫
૫.	ડાકોર - કપડવંજ - બાલાશિનોર વિભાગ	૩૮ વર્ષ	૧૪૦
૬.	દહેગામ	-	૧૨૫
૭.	ગાંધીનગર	-	૩૧
૮.	મુંબઈ વિભાગ	૫ વર્ષ	૬૦
૯.	નાશિક વિભાગ	૫ વર્ષ	૫૦
૧૦.	વડોદરા વિભાગ	૨૦ વર્ષ	૫૦
૧૧.	કાનમ વિભાગ	૨૧ વર્ષ	૪૦૦
૧૨.	વિદ્યાનગર વિભાગ	૨૯ વર્ષ	૧૨૦
૧૩.	નરસંડા વિભાગ	૮ વર્ષ	૫૦
૧૪.	ભરૂચ વિભાગ	૪ વર્ષ	૬૦
૧૫.	રાજપીપળા વિભાગ	૫૫ વર્ષ	૩૦૦
૧૬.	ધાનોરા - ફૈજપુર વિભાગ	૧૦ વર્ષ	૧૬૦
૧૭.	સુરત - મેવાસ વિભાગ	૧૦ વર્ષ	૬૦
૧૮.	ખંભાત વિભાગ	૩ વર્ષ	૩૫
		કુલ...	૨૭૭૬

કુલ =૨૭૭૬ પદયાત્રીઓએ પદયાત્રાનો ધર્મલાભ લીધો.

 ● દેખાદેખીથી માનસિક સંતાપ વધે છે, માટે તેનાથી દૂર રહેવું ●

સત્સંગ સમારોહ

કુકસ. (તા. ૨૭-૨-૨૦૧૫ થી તા. ૪-૩-૨૦૧૫)

- પ્રતિભાબેન એ. પટેલ, કુકસ.

શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજી એવં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની અસીમ કૃપાથી તેમજ સંત શ્રી નાયાજી મહારાજની પ્રેરણા અને પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી કુકસ મુકામે તા. ૨૭-૨-૨૦૧૫થી તા. ૪-૩-૨૦૧૫ના રોજ પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજના સ્વમુખે સત્સંગનો કાર્યક્રમ યોજાઈ ગયો.

આ પ્રસંગે મહારાજશ્રીએ કહ્યું કે; મા શબ્દનો કોઈ અર્થ કે વ્યાખ્યા ના કરી શકાય. 'મા તે મા અને બીજા બધા વગડાના વા'. મા તો પ્રેમની મૂર્તિ છે અને પ્રેમની કોઈ વ્યાખ્યા પણ નથી. પશુ હોય કે માનવી તેને પોતાના જીવનથી પણ વિશેષ પ્રેમ માતાનો મળે છે તે પોતાના બાળક પાસે પોતાના જીવની કોઈ કિંમત જ ના હોય તેવું નિઃસ્વાર્થપણે વર્તન કરે છે. એ તો માતાની મહાનતા છે. માતાનો પ્રેમ અનુભવ કરવાથી વધુ સમજાય છે. જેને માતાનો પ્રેમ ના મળ્યો હોય તેવા માનવી એકાંતમાં રડી પોતાનું હૃદય હળવું કરતા હોય છે. જેને માતાનો પ્રેમ હરઘડી મળે છે તેઓ ખૂબ જ ભાગ્યશાળી કહેવાય છે. આમ ન્યોછાવરીનું નામ છે 'મા'. વહાલનું બીજું નામ છે 'મા' વહાલનું બીજું નામ છે 'મા'. સંતાનને માટે પ્રાણ તજે એ ત્યાગમૂર્તિનું નામ છે 'મા'. પ્રભુને પામવા માટે પ્રભુ કેરો શુભારંભ થાય છે ત્યારે જનેતાની જે ભક્તિથી શરૂઆત થાય છે.

આમ બહાર સ્વર્ગ શોધવાની જરૂર નથી. સ્વર્ગ તમારા ઘરમાં જ છે. સાચું સ્વર્ગ મા-બાપના ચરણકમળમાં જ છે. માની મમતાભરી આંખો માત્ર દીકરાનું હિત જ ઈચ્છતી હોય છે. 'જન્મ દીધો જેણે તને, ભૂલીશ ના ઉપકાર, વેઠી અનહદ વેદના, માન તું એનો પાડ, સદા લડાવે લાડ, સદા આપણી શાંતિ, સદા વહાવે પ્રેમ જેનું નામ છે માતા''. જે દીકરો માને હડધૂત કરીને કાઢી મૂકીને અનાથાશ્રમમાં મૂકી આવે છે એવા દીકરાને માના મૃત્યુ બાદ પ્રાર્થના સભા યોજવાથી શું ફાયદો થાય? માતાના ફોટાની આગળ આંસુ પાડવાથી શું ફાયદો થાય? માના ગયા બાદ નોકરીમાં રજા મૂકી બારમા-તેરમા સુધી આંસુ વહાવતો હોય છે. પરંતુ તેને ખબર નથી કે 'મા' શબ્દનો અર્થ શું છે? 'મા' શબ્દ કેટલો વિશાળ છે. બ્રહ્માંડમાં જેમ 'ૐ' શબ્દ સમાયેલો છે. તેમ 'મા' શબ્દ મહાન છે. પત્ની બદલાય અને તેની પસંદગી થાય પરંતુ માની પસંદગી થતી નથી.

ધિક્કાર છે આવા દીકરાને કે પોતાની 'મા'ને તે વૃધ્ધાશ્રમમાં મૂકવા જવા તૈયાર થાય છે. તેને દીકરાના પૈસા, બંગલા, ગાડી-વાડીની જરૂર નથી હોતી પરંતુ તેને દીકરાનો પ્રેમ અને સમયની જરૂર હોય છે. માતાના ગયા બાદ આંસુ પાડવાથી કોઈ ફાયદો થતો નથી! પરંતુ તેને માટે સમય ફાળવો અને તેને પ્રેમ કરો. પત્ની પસંદગીથી મળતી હોય છે જ્યારે મા તો પુણ્યથી મળે છે. જ્યારે પુત્રનો જન્મ થાય ત્યારે પ્રથમ શ્વાસે તેની પાસે તેની 'મા' હાજર હોય છે અને માનો જ્યારે અંતિમ સમય આવે છે ત્યારે દીકરો તેનાથી મોઢું ફેરવી લે છે.

જીવનમાં ત્રણ આશીર્વાદ જરૂરી હોય છે. બાળપણમાં માના, યુવાનીમાં મહાત્માના અને વૃધ્ધાવસ્થામાં પરમાત્માના. બાળપણમાં મા સંભાળ રાખે છે, યુવાનીમાં દાનત બગડે તો ઉપદેશ આપી મહાત્મા સુધારી દે છે અને વૃધ્ધાવસ્થામાં મોત બગડે તો પરમાત્મા સંભાળી લે છે. **'ઠાર્યું ના અંતર માતનું, દુઃખો તેં એના ના હર્યા, પૈસા વહાવ્યા પાણીને પેઠે સ્વયંના સ્વાર્થમાં, પણ બાળ્યું તે હૈયું માતાનું મોટો થતો તો શું થયું?'' ''મા-બાપ નથી જતા કોઈના વૃધ્ધાશ્રમમાં શોખથી એ તો જાય છે કપૂતોના કોપથી. સંતાનોને પાળી પોષી લાડકોડ લડાવે, વાત્સલ્ય અંતરનું દઈને પ્રેમના પાન કરાવે, સંકટ સઘળા સહન કરીને સમતા મનમાં ધારે, માતા જેવું અંતર મળજો એ જ તમન્ના મારે.''**

આદ્યશક્તિની આરતી સાથે જન્મ દેનારી માની પણ આરતી ઉતારો. જનનીને દુઃખી કરનારાથી

જગતજનનીની ક્યાંથી રાજી રહેવાની ? કેવો તફાવત છે. એકબાજુ ભગવાનના આશીર્વાદ લેવા માટે તેની પૂજા, અર્ચના, જપ-તપ કરીએ છીએ અને બીજી બાજુ સર્જન કરનાર મા સાથે ચેડાં કરીએ છીએ, તો શું આ લોકોને ભગવાન આશીર્વાદ આપે ? જો જે તારી માતાને વીસરી ના જતો, કેમ કે તેણે પોતાનામાંથી જ તને ઘડ્યો છે. તારું સંપૂર્ણ અસ્તિત્વ એને આભારી છે. એ તારી માતા જીવનદાતા છે. માના બલિદાનોનો બદલો કોઈપણ પુત્ર આપી શકતો નથી. ભલે તે ભૂમંડળનો સ્વામી કેમ ના હોય !

પુત્ર હોય કે પુત્રી કોઈપણ ભૃણહત્યા મારી દૃષ્ટિએ એક નૂતન ચેતનાનો અપરાધ છે. માના પેટે દીકરી હોય અને આપણે એ સ્ત્રીભૃણ હત્યા કરાવીએ ત્યારે તે સાત વિભૂતિની હત્યા કર્યાનું પાપ લાગે છે. શ્રી, વાણી, કીર્તિ, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા. ભાગવત ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ નારીની આ વિભૂતિ વર્ણવી છે કે એક સ્ત્રી ભૃણ હત્યા રોકવી એટલે સાક્ષાત જાનકી જીવાડ્યાનું પરમાર્થક કાર્ય ગણાય.

વિશ્વની દરેક માતા અને સંતાન ગર્ભની નાળથી માને પ્રેમના સેતુ વડે જીવનભર બંધાયેલાં રહે છે. એટલે જ કહેવાયું છે કે જ્યારે ઈશ્વર બીજો જન્મ ના લઈ શક્યા ત્યારે તેમણે 'માતા' બનાવી. 'માતા' છે ધરતીની ક્ષમા, આકાશની ઉદારતા, અગ્નિની હૂંફ, જળની શીતળતા અને વાયુનો આશ્લેષ. એ સમય દૂર નથી જ્યારે સ્ત્રીઓની સંખ્યા એટલી ઓછી થઈ જશે કે એક સ્ત્રીએ એક થી વધુ પુરુષ સાથે પરણવું પડશે. એવો ખરાબ સમય આવશે કે સ્ત્રીનું અપહરણ થશે અને પરાણે પરણાવશે. કિશોરીઓ, સ્ત્રીઓ પર બળાત્કારની ઘટનાઓ વધશે, સ્ત્રીઓની સુરક્ષા પર ભયની તલવાર લટકતી હશે. આ રીતે સ્ત્રી ભૃણ હત્યા થતી જ રહી તો ભવિષ્યમાં આ સ્થિતિ આવતાં વાર નહીં લાગે.

''છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ના થાય.'' આજે કેટલાંય સંતાનો માતા-પિતાને ઘરડાઘરનો રસ્તો બતાવતાં હોય, છતાં માતા-પિતા જ પોતાના સંતાનો માટે કિડની દાન કરતાં હોય છે. માટે જ કહેવું પડે છે કે હે આજના વંઠી ગયેલા યુવાનો, કોમ્પ્યૂટર યુગની અત્યારની જે નવ કરોડ માતાઓ દર વર્ષે પોતાના બાળકને પેટમાંથી જ પરલોકમાં રવાના કરી રહી છે એ માતાઓમાં તારી માતાએ પણ નામ નોંધાવ્યું હોત તો ? માટે દીકરાઓ જરા મા-બાપનો વિચાર કરો. પુત્રો મા-બાપની મિલકતના બટવારા કરજો. પરંતુ મા-બાપના બટવારા ના કરતા. તેમની મિલકત માટે ઝઘડા કરો છો. તો મા-બાપની સેવા માટે કેમ નથી ઝઘડતા ? આમ મા-બાપના ચહેરા પર ઘર - પરિવારથી દૂર રહેવાનું દુઃખ ક્યારેક તો દેખાઈ આવે છે. દીકરો જન્મે તો મા-બાપ પેંડા વહેંચે છે એ એ જ દીકરો ઘડપણમાં મા-બાપને વહેંચે છે. આમ મા-બાપને વહેંચીને તેઓના હૃદયની આંતરડી કકળાવવાનું પાપ ના કરશો. ઈશ્વર તમને માફ નહિ કરે.

જે માવતર પોતાના સંતાનોને ધર્મનું શિક્ષણ નથી આપતા તે મા-બાપના દહાડા ફર્યા છે. આજે ધર્મનું જ્ઞાન બાળકો સુધી પહોંચતું નથી તેથી બાળકોમાં કુસંસ્કારો ઘર કરી જાય છે. તેથી આજના મા-બાપ કહે છે કે ''દીકરા અમારું સાંભળતા નથી.'' માટે બાળકોમાં ધર્મનું સિંચન કરો. તેને ધર્મ પ્રત્યે જાગૃત કરો. અજ્ઞાન ના રાખો. કેટલાક દીકરા શહેરમાં મોજમજા કરે છે અને ઘરડા મા-બાપને પાછલી ઉંમરમાં ગામડે રવાના કરી દેતા હોય છે. જેની કોઈ સીમા નથી, જેની કોઈ ઉપમા આપી ના શકાય, જેને ક્યારેય પાનખર નથી નડી તેનું નામ છે 'મા'. તેથી હે દીકરાઓ, આ કલિયુગમાં કપરા સમયમાં તમે માતૃભક્ત અને પિતૃભક્ત બનીને તમારું નામ એમાં જોડી દો.

આ કાર્યક્રમમાં કાનમ વિસ્તાર, મેવાસ વિસ્તાર અને આજુબાજુના ગામોના દરેક હરિભક્તોએ લાભ લીધો હતો.

●●●

મૌન ધ્યાનયોગ શિબિર શક્તિપાત દ્વારા કુંડલીની જાગૃતિ

કુકસ. (તા. ૧૦-૩-૨૦૧૫ થી તા. ૧૪-૩-૨૦૧૫)

- ઉર્વશી આર. પટેલ, કુકસ.

શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજી એવં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કૃપાથી એવં સંત શ્રી નાયાજી મહારાજની પ્રેરણા અને પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી કુકસ મુકામે તા. ૧૦-૩-૨૦૧૫ થી તા. ૧૪-૩-૨૦૧૫ના રોજ શક્તિપાત દ્વારા કુંડલીની જાગૃતિ અને સ્વ અનુભવ ધ્યાનયોગ શિબિર પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજ દ્વારા યોજાઈ ગઈ.

પ્રથમ આદ્યશક્તિ માતાની જ્યોતને પ્રાગટ્ય કરી ત્યારબાદ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનું ચંદન-પુષ્પથી પૂજન અર્ચન કર્યું. ત્યારબાદ શિબિરાર્થી ભાઈ-બહેનો દ્વારા મહારાજશ્રીનું પણ ચંદન-પુષ્પથી પૂજન-અર્ચન કરી ગુરુવંદના કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

ત્યારબાદ મહારાજશ્રીએ કહ્યું કે; આંતરિક શુદ્ધિ તરફ યોગ્ય ધ્યાન આપવું એ બુધ્ધિમતા અને દુરંદેશીનું પ્રથમ ચરણ છે કે મનુષ્ય પોતાના સ્વરૂપને સમજે એ વિચારે કે હું કોણ છું શું છું ? અને શું બન્યો છું ? આત્મ ચિંતનને જ સાધનાનું પ્રથમ સોપાન કહેવામાં આવે છે. આ ચિંતન ઈશ્વર જીવ તથા પ્રકૃતિની ઉચ્ચ ભૂમિકાથી શરૂ કરી શકાય નહિ. કદમ તો ક્રમશઃ ભરી શકાય છે. નીચેના પગથિયાં પર પગ મૂકીને જ ઉપર ચઢી શકાય છે. સોહમ, શિવોહમનો ધ્વનિ કરવાની પૂર્વે પોતાને સચ્ચિદાનંદ બ્રહ્મ માનતા પહેલાં આપણે સામાન્ય જીવન પર વિચાર કરવો પડશે અને એ જોવું પડશે કે ઈશ્વરનો પુત્ર એવો જીવ આજે કેટલા દોષ દુર્ગુણોથી ગ્રસિત બનીને પામરતા ભર્યું ઉદ્વિગ્ન જીવન જીવી રહ્યો છે. માયાના બંધનોએ તેને કેટલો ખરાબ રીતે જકડી રાખ્યો છે અને ડગલે ને પગલે કેટલો ત્રાસ આપી રહ્યાં છે.

માયાનો અર્થ છે અજ્ઞાન. જેનાથી ગ્રહસ્થ બનીને મનુષ્ય પોતાને નિર્દોષ અને સમગ્ર પરિસ્થિતિને માટે બીજાઓને જવાબદાર માને છે. કુવિચારો, કુસંસ્કારો અને કુકર્મોથી છુટકારો મેળવવો અને પોતાના દોષો તરફ ધ્યાન ના આપવું. આવું આળસ આ સંસારમાં બીજું કોઈ હોઈ શકે નહિ. આની કિંમત જીવની અસફળતા બદલ પસ્તાવો કરીને જ ચુકવવી પડે છે. આત્માનું સ્વાભાવિક સ્વરૂપ અત્યંત શુધ્ધ, પવિત્ર, અલૌકિક અને દિવ્ય છે. તેની અંતિમ અવસ્થા ધર્માચરણ અને ઈશ્વરનો સાક્ષાત્કાર છે. તે આ શરીરના માધ્યમથી જ્ઞાન મેળવવવાથી અને પ્રયત્ન કરવાથી મળે છે. મનુષ્ય શરીરને જ્યારે એક વિશિષ્ટ ઉપકરણ માનીને ઈંદ્રિયોની ગુલામીમાંથી ઉપર ઊઠે છે ત્યારે આપોઆપ જ આત્માનુભૂતિ થવા લાગે છે.

જે મનુષ્ય આ સત્યને ઊંડાણ સુધી પોતાના હૃદયમાં સ્થાપી દે છે તે નાશવંત વસ્તુઓનો ખોટો મોહ છોડીને આત્માની પવિત્રતા તરફ આગળ વધે છે. ઈર્ષા, દ્વેષ, ક્રોધ આદિ અનાતમા તત્ત્વમાંથી તેની રૂચિ ઓછી થવા લાગે છે. વિચારો અને વ્યવહારમાં પવિત્રતા પેદા થાય છે. જેટલો તે આત્મ સાક્ષાત્કારની સમીપ આવે છે તેટલા પ્રમાણમાં દૈવીગુણોનો તેનામાં સમાવેશ થતો જાય છે. ફળ સ્વરૂપે સાચાં સુખ શાંતિ અને સંતોષના પરિણામ પણ મળતાં રહે છે. આ માટે આત્મ નિરીક્ષણની ટેવ કેળવવી પડે છે.આપણી ભૂલો, ત્રુટિઓ અને ટેવોમાં પ્રવેશેલી બુરાઈઓને દઢતા પૂર્વક શોધીને દૂર કરવી જોઈએ. આત્મવિશ્વાસની શક્તિને સંગઠિત કરીને તેને એક દિશામાં કામે લગાડો. આત્મવિશ્વાસ એ જીવનનૈયાનો એક શક્તિશાળી સમર્થ નાવિક છે, જે ડૂબતી હોડીને પોતાના હાથથી ઊંચકીને પ્રબળ મોજાઓ પાર કરાવી દે છે. આત્મવિશ્વાસના અભાવવાળી વ્યક્તિ જીવંત હોવા છતાં પણ મૃત તુલ્ય છે. કારણ કે ઉત્સાહ, તેજ, શક્તિ, સાહસ, સ્ફૂર્તિ, આશા તથા ઉમંગની સાથે જીવવું એ જ જીવન છે. જ્યાં આત્મવિશ્વાસ હોય છે ત્યાં આત્મવિશ્વાસને જાગૃત કરો

તેનો વિકાસ કરો. આત્મ વિશ્વાસને જ આ સંસારમાં સ્થાન છે.

મહારાજશ્રીએ કહ્યું કે; નાદ ઉપર ધ્યાન એકાગ્ર થવાથી મનની વિખરાઈ જતી શક્તિઓ એકત્રિત થાય છે અને દિવ્ય શક્તિઓના એકીકરણથી એવી મહાન શક્તિ પેદા થાય છે કે જે દ્વારા આખા સંસારને હલાવી શકાય છે. નાદની સ્વર હરીઓને પકડતાં પકડતાં સાધક ૐકારનો દોરી આત્માના અંતિમ સ્થાન બ્રહ્મ સુધી પહોંચી જાય છે. નાદના આધાર પર મનોલય સાધતાં સાધતાં યોગની છેલ્લી અવસ્થાએ પહોંચી પોતાના અંતિમ લક્ષ્યે પહોંચે છે અને જ્યારે નાદ શ્રવણ કરવાની યોગ્યતા વધી જાય છે ત્યારે વાંસળી અથવા સીટીને મળતી અનેક પ્રકારની શબ્દાવલીઓ સંભળાય છે. આ શબ્દાવલીઓ સૂક્ષ્મલોકમાં થતી ક્રિયાઓનો પરિચય આપનારી હોય છે. આ ધ્વનિ એવા તત્ત્વની અંદર થઈને આવતો હોય છે કે જ્યાં આત્મા અને પરમાત્મા વિખૂટા પડે છે અને જ્યાં પહોંચીને બંને પાછા એક થઈ જાય છે, ત્યારે તેને નાદ શબ્દ સાંભળવામાં અદ્‌ભૂત આનંદ થાય છે. એટલે સુધી કે કોઈ વખત આ શબ્દમાં મસ્ત બનીને તે વિહવળ થઈ જાય છે અને પોતાની તનમનની શૂધબૂધ પણ ભૂલી જાય છે. આ અંતિમ શબ્દ ૐ છે. જે ઘણો જ સુક્ષ્મ છે. તેનો ધ્વનિ ઘંટારવ જેવો હોય છે.ઝાલર ટકોરા મારવાથી થોડા વખત સુધી જેમ તેની ઝણઝણાટી રહે છે એ પ્રમાણે ૐનો ઘંટારવ સાંભળવામાં આવે છે. ત્યારે નિંદ્રા, તંદ્રા અથવા બેભાન જેવી અવસ્થા ઊભી થાય છે અને સમાધિ સુખની તુર્યા અવસ્થાનો આનંદ લેવા લાગે છે અને છેવટે તે પૂર્ણપણે પરમાત્મા અવસ્થા પ્રાપ્ત કરી લે છે. અનાહતનાદ એ અનહદનું શરૂઆતનું સ્વરૂપ છે. આ અનાહત આકાશ તત્ત્વની સાથે અથડાવવાથી અથવા કોઈ બે વસ્તુઓ અથડાવવાથી ઉત્પન્ન થતા અવાજને આર્હત કહેવામાં આવે છે. માત્ર દિવ્ય પ્રકૃતિની અંદર આપોઆપ જે ધ્વનિઓ થાય છે તેમને અનાર્હત, અનહદ કહેવામાં આવે છે અને હરિ ૐ નું ગુંજન ગુંજતો ગુંજતો હૃદયની આરપાર નીકળીને ઉપર અથડાય ત્યારે ચંદ્રનું અમૃત નીચે ટપકવા લાગે છે અને દિવ્ય શક્તિઓનો પુંજ ઉત્પન્ન થાય છે.

આ રીતે દરેક સાધકોને અનુભવ થયા. છેલ્લે સાધકોએ જણાવ્યું કે - અમને જ્યારે ધ્યાનની ક્રિયા મહારાજશ્રી સમજાવતા ગયા તેમ તેમ અમને સ્વ અનુભવ થતો ગયો. ધ્યાનમાં જવાથી મનુષ્યને પરમાત્માએ આપણી અંદર જે શક્તિ મુકેલી છે, જે વિશ્વચેતના છે તેની શક્તિ શું કાર્ય કરે છે તેનો સાક્ષાત્ અનુભવ થયો. જ્યારે સાધક બેઠા બેઠા જ્યારે ધ્યાનની ક્રિયા જે પ્રમાણે મહારાજશ્રીએ બતાવી તે પ્રમાણે તે કરે ત્યારે તેને અંદરના જે સાત ચક્રો છે તેમાં જ્યોત સ્વરૂપ મૂળાધાર ચક્રથી લઈ સહસ્રાદળ ચક્ર સુધી એ પરમાત્માની દિવ્ય જ્યોત કેવી રીતે ઉપર જાય છે તેનો અનુભવ થયો. ત્યારબાદ શરીરમાં રહેલી ઊર્જાશક્તિ ધીમે ધીમે ઉપરની તરફ ઉર્ધ્વગમન કરે છે ત્યારે શરીરમાં ગરમી પેદા થાય છે અને જ્યારે તે ઊર્જાશક્તિ ધીમે-ધીમે નીચેની તરફ આવે છે ત્યારે સાધક શીતળતાનો અનુભવ કરે છે.

પરમાત્માએ આપણી અંદર શક્તિ ઘણી જ મૂકી છે પણ તેને જાગૃત કરવા માટે કોઈ અનુભવી સંતની જરૂર પડતી હોય છે. તેમના બતાવ્યા પ્રમાણે ક્રિયાઓ કરવાથી આપણી અંદર રહેલું મન કેવા કેવા નખરા કરે છે તેનો અનુભવ કરાવ્યો. મન ક્યારેક પ્રાણતત્ત્વની સાથે જોડાય છે ત્યારે ધ્યાનમાં જતાં સાધકને વાર લાગતી નથી. પણ જો મન બાહ્ય પ્રવૃત્તિમાં જાય છે ત્યારે સાધકને અનુભવ થતો નથી. મનને એ પ્રાણતત્ત્વ એટલે કે શ્વાસોશ્વાસની ક્રિયા સાથે જોડવાથી સાધકોને તરત જ અનુભવ થવા લાગે છે.

ધ્યાનના માર્ગે જવા માટે એક વસ્તુની ખાસ જરૂર પડે છે જે છે એકાગ્રતા. એકાગ્રતા કરવાથી મનુષ્ય પોતે પોતાના સ્વરૂપનો અનુભવ કરે છે. આજ્ઞાચક્રમાં ધ્યાન ધરવાથી પ્રકાશનો એ પુંજ દેખાય છે. એ દિવ્ય પ્રકાશ છે. એનું તેજ એટલું બધું હોય છે કે તે સૂર્ય પણ તેના પ્રકાશની સામે પણ ફિક્કો પડી જાય છે. સાધક જ્યારે સંગીતના, વાંસળીના સૂર સાથે એના લય સાથે જ્યારે એકાગ્રતા કરે છે ત્યારે તે સર્પની જેમ હાલતો હોય તેમ અનુભવ થાય છે. જાણે કાળો નાગ ફુંફાડા

મારી રહ્યો હોય તેવો અનુભવ થાય છે. તેમાં કુંડલીની જાગૃતિ થતી હોય છે. મૂળાધાર ચક્રમાં સાડા ત્રણ આંટા મારી આ કુંડલીની જાગૃતિ થઈ સહસ્ત્રાદળ ચક્ર સુધી ઉપર ઉઠતી હોય છે. સાધકને ધ્યાન એવું લાગી જાય છે કે તેને સમયની પણ ખબર પડતી નથી.

મહારાજશ્રીએ સોહમ દ્વારા પ્રાણતત્ત્વ સાથે મન કેવી રીતે જોડવું તે બતાવ્યું અને આપણા પ્રાણ તત્ત્વ સાથે મન આખા શરીરમાં શું કરે છે. ૐના ગુંજન દ્વારા શરીરમાં શું અનુભવ થાય છે અને ૨૦ કેસેટો દ્વારા મહારાજશ્રીએ બતાવ્યું કે, આપણા શરીરમાં પરમાત્માએ જે વસ્તુ મૂકી છે તે મૂળાધાર ચક્ર, મણીપુર ચક્ર, અનાહત ચક્ર, વિશુધ્ધ ચક્ર દ્વારા શું કાર્ય થાય છે તે સમજાવ્યું અને પ્રેક્ટીકલ કરી બતાવ્યું. પ્રાણતત્ત્વ શું છે અને મન એની સાથે કેવી રીતે કાર્ય કરે છે તે તેમણે સમજાવ્યું કે વિશુધ્ધ ચક્રમાં એટલે કે ગળામાં અન્નનાળીની સાથે એક નળી છે જેમાં પ્રાણતત્ત્વ શ્વાસોશ્વાસનું કાર્ય કરતો હોય છે જેનાથી ભૂખ તરસ પણ લાગતી નથી.

છેલ્લે મહારાજશ્રીએ દરેક સાધકોને હૃદયપૂર્વકના આશીર્વાદ પાઠવ્યા હતા. આ શિબિરમાં કાનમ, હાલોલ, મોડાસા, ધનસુરા, દહેગામ, વડોદરા, સાબરકાંઠા વિસ્તારના હરિભક્તોએ લાભ લીધો હતો.

ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન નવિન જ્યોતિ મંદિરનું ખાતમુહૂર્ત

મુ. ઈટાલીયા, જી. છોટાઉદેપુર. (તા. ૧૪-૩-૨૦૧૫)

- રમેશભાઈ ભીલ, ઈટાલીયા.

શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજી એવં સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કૃપાથી તેમજ સંત શ્રી નાયાજી મહારાજની પ્રેરણા અને પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી મેણ નદીના કિનારે, મુ. ઈટાલીયા, જી. છોટાઉદેપુર સ્થાનકે શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના નવિન જ્યોતિ મંદિરનું ખાત મુહૂર્ત પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજના વરદ્ હસ્તે આશીર્વાદ સહ કરવામાં આવેલું. જેમાં આજુબાજુના ગામોના હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજ, કુકસ ખાતે સંત શ્રી નાયાજી મહારાજના પવિત્ર ધામમાં આવ્યા બાદ આ આઠમા મંદિરનું ખાતમુહૂર્ત કરેલું છે. જેનો અમારા ઈટાલીયા ગામના તેમજ આજુબાજુના હરિભક્તોને સૌને આનંદ થયો હતો અને વહેલી તકે આ મંદિરનું બાંધકામ પૂર્ણ કરવામાં આવશે જે બદલ આનંદની લાગણી અનુભવીએ છીએ.●●●

શ્રી ક.ક.પા. સત્પંથ સનાતન યુવા સંઘ - કચ્છ આયોજીત વૉલીબોલ ઓપન શુટીંગ ટુર્નામેન્ટ, બ્લડ ડોનેશન કેમ્પ, નિઃશુલ્ક આયુર્વેદિક ચેકઅપ તથા સારવાર કેમ્પ તેમજ સ્વાઈન ફ્લુ માટે હોમીયોપેથીક કેમ્પ

શ્રી નિષ્કલંકીધામ - નખત્રાણા. (તા. ૧-૩-૨૦૧૫)

- જયંતિલાલ એન. લીંબાણી, દેવપર (યક્ષ)

ઉપરોક્ત પ્રસંગે દીપ પ્રાગટ્ય સંસ્થાના ગાદીપતિ પ.પૂ. મહંતશ્રી જયરામદાસજી મહારાજ - શ્રી નિષ્કલંકીધામ, નખત્રાણા તથા પ.પૂ. મહંતશ્રી સિવગણદાસજી મહારાજ - અથર્વવેદી સત્પંથ સેવા આશ્રમ, કાદીયા મોટા તેમજ યુવાસંઘના પ્રમુખશ્રી હરિલાલ કાનજી લીંબાણી તથા વિવિધ સંસ્થાઓના પ્રમુખશ્રીઓ, વડીલો તેમજ આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. ત્યારબાદ પ.પૂ. મહંતશ્રી સિવગણદાસજી મહારાજ, મુખ્ય મહેમાન શ્રી મહેન્દ્રભાઈ પટેલ (આઈ.એ.એસ.) કલેક્ટર સાહેબશ્રી કચ્છ, ડેપ્યુટી કલેક્ટર શ્રી ગૌરાંગભાઈ મકવાણા સાહેબ, તથા મામલતદાર સાહેબ - નખત્રાણા, આ સંસ્થાના પ્રમુખશ્રી પુંજાભાઈ સિવગણભાઈ - દેસલપર, માજી પ્રમુખશ્રી અરજણભાઈ સામજી - આણંદસર, ટ્રસ્ટના પ્રમુખશ્રી અરજણભાઈ પચાણ - મમાયમોરા, મહિલા સંઘ કચ્છના પ્રમુખ શ્રીમતિ સાવિત્રીબેન જાદવાણી - નવાવાસ, શ્રી અરવિંદભાઈ ડાયાભાઈ ઉકાણી - મુન્દ્રા વગેરે આગેવાનોએ સ્ટેજ ઉપર સ્થાન ગ્રહણ કરેલ.

આ પ્રસંગે **ડૉ. પ્રવિણભાઈ શેઠિયા - ગુણાતીતપુર (ભચાઉ)** દ્વારા મંચસ્થ બિરાજમાન સંતો - મહંતો તેમજ મુખ્ય મહેમાનશ્રી કલેક્ટર શ્રી મહેન્દ્રભાઈ પટેલ તેમજ ડેપ્યુટી કલેક્ટર સાહેબ - નખત્રાણા, મામલતદારશ્રી - નખત્રાણા તેમજ ઉપસ્થિત મહાનુભાવો તથા સર્વે સમાજજનો આમંત્રિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ તેમજ ઉપરોક્ત વિવિધ કાર્યક્રમોનો વિશેષ લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ.

પ્રાસંગિક ઉદ્બોધનમાં **શ્રી અરજણભાઈ સામજીભાઈ (આણંદસર)** એ કહ્યું કે; વૉલીબોલ ટુર્નામેન્ટ, બ્લડ ડોનેશન કેમ્પ તથા નિઃશુલ્ક આયુર્વેદિક ચેક અપ કેમ્પ તથા સ્વાઈન ફ્લુ માટે હોમીયોપેથીક કેમ્પનો લાભ લેવાનો અનુરોધ કરેલ તેમજ સમાજમાં સંપ અને એકતા જળવાઈ રહે એવી લાગણી વ્યક્ત કરવામાં આવેલ.

શ્રી દર્શનભાઈ રાવલ (જે. કે. જનરલ હોસ્પિટલ - ભુજ) : દાન તો લોહીનું કરવું જોઈએ. રક્તદાનથી કોઈ નુકશાન થતું નથી રક્તદાનથી હાર્ટનું જોખમ ઓછું થાય છે. તેમજ આપણા એક બોટલ લોહીથી કોઈ વ્યક્તિનો જીવ બચે છે જેથી જે વ્યક્તિને લોહી મળશે તેને નવું જીવન મળશે, તેથી તેના આશીર્વાદ મળશે.

ડૉ. વિલેસભાઈ પારસીયા (દેવપર - યક્ષ) એ જણાવેલ કે સ્વાઈન ફ્લુ એ વાયરસ છે, ચેપી રોગ છે. જે કૂતરા, બતક, મરઘાં, ડુક્કર વગેરે પ્રાણીઓમાંથી આ રોગ ફેલાય છે. આ રોગથી ડરવાની જરૂર નથી. સાવચેતી રાખવાની જરૂર છે.

ડૉ. સુધરી પાલેજા - (કલ્યાણપર) એ જણાવેલ કે; આયુર્વેદ પાંચમો વેદ છે. સ્વસ્થ રહેવા માટે હવે લોકો આયુર્વેદ તરફ જવા વળ્યા છે. માટે તેનો મહત્તમ લાભ લેવા વિનંતી કરેલ. તેમજ આ સમગ્ર કાર્યક્રમ યોજ્યો છે તે બદલ યુવા સંઘને તેમજ સત્પંથ સમાજને બિરદાવેલ.

ડેપ્યુટી કલેક્ટરશ્રી મકવાણા સાહેબ. (નખત્રાણા): સરસ મજાના કાર્યક્રમનું આયોજન થયેલ છે તેને આવકારું છું તેમજ શુભેચ્છા સાથે ધન્યવાદ પાઠવું છું.

જીલ્લા કલેકટરશ્રી મહેન્દ્રભાઈ પટેલ સાહેબ (આઈ.એ.એસ.) (કચ્છ) : ગુજરાતીના નાતે નહીં

પરંતુ પટેલ પાટીદાર સમાજના નાતે મને મળવાનું થયું છે જેનો મને આનંદ છે. પાટીદાર સમાજ એ આપવાવાળો સમાજ છે. આપણો સમાજ સ્વ માટે નહીં પરંતુ સર્વ માટે છે, વોલીબોલ ટુર્નામેન્ટનું સુંદર મજાનું આયોજન થયું છે જેને હું આવકારું છું.

સ્વાઈન ફ્લુ ચેપીરોગ છે, હવાથી ફેલાતો રોગ છે જેથી લોકોને જાગૃત કરવા છે. વાયરસ છે. બેક્ટેરીયા વચ્ચે જીવીએ છીએ જેનો પ્રતિકાર કરવાની જરૂર છે, જેના માટે તમે સજાગ છો. સંગઠ્ન થી શક્તિ પેદા થાય છે. ટીપે ટીપે સરોવર ભરાય છે. સૌ યથા શક્તિ દાન આપે, સમય આપે, સમાજ સેવા આપે. સ્વ એટલે પોતા માટે બધા કરે પરંતુ બીજા માટે કાંઈક કરે તે મનુષ્ય કહેવાય. સંગઠનથી શક્તિ પેદા થાય છે. રચનાત્મક પ્રવૃત્તિઓથી વિકાસ થાય છે તેમજ ખંડનાત્મક પ્રવૃત્તિઓ વિનાશ નોતરે છે. સંગઠનના માધ્યમથી સમાજનાં સારાં કાર્યો થાય છે. યુવાનોને ખાસ વિનંતી કરતાં જણાવેલ કે સમાજના ઉત્થાન માટે યુવા પેઢી આગળ આવે સંગઠિત શક્તિનો ઉપયોગ કરીએ એ જ અભ્યર્થના સાથે મા ની કૃપા છે અને રહેશે.

પ.પૂ. મહંતશ્રી જયરામદાસજી મહારાજ - (નખત્રાણા - કચ્છ) : આશીર્વચન પાઠવતાં કહ્યું કે; આવા ભવ્ય કાર્યક્રમોનું આયોજન થયું છે જેનો વધુને વધુ લાભ લેવા અનુરોધ કરેલ. નિર્વ્યસની સમાજનું લોહી પવિત્ર છે જે અન્યોને ખૂબ ઉપયોગી થશે. નવું જીવન મળશે.

ઉપરોક્ત વોલીબોલ ટુર્નામેન્ટમાં ૩૪ ટીમોએ સમગ્ર કચ્છ જિલ્લામાંથી ભાગ લીધેલ. જેમાં બપોરના મુખ્ય ભોજન દાતા શ્રી દેવજીભાઈ શીવજીભાઈ વેલાણી પરિવાર- માનકુવા તેમજ સાંજના ભોજનદાતા શ્રી લાલજીભાઈ શીવજીભાઈ વેલાણી પરિવાર -માનકુવા હતા. ચેમ્પીયન ટ્રોફીના દાતા શ્રી મુળજીભાઈ દેવજીભાઈ ગોરાણી - ભુજ, બેસ્ટ પ્લેયર ઓફ ટુર્નામેન્ટના દાતાશ્રી મુળજીભાઈ જીવરાજભાઈ - સાંયરા (યક્ષ), બેસ્ટ નેટીના દાતા શ્રી નરસિંહભાઈ વેલજી જબુઆણી - મમાયમોરા (માંડવી), બેસ્ટ સુટરના દાતા શ્રી ક.ક.પા. સત્પંથ સનાતન યુવક મંડળ - જીયાપર, ચેમ્પીયન ખેલાડીના દાતા શ્રી ક.ક.પા. સત્પંથ સનાતન યુવક મંડળ - ટોડીઆ, રનર્સઅપ ખેલાડીના દાતા શ્રી ક.ક.પા. સત્પંથ સનાતન યુવક મંડળ - ભુજ, નેટના દાતા શ્રી દેવસીભાઈ મેઘજીભાઈ પોકાર - લક્ષ્મીપર (નેત્રા), વોલીબોલના દાતા શ્રી ક.ક.પા. સત્પંથ સનાતન યુવક મંડળ - દેસલપર (વાંઢાય), રેફીઓના સન્માન દાતા (શ્રી ક.ક.પા. સત્પંથ સનાતન યુવક મંડળ - લક્ષ્મીપર (નેત્રા), ઉપર મુજબના દાતાઓને બિરદાવવામાં આવેલ.

ઉપરોક્ત પ્રસંગે શ્રી ક.ક.પા. સત્પંથ સમાજના પ્રમુખશ્રી પુજાભાઈ સિવગણ - દેસલપર, શ્રી ક.ક.પા. સત્પંથ યુવા સંઘના પ્રમુખશ્રી હરિભાઈ કાનજી- દેવપર, શ્રી કચ્છ સત્પંથ સનાતન સેવા સમિતિના પ્રમુખશ્રી ધનજીભાઈ દેવજી - કોટડા ઉ., શ્રી ક.ક.પા. સત્પંથ સનાતન સમાજ ટ્રસ્ટના પ્રમુખશ્રી અરજણભાઈ પચાણ - મમાયમોરા, શ્રી ક.ક.પા. સત્પંથ સનાતન સમુહ લગ્ન આયોજનના પ્રમુખશ્રી મુળજીભાઈ દેવજી - ભુજ, સમાજના માજી પ્રમુખશ્રી અરજણભાઈ સામજી - આણંદસર (ભુજ), શ્રી રતનશી લાલજી - દુર્ગાપુર (માંડવી), શ્રી જયંતિભાઈ નાનજી - દેવપર, શ્રી મનુભાઈ વસ્તા - નાના અંગીઆ, શ્રી રામજીભાઈ પુજા - નખત્રાણા, શ્રી દાનાભાઈ ગોરાણી - ભુજ, શ્રી મનજીભાઈ દેવજીભાઈ - માનકુવા, યુવા સંઘના માજી પ્રમુખશ્રી અંબાલાલભાઈ રાજા - દેસલપર, ડૉ. પ્રવિણભાઈ શેઠીયા - ગુણાતિતપુર, મહામંત્રી શ્રી બાબુભાઈ રૂડાણી - માધાપર (ભુજ), શ્રી દામજીભાઈ છાભૈયા - રાયણમોટી, અરવિંદભાઈ લીંબાણી - દેવપર, શ્રી હસમુખભાઈ રૂડાણી - નાના અંગીઆ વગેરે યુવાસંઘના કાર્યકરો તેમજ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ સાવિત્રીબેન જાદવાણી - નવાવાસ (રવાપર), તેમજ મહિલા મંડળના હોદ્દેદારો વગેરે બહોળી સંખ્યામાં હાજર રહેલ.

ઉપરોક્ત વોલીબોલ ટુર્નામેન્ટમાં ભાઈઓની ૩૨ ટીમો તેમજ બે ટીમો બહેનોની એ ભાગ લીધો હતો. જેમાં ભાઈઓની ટીમમાંથી વિજેતા જબલપુરની ટીમ બનેલ હતી અને રનર્સઅપ લેવા પટેલ - માંડવીની ટીમ રહેલ. જે પૈકી સમગ્ર ટુર્નામેન્ટના બેસ્ટ ટુર્નામેન્ટ ઓફ ધ પ્લેયર પ્રકાશ જબુઆણી - જબલપુર, તેમજ બેસ્ટ શુટર શ્રી બાબુભાઈ પારસીયા -અંગીઆ અને બેસ્ટ બેટીંગ શ્રી વિમલ જબુઆણી - જબલપુર રહેલ.

બહેનોની ટીમમાં વિજેતા ટીમ કોટડા ઉ. (ચકાર) અને રનર્સઅપ ટીમ કોટડા (આથમણા) બનેલ હતી. બેસ્ટ પ્લેયર તરીકે અંકિતા ભગત રહેલ.

સમગ્ર વિજેતા ટીમોને ટી-શર્ટ ભેટમાં અપાયેલ. જેમના દાતા પટેલ ડિઝલ સર્વિસ હ. જયેશ તથા ધર્મેશ સેંઘાણી - દુર્ગાપુર હતા.

ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બહોળી સંખ્યામાં જન સમુદાય હાજર રહેલ. ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી બાબુભાઈ રૂડાણી (માધાપર)એ કરેલ તેમજ આભાર વિધિ શ્રી મોહનભાઈ પારસીયા (નાના અંગીઆ) એ કરેલ.

●●●

"બારમો" વાર્ષિક પાટોત્સવ

સત્પંથ મંદિર - ભાવનગર. (તા. ૧૩-૩-૨૦૧૫)

- મધુભાઈ અંધારીયા, ભાવનગર.

ભાવનગરમાં સત્પંથ મંદિર હવેલીવાળી શેરી બચુભાઈ દૂધવાળાની સામે આવેલ છે જેનો પાટોત્સવ તા. ૧૩-૩-૨૦૧૫ના શુક્રવારે ઉજવવામાં આવેલ. આ પ્રસંગે સવારથી જ ભાવિકો દર્શનાર્થે આવતા હતા.

મંદિરનું શિખર ઘણું જ ઊંચું રાખવામાં આવેલ છે અને ધોળી ધજા આભમાં લહેરાય છે. મંદિરના પ્રવેશદ્વારથી દૂર શિખરના તથા ધોળી ધજાનાં દર્શન થાય છે. એનાથી માનવીની દૃષ્ટિ ઊંચી રહે અને એનું લક્ષ ગગન તરફ ઉન્નત રહે. પાટોત્સવ નિમિત્તે શિખરને નવા રંગરૂપ સાથે તેમજ લાઈટ ડેકોરેશન સાથે મંદિરને શણગારવામાં આવેલ.

આ પ્રસંગે રાત્રે ૮-૦૦ કલાકે અથર્વવેદ મંત્રોચ્ચાર સહિત વારિયજ્ઞ મહાપૂજા રાખવામાં આવેલ. બહેનો દ્વારા પ્રસાદ બનાવવામાં આવેલ. ઘણી જ સંખ્યામાં ભાવિક ભક્તોએ પૂજાનો લાભ લીધેલ. જેમ મનુષ્ય પોતાનો જન્મ દિવસ ઉજવે છે તેમ આ સત્પંથ મંદિરનો પાટોત્સવ ભાવનગર સત્પંથ પરિવાર હળીમળીને પ્રસંગ ઉજવે છે અને દરેકના મનમાં એક જ ભાવના હતી કે આજે સત્પંથ મંદિરનો પાટોત્સવ છે.

વારિયજ્ઞ મહાપૂજાના અંતમાં મુખીશ્રીએ કહ્યું કે; સમય કેટલો ઝડપથી પસાર થાય છે.તા. ૧૩-૩-૨૦૦૪ને શનિવારે મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ - પ્રેરણાપીઠ - પીરાણાના હસ્તે રાખવામાં આવેલ. આજ રોજ ૧૧ વર્ષ પૂરાં થાય છે. જેમ સમયની કિંમત ઘણી જ છે, તેમ જીવનમાં ભક્તિ ઉપાસનાની કિંમત વધારે છે.

સૌ સેવક ભાઈઓ બહેનો તેમજ બધા મુખીમહારાજશ્રીઓએ ખભેખભા મિલાવીને કાર્યક્રમમાં સાથ સહકાર આપેલ.અંતમાં સૌ ભક્તજનોએ વારિયજ્ઞ મહાપૂજાનો લાભ તેમજ પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

●●●

ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ

ગ્રામ્ય પ્રતિનિધિશ્રીઓ, મુખીશ્રીઓ, બાલ-બાલિકાઓના વાલીશ્રીઓ તેમજ સત્પંથી આગેવાનો

નમ્ર નિવેદન

બાળ શિબિરની આવશ્યકતા

"કેક બાળકો જ્યોતિ છે, કેક સાગરનાં મોતી છે,
સંસ્કાર સારા સિંચ્યા નહીં તો, જીંદગીભરની પનોતી છે."

પ્રતિશ્રી,

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે મહાપ્રભુજીશ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની છત્રછાયા નીચે, સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની અસીમ કૃપાથી, આદ્ય જગદ્‌ગુરુશ્રી કરસનદાસજી મહારાજની પ્રેરણાથી, પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી શ્રી સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

અત્યારે વર્તમાન સમયમાં આપણા લાખો બાળકો પાસે આંખો છે, પણ જીવનની સાચી દિશા નથી. વિશ્વની કોઈપણ સમસ્યાઓમાં આ સમસ્યા સૌથી વિરાટ તથા અજાણી ગણી શકાય તેવી છે. ભૌતિકવાદના વધતા જતા પ્રભાવથી મુક્ત બની નીતિમાન અને સદાચારી જીવન જીવવું તે ભાવિ પેઢી માટે ઘણું કપરું કાર્ય છે. આજે કુટુંબ, શાળા કે સમાજ અને સમગ્ર દેશમાંથી ભારતની મહાન સંસ્કૃતિને આપણે તિરસ્કાર કરી રહ્યા છીએ !!! ચારે બાજુ કુરિવાજો, કુસંસ્કારો, વ્યસનો, અંધશ્રધ્ધા તેમજ ભ્રષ્ટાચાર ખદબદી રહ્યો છે. ધીરે ધીરે વધુને વધુ પ્રવેશતો જાય છે. આવા કલુષિત વાતાવરણમાં ઉછેરતાં આપણાં બાળકોમાં જો સારા સંસ્કાર સિંચન નહીં કરીએ અને વ્યસનો જેવા દૂષણોથી નહીં બચાવીએ તો આવતી પેઢી આપણને ચોક્કસ માફ નહીં કરે. આપણી ભારતીય સંસ્કૃતિ નષ્ટ પ્રાય થઈ જશે, જેનાથી આપણા જ દેશને, ગામને, કુટુંબને અને ઉછરતી પેઢીને અનહદ નુકસાન થશે.

સમાજને સુધારવા બાળકોને અવશ્ય સુધારવાં પડશે. બાળપણ એ સંસ્કાર ગ્રહણ કરવાની અને ધર્મમાં આસ્થા કેળવવાની અતિ ઉત્તમ અવસ્થા છે. સંસ્કારોની સુવાસની વચ્ચે બાળકોનો જન્મ અને ઉછેર થાય તો યુવાન થતાં તે બાળક ભ્રષ્ટાચાર, અનાચાર, વ્યસનો અને કુરિવાજોને સફળતાપૂર્વક પડકારી શકે, આથી જ બાળકને બાળપણથી જ યોગ્ય માર્ગદર્શન તાલીમ આપવી તે એક મહાન સેવા છે. મહાન યજ્ઞ છે.સમગ્ર વિશ્વમાં આજે બાળકની અવહેલના થાય છે. બાળકો તરછોડાય છે. ત્યારે સૌથી પ્રથમ બાળકની સંભાળ નહીં લેવાય તો તે મોટાં થતાં સમાજને ભારરૂપ થશે. સમાજનો પાયો સંસ્કારી બાળકો છે. તે પાયામાં કુસંસ્કારની આગ લાગે ત્યારે તેને બુઝાવવી તે આપણી ફરજ છે.

જે બાળક ભવિષ્યના સમાજનો સર્જક છે. આપણા કુટુંબની આધારશિલા છે તેને પ્રેમ અને સંસ્કાર આપવા ખુદ માતા-પિતાને સમય નથી. આવી પ્રેમ અને હુફ આનંદ અને સંસ્કાર વિનાની આપણી આવતીકાલની પેઢી એક જીવંત અને નીતિમાન સમાજનું સર્જન કેવી રીતે કરશે ? બાળક પાસે પોતાની બુધ્ધિ શક્તિ પણ છે. માતા-પિતા તથા વડીલોએ માત્ર તેને ટેકો આપવાનો છે. એ પ્રેમનું ભુખ્યું હોય છે. એમને પ્રેમ પણ આપવાનો છે. એ સૌથી નિર્દોષ વસ્તું છે. એ કુળનો દીવો છે. એમાં સંસ્કારરૂપી તેલ પૂરતા રહો પછી જોઈ લ્યો વિશ્વની શાન. બાળકની સેવાએ વિશ્વની સેવા છે. જ્ઞાન બાળકને એવી રીતે અપાય કે તેના મન પર અંધશ્રધ્ધા ન ફેલાય. ધર્મઝનુની પણ ન બને. આમ છતાં ધાર્મિક વૃત્તિ જળવાઈ રહે. બાળકોને સંસ્કાર આપવામાં માત-પિતાનો જેવો ફાળો છે તેવો જ ફાળો સાધુ-સંતોનો છે.

શું આપ આપના સળગતા ઘરને બચાવવા ઈચ્છો છો ? શું આપ આપની ફુલવાડીને લીલી રાખવા ઈચ્છો છો ? શું આપ આપના છિન્નભિન્ન થતા કુટુંબને અટકાવવા ઈચ્છો છો ? શું આપ આપનાં બાળકોનો વિકાસ ઈચ્છો છો ? શું આપ આપના જીવનને સંપૂર્ણ સુખ શાંતિમય અને આનંદમય બનાવવા ઈચ્છો છો ? શું આપ આપના જીવનને નંદનમય બનાવવા ઈચ્છો છો ? શું આપ પતિ-પત્ની, સાસુ-વહુ, પિતા-પુત્ર વચ્ચેનું વૈમનસ્ય દૂર કરવા ઈચ્છો છો ?

તો આજથી જ આ શિબિરમાં આપનાં બાલ-બાલિકાઓને જરુરથી મોકલવાં.

તા.ક. : (૧) આ પત્ર મંદિરમાં તેમજ સતપંથી હરિભક્તો અને આગેવાનોને વંચાવશો તથા આજુબાજુના વિસ્તારમાં જાણ કરશો.
(૨) આ પત્રને બાળકોના વાલીઓએ ખાસ ધ્યાન પર લેવો. **લી.**

પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ - પ્રેણાપીઠ પીરાણા વતી
બાળકોના દાદા પૂ. શ્રી શામજીદાદાના જય શ્રી નિષ્કલંકી નારાયણ.

• કસોટીમાંથી પાર ઊતરેલા થોડા સાચા મિત્રોનો જ સંગ રાખો. •

આગામી શ્રી સત્પંથ બાલ-બાલિકા

સુસંસ્કાર શિક્ષણ શિબિરના કાર્યક્રમ

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની અસીમ કૃપાથી, પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુ શ્રી કરશનદાસજી મહારાજની પ્રેરણાથી, પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી "શ્રી સત્પંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર" ના કાર્યક્રમોનું આગામી દિવસોમાં નીચે મુજબની તારીખોએ અને શુભ સ્થળોએ આયોજન કરવામાં આવેલ છે. તો ઉ.ગુજરાત, દ.ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, ભાવનગર, ખંભાત, કાનમ, મેવાસ, ખાનદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન તેમજ અન્ય વિસ્તારોમાંથી શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક બાલ-બાલિકાઓએ તેની નોંધ લેવી.

તારીખ	શિબિર	સ્થળ
૨૦ થી ૨૫ મે - ૨૦૧૫ સુધી	બાલિકાઓની શિબિર	પ્રેરણાપીઠ, પીરાણા
૨૫ મે થી ૩૦ મે- ૨૦૧૫ સુધી	બાલમિત્રોની શિબિર	પ્રેરણાપીઠ, પીરાણા
૨૦ મે થી ૨૪ મે - ૨૦૧૫ સુધી	બાલિકાઓ તથા બાલમિત્રોની સંયુક્ત બાળ શિબિર	શ્રી નિષ્કલંકી ધામ, નખત્રાણા - કચ્છ

નોંધ : (૧) શિબિરમાં ભાગ લેનાર બાલ-બાલિકાઓએ ઉપરોક્ત શિબિર સ્થળે જ સંપર્ક કરવા વિનંતી.

(૨) બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિરમાં ફક્ત ૧૦ થી ૧૮ વર્ષ સુધીની વયનાં બાળકો પ્રવેશ મેળવી શકશે.

વિજ્ઞપ્તિ

તજજ્ઞ ભાઈઓ તથા બહેનો માટે ખાસ સૂચના

ઉપરોક્ત બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિરોમાં તજજ્ઞ શિક્ષક તરીકે સેવા આપવા ઈચ્છુક ભાઈ-બહેનોએ તા. ૧૦-૫-૨૦૧૫ સુધીમાં "સત્પંથ પ્રકાશ" સત્પંથ પ્રકાશન સમિતિના કાર્યાલયમાં લેખિત જાણ કરવાની રહેશે.

નોંધ : બાળકોના ભાવિ ઘડતર માટે સુસંસ્કારોનું સિંચન કરવાના કાર્યમાં જોડાઈએ ત્યારે તજજ્ઞ ભાઈ-બહેનોએ '**સત્પંથ ધર્મને અનુરૂપ સફેદ ગણવેશ**' ખાસ સાથે લાવવાનો રહેશે. તજજ્ઞ તરીકે સેવા આપવા ઈચ્છુક બહેનોએ સાડીનો ગણવેશ આવશ્યક છે.

શ્રી સતપંથ બાલ-બાલિકા

સુસંસ્કાર શિક્ષણ શિબિરનાં સૂચનો

૧. શિબિરાર્થી બાળકોની વય મર્યાદા ૧૦ વર્ષથી ૧૮ વર્ષ સુધીની રહેશે. તેથી નીચેની વયનાં બાળકોને શિબિરમાં પ્રવેશ મળશે નહીં. જેની સૌએ નોંધ લેવી. કારણ કે આવાં બાળકો વાંચવા લખવા તેમજ ન્હાવા - ધોવાની મુશ્કેલીઓથી હતાશ બની જાય છે. આટલી નાની અવસ્થાએ બાળક હતાશા અનુભવે તે બાળકના ભવિષ્ય માટે સારુ ન કહેવાય.

૨. અગાઉની શિબિરોના અનુભવો તેમજ શિબિરોમાં અભ્યાસ માટે સમય ખૂબ જ ઓછો પડે છે. તેથી શિબિરાર્થીઓને અભ્યાસમાં ખૂબ જ પરિશ્રમ કરવો પડે છે. અને યોજાયેલ કસોટીમાં ઉત્તિર્ણ થવામાં ઘણી જ કઠીનાઈ સહન કરવી પડે છે. ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખી શિબિરાર્થી બાલ-બાલિકાઓને નમ્ર આત્મ નિવેદન છે કે આપ સૌ શિબિરમાં આવો તે પહેલાં ઘેર તમારા ચાલું અભ્યાસક્રમની પરીક્ષા પૂર્ણ થાય ત્યાર પછી શિબિર શિક્ષણના અભ્યાસક્રમની તૈયારીમાં લાગી જાવ. જેથી શિબિરમાં સહેલાઈથી કસોટીમાં પ્રથમ ક્રમે ઉત્તિર્ણ થઈ શકો.

૩. નિત્ય પ્રાર્થના પાઠમાં લખેલા સતપંથ સ્વરુપ સિવાયના તમામ મંત્રો કંઠસ્થ કરી જે શિબિરાર્થી બાળકો કસોટીમાં ઉત્તિર્ણ થશે તેવા શિબિરાર્થી બાલિકાઓ - બાલમિત્રોને સન્માનિત કરવામાં આવશે તથા તે શિબિરાર્થી બાલ-બાલિકાઓ માટે રાસ-ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

૪. વિશિષ્ટ શિબિરાર્થીઓને જણાવવાનું કે જેમણે નિત્ય પ્રાર્થના પાઠ પુસ્તિકામાં સતપંથ સ્વરુપ સિવાય તમામ મંત્રો-આરતી-પ્રાર્થનાઓ કંઠસ્થ કરેલ હોય તેવા શિબિરાર્થીઓને નવા અભ્યાસક્રમમાં મંત્રો કંઠસ્થ કરવાના રહેશે નહિ. નવા માધ્યમિક અભ્યાસક્રમની ખાસ જરૂર છે. માધ્યમિક અભ્યાસક્રમમાં પાસ થયા પછી ફરીથી બીજી શિબિરમાં આધ્યાત્મિક અભ્યાસક્રમ આપવામાં આવશે. આમ દરેક શિબિરાર્થી બાળકોને પ્રાથમિક, માધ્યમિક અને આધ્યાત્મિક અભ્યાસક્રમની છેલ્લી શિબિર સુધી ભાગ લઈને શ્રી સતપંથ બાલ સુસંસ્કાર શિક્ષણનો અભ્યાસ પૂર્ણ કરવાનો રહેશે. આવા શિબિરાર્થીઓને **પરમ વિશિષ્ટ** અને **તેજસ્વી શિબિરાર્થી** તરીકે "પ્રમાણપત્ર" એનાયત કરવામાં આવશે અને ભવિષ્યમાં આવા અભ્યાસ પૂર્ણ તેજસ્વી શિબિરાર્થી બાળકોની સતપંથ સંપ્રદાયમાં અને સતપંથ પરિવારમાં **વિશ્વાસપાત્ર** વ્યક્તિ તરીકે તુલના કરવામાં આવશે. સાથો સાથ અહીં સંસ્થાના રજીસ્ટ્રારમાં તેની નોંધ રાખવામાં આવશે. આ રેકર્ડ **૧૦૦ વર્ષ સુધી** જાળવી રાખવામાં આવશે.

૫. શિબિરાર્થીઓને રહેવા જમવા અને ચા-પાણીની સુવિધા શ્રી સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ ટ્રસ્ટ તથા સતપંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ આયોજન સમિતિ તરફથી આપવામાં આવશે.

૬. શિબિરાર્થીઓએ સાથે લાવવાની વસ્તુઓ : ત્રણ જોડી કપડાં, ટુથ બ્રસ, ટુથ પેસ્ટ, ટુવાલ, ઓઢવા માટે શાલ, ન્હાવા ધોવાના સાબુ, હેર ઓઈલ, કાંસકો, બોલપેન, નોટબુક વગેરે.

૭. શિબિરાર્થીઓએ પોતાની સાથે કિંમતી ચીજ વસ્તુ લાવવી નહીં. રોકડ રકમ હોય તો કાર્યાલયમાં જમા કરાવવાની રહેશે.

૮. શિબિરાર્થીઓને શિબિરના સ્થળે મુકવા માટે શક્ય હોય ત્યાં સુધી દરેક વાલીઓએ જ આવવું અને શિબિર પૂર્ણાહૂતિ સમય સુધી શક્ય હોય તો રોકાવું.

૯. શિબિર દરમ્યાન યોજાનાર સ્પર્ધાઓ અને કસોટીનાં પ્રમાણપત્રો શિબિરાર્થીઓને શિબિર પૂર્ણાહૂતિ પ્રસંગે એનાયત કરવામાં આવશે.

૧૦. પ્રેરણાપીઠ - પીરાણા ખાતે શિબિરાર્થી બાલિકાઓએ તા. ૨૦-૫-૨૦૧૫ બપોરે ૧૧-૦૦ કલાકે શિબિર સ્થળે આવી જવાનું રહેશે અને તા. ૨૫-૫-૨૦૧૫ બપોરે ૧૨-૦૦ કલાકે ઘેર જવા માટે વિદાય આપવામાં આવશે. કુલ ૬ દિવસ.

૧૧. પ્રેરણાપીઠ - પીરાણા ખાતે શિબિરાર્થી બાળમિત્રોએ તા. ૨૫-૫-૨૦૧૫ બપોરે ૧૨-૦૦ કલાકે શિબિર સ્થળે આવી જવાનું રહેશે. અને તા. ૩૦-૫-૨૦૧૫ને બપોરે ૨-૦૦ કલાકે ઘેર જવા વિદાય આપવામાં આવશે. કુલ ૬ દિવસ.

૧૨. શ્રી નિષ્કલંકી ધામ - નખત્રાણા ખાતે શિબિરાર્થી બાલ-બાલિકાઓએ તા. ૨૦-૫-૨૦૧૫ બપોરે ૧૧-૦૦ કલાકે શિબિર સ્થળે આવી જવાનું રહેશે અને તા. ૨૪-૫-૨૦૧૫ બપોરે ૧૨-૦૦ કલાકે ઘેર જવા માટે વિદાય આપવામાં આવશે. કુલ પાંચ દિવસ.

૧૩. જ્યાં સંયુક્ત શિબિર હશે ત્યાં રહેવાની તથા કુટીર વ્યવસ્થા બાલમિત્રો તથા બાલિકાઓની અલગ અલગ રહેશે.

૧૪. શિબિરાર્થીઓએ વ્યસનમુક્ત રહેવું.

૧૫. શિબિરની પ્રત્યેક પ્રવૃત્તિઓમાં ફરજીયાત ભાગ લેવાનો રહેશે.

૧૬. શિબિર સ્થળ સંચાલકની પૂર્વ મંજુરી સિવાય છોડી શકાશે નહીં.

૧૭. શિબિરની કામગીરી પ્રત્યે પુરા જાગૃત અને વફાદાર રહેવું

૧૮. શિબિર દરમ્યાન નિયમિતતા, શિસ્ત અને ફરજનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૯. આચાર્યશ્રી તથા આયોજન સમિતિનાં સૂચનોનો શિબિર દરમ્યાન અમલ કરવાનો રહેશે.

૨૦. વાલીઓએ શિબિરના સમયે ઉપસ્થિત રહી સહયોગ આપવા નમ્ર વિનંતી.

૨૧. બને ત્યાં સુધી શિબિરાર્થી બાલ-બાલિકાઓએ આપણા **સત્પંથ ધર્મને અનુરૂપ સફેદ ગણવેશ લાવવા પ્રયત્ન કરવો.**

નોંધ : પ્રેરણાપીઠ - પીરાણા ખાતેની વર્તમાન બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિરમાં પ.પૂ. મહામંડલેશ્વર મહંતશ્રી જનાર્દન હરિજી મહારાજ ખાસ ઉપસ્થિત રહેશે.

:: આયોજક ::

શ્રી સત્પંથ બાલ-બાલિકા સુસંસ્કાર શિક્ષણ શિબિર આયોજન સમિતિ અને

પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ - પ્રેરણાપીઠ પીઠાધિશ્વર.

શ્રી સત્પંથ પ્રેરણાપીઠ, ,પીરાણા, તા. દસકોઈ, જિ. અમદાવાદ - ૩૮૨ ૪૨૫

મૌન ધ્યાનયોગ શિબિરોના કાર્યક્રમ

સંતશ્રી નાયાજી મહારાજ સંસ્થા - કુકસ (વડોદરા)

સંતશ્રી નાયાજી મહારાજ સંસ્થા મંદિર સંકુલ સ્થાનકે મૌન મંદિરમાં પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજની નિશ્રામાં મૌન ધ્યાનયોગ શિબિર શક્તિપાત દ્વારા કુંડલીની જાગરણ સ્વ અનુભવ કરી અનેરો આનંદ લેવા નીચે જણાવેલ દિવસો - તારીખો દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે. તો સૌને જણાવેલ તારીખોએ શિબિરોનો લાભ લેવા આમંત્રણ છે.

નોંધ : આ શિબિરમાં જોડાવવા ઈચ્છતા ભાઈ-બહેનોએ અગાઉ સંપર્ક કરવો. ૧૬ વર્ષથી ઉપરના ભાઈ-બહેનો આ મૌન ધ્યાન યોગ શિબિરમાં ભાગ લઈ શકશે.

શિબિરની તારીખો

તા. ૧૦-૦૫-૨૦૧૫ થી ૧૪-૦૫-૨૦૧૫
તા. ૦૮-૦૬-૨૦૧૫ થી ૧૨-૦૬-૨૦૧૫
તા. ૦૩-૦૭-૨૦૧૫ થી ૦૭-૦૭-૨૦૧૫
તા. ૧૬-૦૮-૨૦૧૫ થી ૨૦-૦૮-૨૦૧૫
તા. ૧૯-૦૯-૨૦૧૫ થી ૨૩-૦૯-૨૦૧૫
તા. ૨૮-૧૦-૨૦૧૫ થી ૦૧-૧૧-૨૦૧૫

સંપર્ક : શ્રી સંજયભાઈ મો. નં. : ૯૪૨૮૪ ૨૮૦૯૧ / શ્રી અશોકભાઈ મો. નં. : ૯૯૦૯૪ ૪૯૭૫૫



param Multispeciality Hospital

" વેદના મુક્ત જીવન તરફ તમારૂ પ્રથમ પગલું "

હવે ઘૂંટણના સાંધા બદલવાના(TOTAL KNEE REPLACEMENT) ઓપરેશન અમારી હોસ્પીટલની અદ્યતન સગવડ તથા નિષ્ણાત સર્જનના હાથે

ફક્ત રૂા. ૧,૨૫,૦૦૦/-માં

જેમાં સમાવેશ થશે...

- અમેરીકાનો લેટેસ્ટ ઈમ્પ્લાન્ટ
- પાંચ દિવસ સુધીનો હોસ્પીટલમાં રહેવાનો ચાર્જ - નર્સિંગ ચાર્જ
- ઓપરેશનને લગતી તમામ દવાઓ
- એનેસ્થેસીયાનો ચાર્જ
- ઓપરેશન પહેલાના બેઝીક ટેસ્ટ તેમજ લોહીના રીપોર્ટ

કન્સલટેશન માટે સંપર્ક કરો.
ડૉ. હસમુખ એમ. પટેલ
ડિરેક્ટર
પરમ મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પીટલ
મો.૯૧-૯૮૨૫૫૦૦૫૪૧

પરમ મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પીટલ
૫-૬, જયશક્તિ સોસાયટી, જનતાનગર રોડ,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧.
ફોન :- [illegible]

પરમ મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પીટલમાં ઉપલબ્ધ સુવિધાઓ

સર્જીકલ વિભાગ

- ડાયગ્નોસ્ટીક લેપ્રોસ્કોપી
- દૂરબીનથી પિત્તાશયની પથરી, એપેન્ડીક્ષ, સારણગાંઠ, બરોડ, નાનાં અને મોટાં આંતરડાં વગેરેના લગતાં ઓપરેશન
- હાઈડ્રોસીલ, સુન્નત, હર્નિયા તથા મુત્રાશય, પથરી તથા પ્રોસ્ટેટના દૂરબીનથી ઓપરેશન.
- મસાની MIPH સ્ટેપ્લર જેવી આધુનિક પદ્ધતિથી સારવાર તથા ભગંદરની ક્ષારસૂત્રથી સારવાર.
- દાઝેલા દર્દીની સારવાર અને પ્લાસ્ટીક સર્જરી.

કાન-નાક ગળાનો વિભાગ (E.N.T.)

- કાનના ઓપરેશન જેવા કે કાનમાં મસા, પડદામાં કાણું તથા હાડકાંનો સડો વગેરે.
- નાકમાં થતી એલર્જી ,મસા (POLYP), કાયમી સર્દી, સાયનસની સારવાર.
- કાંકડા, ગળાની ગાંઠ, થાઈરોઈડના રોગો, કેન્સર, કાન, નાક તેમજ ગળાનું નિદાન અને સારવાર.
- કાન-નાક-ગળામાં ફસાયેલી વસ્તુને દૂરબીનથી કાઢવાની સારવાર.
- સ્વરપેટી, લાળગ્રંથી તથા અન્નનળીના રોગોની સારવાર. નસકોરા તેમજ SLEEP APNEAની સારવાર.
- ઓડીયોગ્રામવડે બહેરાશની તપાસ, સારવાર તેમજ સાંભળવાના મશીનની ઉપલબ્ધિ.
- ચક્કર (VERTIGO)ના કારણોની તપાસ તથા સારવાર.

હાડકાનો વિભાગ (ORTHOPEADICS)

- દરેક પ્રકારના સાંધાના રોગો જેવા કે સંધીવા આમવાત, ગાઉટ, રાંઝણ વગેરેની સારવાર.
- હાડકાંને લગતી જન્મજાત ખોડખાંપણ તેમજ ફ્રેક્ચરની સારવાર.
- સાંધા બદલવાના ઓપરેશનની સંપૂર્ણ સમજણ તથા સારવાર (TKR)
- કરોડરજ્જુને લગતી દરેક તકલીફ તેમજ મણકાંની ગાદીની તકલીફની સારવાર.
- ઓર્થોસ્કોપી વડે સાંધાની ઝીણવટ ભરી તપાસ માટે તેમજ IITVની સગવડ.

મેડીસીન વિભાગ

- હૃદયરોગ, થાઈરોઈડ, મધુપ્રમેહ(ડાયાબીટીસ), અસ્થમાનું સંપૂર્ણ નિદાન અને સારવાર.
- હૃદયરોગની તેમજ ફેંફસાના રોગોની સારવાર માટે PFT, નેબ્યુલાઈઝેશન તથા Multiparaની સુવિધા.
- ટાઈફોઈડ, ન્યુમોનીયા, ઝેરી મેલેરીયા, ડેન્ગ્યુ જેવા દરેક પ્રકારના તાવનું નિદાન તથા સારવાર.

પ્રસુતિ અને સ્ત્રીરોગ વિભાગ

- સીઝેરીયન ઓપરેશન ● વિડીયો લેપ્રોસ્કોપી સેન્ટર
- ગર્ભાશયની કોથળીના ઓપરેશન ● UII સેન્ટર
- સોનોગ્રાફી સેન્ટર ● વ્યંધત્વ નિવારણ કેન્દ્ર

૧૦૦૦૦ થી વધુ મંત્રજાપ સંખ્યા જે યુવાનો તથા વડીલોની છે તેમની ફોટા સાથે નામાવલી


વિમળાબેન આર. ભીમાણી
ભુટકેશ્વર - નડીયાદ
જાપ સંખ્યા - ૨૦૦૦૦


નંદાબેન એન. પટેલ
કોટડા-કચ્છ
જાપ સંખ્યા - ૧૦૧૬૮


જયશ્રીબેન એ. પટેલ
ગાયત્રીનગર - વડાલી
જાપ સંખ્યા - ૩૦૦૦૦


લક્ષ્મીબેન પી. પટેલ
વિષ્ણુ ટીમ્બર - T.N.
જાપ સંખ્યા - ૧૦૧૬૮


જીવાંબેન કે. નાકરાણી
નાના અંગીયા - નખત્રાણા
જાપ સંખ્યા - ૧૦૧૬૮


પાર્વતીબેન આઈ. પટેલ
નટવરપુરાલાટ-બાલાસિનોર
જાપ સંખ્યા - ૧૦૧૬૮


નિર્મળાબેન એમ. જબુઆણી
મમાયમોરા - માંડવી
જાપ સંખ્યા - ૩૦૦૦૦


શકુંતલાબેન બી. રાણા
ગંધ્રકવાડો - ખંભાત
જાપ સંખ્યા - ૧૦૧૬૮


કંચનબેન એસ. માકાણી
કોટડા (ચ.) ભૂજ
જાપ સંખ્યા - ૨૩૦૦૦


પાર્વતીબેન વી. પટેલ
કચ્છ
જાપ સંખ્યા - ૧૦૧૬૮


જશુબેન કે. ધોળુ
ખારઘર - મુંબઈ
જાપ સંખ્યા - ૧૫૦૦૦


રેણુકાબેન ટી. પટેલ
હરિપુરાકંપા - ધનસુરા
જાપ સંખ્યા - ૧૦૧૬૮


સુમિત્રાબેન એ. પટેલ
સુભાનપુરા - વડોદરા
જાપ સંખ્યા - ૧૦૧૬૮


સરલાબેન સી. પટેલ
શારદાપુરા - વડોદરા
જાપ સંખ્યા - ૧૦૧૬૮


કલ્પનાબેન એચ. ધોળુ
સીકાકંપા - ધનસુરા
જાપ સંખ્યા - ૫૦૦૦૦


દમયંતીબેન આર. પટેલ
મકરપુરા - વડોદરા
જાપ સંખ્યા - ૨૦૦૦૦


પાર્વતીબેન એમ. પટેલ
પટેલ ટીમ્બર - મ.પ્ર.
જાપ સંખ્યા - ૨૦૦૦૦


મિત્તલબેન કે. પટેલ
નાંદીસણકંપા - મોડાસા
જાપ સંખ્યા - ૧૦૧૬૮


ચંદ્રીકાબેન એસ. પટેલ
ગાયત્રીનગર - વડાલી
જાપ સંખ્યા - ૧૦૧૬૮


ઈન્દીરાબેન એ. પરમાર
શાંતિનગર - નરસંડા
જાપ સંખ્યા - ૧૦૧૬૮


પ્રભાબેન એસ. પટેલ
કોટડા (ચ.) ભૂજ
જાપ સંખ્યા - ૩૦૦૦૦


રીંકલબેન આર. સેંઘાણી
મેરાઉ - માંડવી
જાપ સંખ્યા - ૧૦૧૬૮


મંગળાબેન એન. પટેલ
દેશલપર - ભૂજ
જાપ સંખ્યા - ૧૦૧૬૮


ચંદ્રીકાબેન પી. પટેલ
હરિઓમ સોસા. - મોડાસા
જાપ સંખ્યા - ૧૦૧૬૮


સંજયકુમાર બી. પારસીયા
આણંદસર -નખત્રાણા
જાપ સંખ્યા - ૨૦૦૦૦


મહેન્દ્રભાઈ કે. અંધારીયા
ભાવનગર
જાપ સંખ્યા - ૩૦૦૦૦


લાલજીભાઈ એન. ભગત
નાશિક
જાપ સંખ્યા - ૧૦૧૬૮


દર્શનકુમાર સી. રાણા
દંતારવાડો - ખંભાત
જાપ સંખ્યા - ૧૦૧૬૮


છગનભાઈ કે. પટેલ
શીવમ્ પાર્ક - મોડાસા
જાપ સંખ્યા - ૧૦૧૬૮


જયેશભાઈ પી. પોકાર
વડાગામ- ધનસુરા
જાપ સંખ્યા - [illegible]

Registered under RNI No. GUJ - GUJ - 2012/42296. Dt. 18-05-2012.
Registered Under Postal Registration No. GAMC - 1830/2015-2017 By S.S.P. Ahmedabad City DN
Valid up to 31st December 2017. Posted on 15th Every Month from PSO Patrika Channal Ahmedabad - 380002.
દર માસની ૧૫ તારીખે પ્રસિધ્ધ થતું માસિક

નીતિસૂત્ર

- વિદ્વાન અને સદાચારી એક જ પુત્રથી સમગ્ર પરિવાર આનંદિત થઈ જાય છે, જેમ ચંદ્રમાં નીકળે ત્યારે રાત્રી પ્રકાશમાન થઈ જાય છે.
- શોકદાયક અને હૃદયને બાળનાર અનેક પુત્રોના ઉત્પન્ન થવાથી શું લાભ ? કુળને સહારો આપનાર એક જ પુત્ર ઉત્તમ છે. જેના આશ્રયમાં સમગ્ર પરિવાર સુખ ભોગવે છે.

●●●

રવાના :
સતપંથ પ્રકાશ
સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ - ૩૮૨ ૪૨૫.

To,

Printed, and Published by **SHAMJIBHAI K. PATEL on behalf of Satpanth Prakashan Samiti** and Printed at **Smruti Offset,** B/5, Ravi Estate, Rustom Mill Compound, Near Torrent Power, Near Water Tank, Dudheshwar, Ahmedabad - 380 004 and published from Satpanth Prakashan Samiti, Shri Satpanth Prernapith, At - PIRANA - 382 425, Taluka - Dascroi, Dist. Ahmedabad.
Editor - **SHAMJIBHAI K. PATEL**